ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 24 Date : 01-09-2026

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૧૯) |
| મિલિંદ બોકીલ | ૦૪ | મેંઢા ગામની વિશેષતા |
| કિરણ દેસાઈ | ૦૭ | 'બંધારણીય કટોકટી' : "કટોકટી અને તેમાં 'ભૂમિપુત્ર' - 'યજ્ઞ પ્રકાશન'ની ભૂમિકા" પુસ્તક સંદર્ભે કેટલાંક અવલોકનો - વિચારો |
| નેહા શાહ | ૦૯ | જ્યોં ડ્રીઝ : લોકોની વચ્ચે ચાલતા અર્થશાસ્ત્રીને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર |
| હરેશ ધોળકિયા | ૧૦ | લોકશાહીના અંગારાને ફૂંક મારતી અદ્‌ભુત ઘટના! |
| ભરતભાઈ જાંબુચા | ૧૨ | ભાવનગરમાં યોજાયેલ ભૂમિપુત્ર અમૃત મહોત્સવ : વાચક મિલન |
| ભદ્રા સવાઈ | ૧૪ | બાપુગીતિકાનાં સર્જક કલ્પનાબહેન |
| અતુલ રાવલ | ૧૫ | શિક્ષણનો દીપ પ્રગટાવનાર એક ગાંધીવાદી શિક્ષકને ચોથી પુણ્યતિથિ નિમિત્તે : દીવો હજી બળે છે |
| સંકલિત | ૧૭ | ભૂમિપુત્ર વર્ષ ૭૩ (૧૬-૯-૨૦૨૫ થી ૧-૯-૨૦૨૬)ની વિષયવાર સૂચિ |
| અશ્વિન ન. કારીઆ | ૨૦ | વિરોધનો અધિકાર અને કાયદાનું નિયંત્રણ |
| અરવિંદા પિલ્લામરી | ૨૧ | અમેરિકાના ૨૫૦મા સ્વાતંત્ર્ય દિને વિશેષ : જાહેર લાઈબ્રેરીએ મને શું શીખવ્યું |
| હિદાયત પરમાર | ૨૨ | દિવાસ્વપ્નથી વાસ્તવિકતા સુધી : શિક્ષણમાં ક્રાંતિનું ગિજુભાઈનું સ્વપ્ન |
| ડંકેશ ઓઝા | ૨૩ | રેશનાલિઝમના માર્ગના સહપંથીઓ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | પતંગ અને દોરી |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
Vol.73 Issue No.24 1964 Date : 01-09-2026
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૧૯)

❍ વિનોબા ❍

## આત્મતત્ત્વ અંગે વિવિધ (૨)

### આત્મા : સ્ત્રી-પુરુષ ભેદરહિત

કેટલાક દાર્શનિકોએ માન્યું છે કે જે આદિતત્ત્વ છે, તેમાં એક નહીં, બલ્કે બે તત્ત્વો છે – પ્રકૃતિ અને પુરુષ. વ્યાકરણમાં 'પ્રકૃતિ' શબ્દ સ્ત્રીલિંગ અને 'પુરુષ' શબ્દ એ પુલ્લિંગ છે. બસ, આ વાત લઈને દર્શનમાં પણ ઘણી બધી ગેરસમજ પ્રવર્તી રહી છે કે સ્ત્રી એ માયાની પ્રતિનિધિ છે અને પુરુષ એ આત્માનો પ્રતિનિધિ છે. પરંતુ હકીકતમાં તો પ્રકૃતિ અર્થાત્ જડ અંશ અને પુરુષ અર્થાત્ ચેતન અંશ. આપણું શરીર જડ છે અને આત્મા ચેતન છે. એટલા માટે સ્ત્રી-પુરુષ બંનેમાં બંને અંશ સમાન હોય છે. દેહતત્ત્વ એટલે કે જડ પ્રકૃતિ, અને આત્મતત્ત્વ અર્થાત્ ચૈતન્ય – આ બંને અંશ સ્ત્રી-પુરુષમાં સમાનપણે હોય છે.

આ એકદમ ભ્રામક વિચાર ચાલે છે કે સ્ત્રીના શરીરમાં આત્માનો અંશ ઓછો હોય છે અને શરીરનો અંશ વધુ હોય છે અને પુરુષના શરીરમાં આત્માનો અંશ વધારે અને શરીરનો અંશ ઓછો હોય છે. સ્ત્રી-પુરુષ બંનેમાં બંને અંશ સમાન હોય છે, જે ભેદ દેખાય છે તે બંનેનાં શરીરનો દેખાય છે અને આ ભેદ તો આપણે એના આકાર જોવા માત્રથી સમજી લઈએ છીએ. અંદર રહેલો માનવ-આત્મા તો એક જ છે. અને વાસ્તવમાં શક્તિનો મૂળ સ્રોત જે છે, તે ન તો સ્ત્રીના શરીરમાં હોય છે કે ન પુરુષના શરીરમાં હોય છે. એ પ્રચંડ શક્તિનો મૂળ સ્રોત અંતરાત્મામાં રહેલો હોય છે. આત્મા એ સ્ત્રી-પુરુષ ભેદ રહિત છે, આ આત્મા સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે.

### આત્મગુણોનું ચિંતન

વસ્તુતઃ આખા જગતમાં એક આત્મતત્ત્વ જ ચિરંતન છે. ગીતાના દસમા અધ્યાયમાં વિભૂતિઓનું વર્ણન કરતી વખતે ભગવાન એકદમ શરૂમાં જ કહે છે કે अहमात्मा गुडाकेश । આ મહાવિભૂતિમાં બાકીની બધી વિભૂતિઓનો સાહજિક સમાવેશ થઈ જાય છે. આપણને બાહ્ય વિભૂતિ-દર્શન કરવાથી જે આનંદ આવે છે, એનું કારણ પણ આ જ છે કે એમાં આત્માના ગુણ પ્રકટ થાય છે. જેમ કે સમુદ્રને જોઈને આત્માની ગંભીરતાનો ગુણ, કમળના પુષ્પને જોઈને આત્માની અલિપ્તતાનો ગુણ, રાતને જોઈને તેજસ્વિતાનો ગુણ, ચંદ્રમાને જોઈને આત્માની આહ્લાદકતાનો ગુણ, હિમાલયને જોઈને આત્માની સ્થિરતાનો ઇત્યાદિ આત્મભાવોના અનુભવ આવે છે અને માટે જ આપણને એમાં આનંદોપલબ્ધિ થાય છે. આપણને છપાયેલા અક્ષરો સુંદર લાગે છે, કેમ કે એમાં આત્માની વ્યવસ્થિતતાનો ગુણ પ્રકટ થાય છે અને વ્યવસ્થિતતા એટલે કે સમતા. હાથે લખાયેલ અક્ષર પણ સુંદર લાગે છે, કેમ કે એમાં આત્માની સ્વચ્છંદતા અને સ્વતંત્રતાના ગુણ પ્રકટ થાય છે. જ્યાં પણ યત્કિંચિત્ માત્રામાં પણ આપણને આત્મોપલબ્ધિ થતી હોય છે ત્યાં-ત્યાં સૌંદર્ય, સંતોષ, સમાધાન અને સુખ રહેલાં હોય છે.

આપણે આત્માના સૂક્ષ્મ ગુણોનો વિકાસ કરીએ. જેમ કે કારુણ્ય, વાત્સલ્ય, દયા – આ બધા આત્માના સ્વાભાવિક ગુણ છે. આત્મા સંકુચિત નથી, પણ વ્યાપક છે. આપણામાં જે ગુણો દ્વારા વ્યાપકતાનો અનુભવ આવતો હોય છે, તો તે આત્માના ગુણ છે. જે ગુણોથી મનુષ્ય સંકુચિત બને છે, વિકસવાને બદલે આત્મસંકોચ થાય છે, તો તે આત્માના ગુણ નથી. કારુણ્ય, સામ્ય, ઐક્ય, પ્રેમ, વાત્સલ્ય વગેરે ગુણો એવા છે જેનાથી માણસને विश्वानुभूति – सकलानुभूति થાય છે. આપણે આવા સૂક્ષ્મ ગુણોનું ધ્યાન વધારે કરતા રહેવું જોઈએ.

### આત્માનુભૂતિ

ગીતાના પાંચમા અધ્યાયમાં જીવન્મુક્ત પુરુષનું વર્ણન આવે છે. ગીતા કહે છે કે આપણે મર્યા પછી નહીં, પણ જીવતાં-જીવતાં જ અંતિમ અવસ્થાની અનુભૂતિ, આત્માનુભૂતિ મેળવી લેવાની છે. ગીતાના અનુસાર આ જ જીવનમાં આવા અનુભવ આવી શકે છે. આત્માનુભૂતિથી ચઢિયાતી બીજી કોઈ અનુભૂતિ નથી અને તે અનુભૂતિ આપણે અંદર જ લઈ લેવાની છે. આ આત્માનુભૂતિ એ કંઈ પારલૌકિક ધ્યેય નથી. પણ પ્રત્યક્ષતઃ આ જ જનમમાં એવો અનુભવ લેવાની વાત છે. આ વાતથી ધર્મનું સ્વરૂપ જ બદલાઈ જાય છે. જેમ કે બધા ધર્મોએ સ્વર્ગ અને નરકની કલ્પના દ્વારા નીતિને કાયમ સ્થાન આપ્યું છે. પરિણામે નરકના ડરથી અને સ્વર્ગની લાલચથી માણસ દુરાચારથી દૂર રહે છે અને સત્પ્રવૃત્તિ – સદાચારમાં રચ્યો પચ્યો રહેવાનું ઇચ્છે

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે. પરંતુ સ્વર્ગ-નરકવાળા આ નીતિશાસ્ત્રીય સિદ્ધાંત કરતાં પણ ગીતાનો સિદ્ધાંત શ્રેષ્ઠ છે. ગીતા જીવન્મુક્તનો આદર્શ રજૂ કરે છે, જે વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઘણો મહત્ત્વનો છે.

આત્માનુભવ અને ઈશ્વરનિષ્ઠા આ બધા જ સંતોમાં એકસમાન હોય તો પણ એના ત્રણ પ્રકાર હોય છે. આત્મા અનંત ગુણવાન છે અને પરમેશ્વર તો અનંત શક્તિઓથી સંપન્ન છે. તેથી આત્માનું આકલન અને ઈશ્વરની ભક્તિને એક જ પ્રકારે કેવી રીતે કરવાં શક્ય છે ? એક સામાન્ય એવો ઘઉંનો દાણો ! પણ એના પણ કેટકેટલા પ્રકાર હોય છે ? ઈશ્વરની ભક્તિ અને આત્માનુભવના અનેક પ્રકાર હોય તો એમાં આશ્ચર્ય જેવું શું છે ?

### આત્મા : બુદ્ધિથી પર તેવું તત્ત્વ

કામ રૂપી શત્રુએ મનુષ્યને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. અને મનુષ્યની કામવિજયની પ્રક્રિયા જાણે લડાઈની જ પ્રક્રિયા છે. સૌથી પહેલાં આપણે એ જાણી-સમજી લેવું જોઈએ કે કયા શત્રુએ કઈ કઈ જગ્યા પર પોતાના અડ્ડા જમાવી દીધા છે. ગીતા કહે છે, ઇંદ્રિયો, મન, બુદ્ધિ - આ એકની અંદર એક એવા ત્રણ કિલ્લા છે. પહેલો ગઢ છે તે ઇંદ્રિયોનો છે, બીજો ગઢ મનનો અને ત્રીજો કિલ્લો એ બુદ્ધિનો છે. માટે પહેલો હુમલો ઇંદ્રિયો પર કરવાનો છે. પરમાર્થ મંદિરમાં પ્રવેશવા માટે ઓછામાં ઓછું જે કરવાનું છે તે એ કે આપણે ઇંદ્રિયોને કાબૂમાં લઈ લેવાની છે. ઇંદ્રિયો એક વાર આપણા વશમાં આવી જાય પણ તેનાથી મન અને બુદ્ધિમાંથી કામ હટી જશે એવું ન કહી શકાય. એ કામ તો ત્યાં રહીને અંદરઅંદર જ વધારે સતાવ્યા કરશે. પરંતુ તેની સ્થિતિ કોટડીમાં કેદ, શત્રુ સમાન હશે. મન અને બુદ્ધિના પોતપોતાના દુર્ગ છે, એટલા માટે એને બુદ્ધિ દ્વારા જીતી ન શકાય. પરંતુ આપણી પાસે બુદ્ધિથી પર એક શક્તિ રહેલી છે - यो बुद्धेः परतस्तु सः (ગીતા : 3:42) અને તે છે આત્મા. એટલા માટે આપણે આત્મજ્ઞાન અને આત્મચિંતન દ્વારા જ કામ પર અંતિમ વિજય મેળવવાનો રહેશે. નીતિ-શાસ્ત્રના જાણકારો કહે છે કે કામને લીધે જ મનુષ્યને પ્રેરણા મળે છે. અને જો તે કોઈ ને કોઈ રૂપમાં ત્યાં નહીં રહે તો પ્રેરણા જ મળશે નહીં, પરંતુ કામમાં આ જે પ્રેરણારૂપ ચૈતન્યનું આરોપણ કરવામાં આવે છે, તે ખોટું છે. કામના એ કેવળ વૃત્તિ છે, એમાં ચૈતન્ય નથી. આત્મા ચૈતન્ય છે અને એ આત્મામાં સ્ફૂર્તિનો સ્રોત ભરેલો પડ્યો છે.

### આત્મશુદ્ધિ

આમ તો તપ, સ્વાધ્યાય અને ઈશ્વરભક્તિ, આ ત્રણેય આત્મ-શુદ્ધિનાં સાધન છે. તપ દ્વારા મુખ્યત્વે શરીરની શુદ્ધિ, સ્વાધ્યાય દ્વારા વાક્-શુદ્ધિ અને ભક્તિ દ્વારા ચિત્તશુદ્ધિ થઈને છેવટે ત્રણેય ભેગાં થઈને પોતપોતાનું જોર લગાવે છે તો માણસની સંપૂર્ણ આત્મશુદ્ધિ થાય છે. એટલા માટે પ્રાધાન્યેન વ્યપદેશ: ને ન્યાયે મોટા રૂપે જોવા જઈએ તો તપને કાયિક, સ્વાધ્યાયને વાચિક અને ભક્તિને માનસિક તપ કહી શકાય. આપણે શરીર-શુદ્ધિના કાર્યને પ્રાથમિક અગ્રીમતા માની લઈએ તો એનો એ અર્થ ન થાય કે પૂર્ણ શરીર-શુદ્ધિ વગર વાક્-શુદ્ધિ અથવા ચિત્ત-શુદ્ધિના કોઈ પ્રયત્ન જ ન કરીએ. ત્રણેય પ્રયત્ન એકસાથે થવા જોઈએ, તપ દ્વારા શરીર-શુદ્ધિ અને સ્વાધ્યાય દ્વારા વાક્-બુદ્ધિ કરવાના પ્રયત્નોની સાથે જો ઈશ્વરાર્પણ બુદ્ધિ અથવા ભક્તિ દ્વારા આપણું ચિત્ત શુદ્ધિ કરવા તરફ ધ્યાન નહીં રહે, તો આ શરીર-શુદ્ધિ અને વાક્-શુદ્ધિને 'શુદ્ધિ'નું સ્વરૂપ ન રહેતાં એને 'સિદ્ધિ'નું રૂપ પ્રાપ્ત થઈ જાય છે. અને હમેશાં આ સિદ્ધિઓ ઉપાસનામાં સહાયતા આપનાર સાધક ન રહેતાં વિઘ્નરૂપ બાધક બનવાની પણ સંભાવના રહે છે.

આત્મશુદ્ધિ દ્વારા વિજાતીય દ્રવ્યને કાં તો બહાર ફેંકવામાં આવે છે, કાં સજાતીય બનીને આત્મસાત્ થતું હોય છે. સત્યાગ્રહ એ આત્મશુદ્ધિનો પ્રયત્ન છે. તે ભૌતિક શકિત નથી અને માનસિક શક્તિ પણ નથી. તે એક આધ્યાત્મિક શક્તિ છે. સત્યાગ્રહ શરીર-શક્તિ પ્રધાન નહીં, પણ આત્મશક્તિ પ્રધાન છે.

### સ્થિતપ્રજ્ઞની સિદ્ધાવસ્થા

સ્થિતપ્રજ્ઞ અને ધ્યાનયોગીની સમાધિમાં અંતર છે. ઓપરેશન થઈ રહ્યું છે, તે સમયે ધ્યાનયોગી ઓપરેશનને ભૂલી જઈને સમાધિમાં લીન થઈ જાય છે અને સ્થિતપ્રજ્ઞ એકદમ સચેત રહીને ઓપરેશનનો અનુભવ કરે છે. ધ્યાન-યોગના સાધકને જ્યારે વિશ્વનું ભાન હોય છે,

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૧૯) |
| મિલિંદ બોકીલ | ૪ | મેંઢા ગામની વિશેષતા |
| કિરણ દેસાઈ | ૭ | બંધારણીય કટોકટી : કટોકટી અને તેમાં 'ભૂમિપુત્ર' -યજ્ઞ પ્રકાશનની ભૂમિકા |
| નેહા શાહ | ૯ | જોં ડ્રીઝ : લોકોની વચ્ચે ચાલતા અર્થશાસ્ત્રીને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર |
| હરેશ ધોળકિયા | ૧૦ | લોકશાહીના અંગારાને ફૂંક મારતી અદ્દ્ભુત ઘટના! |
| ભરત જાંબુચા | ૧૨ | ભાવનગરમાં યોજાયેલ અમૃત મહોત્સવ અને વાચક મિલન |
| ભદ્રા સવાઈ | ૧૪ | બાપુ ગીતિકાનાં સર્જક કલ્પનાબહેન |
| અતુલ રાવલ | ૧૫ | દીવો હજી બળે છે |
| સંકલિત | ૧૭ | ભૂમિપુત્ર વર્ષ-૭૩ની વિષયવાર સૂચિ (૧૬-૯-૨૦૨૫ થી ૧-૯-૨૦૨૬) |
| અશ્વિન કારીઆ | ૨૦ | વિરોધનો અધિકાર અને કાયદાનું નિયંત્રણ |
| અરવિંદા પિલ્લામરી | ૨૧ | અમેરિકાના ૨૫૦મા સ્વાતંત્ર્યદિને વિશેષ : જાહેર લાઈબ્રેરીએ મને શું શીખવ્યું |
| હિદાયત પરમાર | ૨૨ | દિવાસ્વપ્નથી વાસ્તવિકતા સુધી : શિક્ષણમાં ક્રાંતિનું ગિજુભાઈનું સ્વપ્ન |
| ડંકેશ ઓઝા | ૨૩ | રેશનાલિઝમના માર્ગના સહપંથીઓ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | પતંગ અને દોરી |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ત્યારે તેને આત્માનું ભાન રહેતું નથી. અને જો આત્માનું ભાન રહેશે, તો ત્યારે વિશ્વનું ભાન નહીં રહે. સ્થિતપ્રજ્ઞની અવસ્થા સિદ્ધાવસ્થા છે. તે વિશ્વનું દર્શન કરતાં કરતાં આત્માનું દર્શન કરે છે અને આત્માનું દર્શન કરતાં કરતાં વિશ્વનું દર્શન કરે છે. સ્થિતપ્રજ્ઞનો બહાર-ભીતર સર્વત્ર એકાત્મભાવ રહેતો હોય છે અને વિશ્વનાં સતત બદલાતાં જતાં અનંત રૂપોમાં કેવળ એક આત્મા જ દેખાઈ પડે છે. દુનિયામાં આકાર-પ્રકારના ભેદ છે પરંતુ સ્થિતપ્રજ્ઞ તો એક અંતસ્તત્ત્વને જ ઓળખે છે, જેમાં કોઈ પણ પ્રકારનો ભેદ હોતો નથી.

### आत्मन् :

આત્મન્ શબ્દની વ્યુત્પત્તિ ચાર રીતે કહેવામાં આવી છે. એક શ્લોકમાં એનો આ રીતે સંગ્રહ કરવામાં આવ્યો છે -

'यदाप्नोति यदादत्ते यच्चाति विषयानिह ।
यच्चास्य संततो भावः तस्मादात्मेति कीर्त्यते ।।

અહીં આ ચાર વ્યુત્પત્તિઓ જણાવાઈ છે - 'आप्' व्याप्तौ, 'आ + दा' आदाने, 'अद्' भक्षणे, 'अत्' सातत्यगमने - મને આ ચારેય વ્યુત્પત્તિઓ કાલ્પનિક લાગે છે. એમાં સૌથી છેલ્લી વ્યુત્પત્તિ થોડીક વાસ્તવિકતાથી નજીક હોય તેમ કહી શકાય. વાસ્તવમાં, મારા મત પ્રમાણે આત્મા શબ્દ 'आत्' ધાતુનું રૂપ છે. 'आत्' એ પૂર્વવૈદિક ધાતુ છે. એનો સંસ્કૃત ભાષામાં લોપ થઈ ગયો છે. 'आत्'નો અર્થ મૂળભૂત રીતે 'अस्' અને 'भू' ની વચ્ચેનો છે. જોકે આ અર્થભેદનો આગળ લોપ થઈ ગયો છે, પણ વિચારની દૃષ્ટિથી તે મહત્ત્વનું છે. 'अस्' અર્થાત્ 'કેવળ હોવું' - નિર્ગુણ. 'भू' અર્થાત્ વિવિધ ભાવયુક્ત 'બનવું' - સગુણ. 'आत्' અર્થાત્ 'થઈ શકનાર હોવું' - વચ્ચેની સ્થિતિ, એટલે સગુણગર્ભ નિર્ગુણ. 'आत्मन्'નો સાથી 'भूमन्' એક પરમાત્મવાચક શબ્દ છે જે ઉપનિષદોમાં આવે છે. એ બંનેનો સ્થૂળ રૂપે તો એક જ અર્થ છે. બારીકાઈથી જોઈશું તો 'भूमन्' શબ્દ તુલનામાં સગુણ છે.

### આત્મપ્રયત્નવાદી

દર્શનોમાં જે આસ્તિક - નાસ્તિક ભેદ છે, તે આત્માના અસ્તિત્વને માનવા કે ન માનવાના વિચારથી પેદા થયા છે. આસ્તિક કે નાસ્તિક નહીં બલ્કે, તે એક આત્મપ્રયત્નવાદી છે, બીજા આત્મપ્રયત્નની જ્યાં પરાકાષ્ઠા હોય છે, ત્યાં મદદ માટે ઈશ્વરની અપેક્ષા રાખનાર છે. બંને પ્રયત્નવાદી છે. પરંતુ એક પ્રયત્નવાદી, પ્રયત્નવાદમાં જ સમાપ્ત કરે છે અને બીજો પ્રયત્નવાદી અંતે પરમેશ્વરની કૃપા મેળવવાની વાત કરે છે. એક આત્મા પર નિર્ભર છે, બીજો પરમેશ્વરની કૃપાનું આવાહન કરનાર છે. જે નાસ્તિક છે તે કહે છે કે ઈશ્વર નથી. પરંતુ ઈશ્વરની ખૂબી એ છે કે જે કાંઈ શૂન્ય છે તે પણ ઈશ્વરનું જ રૂપ છે. જેણે માન્યું કે ઈશ્વર નથી, એણે ઈશ્વરના શૂન્યરૂપને તો માન્યું જ છે. તો, જે નાસ્તિક છે તે પણ આસ્તિક છે. બસ ફરક એટલો જ છે કે તે શૂન્યરૂપને માને છે.

### આત્મા-અર્પિત ચિત્ત

ચિત્તને આત્માને અર્પિત કરવાની વાત ભગવાન કરે છે. આજે તો આપણું ચિત્ત આત્માને નહીં, પણ આ દુનિયાને અર્પિત છે. 'આવી, જાઓ, આ ઘર તમારું' - ચિત્તમાં કોઈ પણ વિચાર આવી શકે છે, ઘૂસી શકે છે, એટલે કે અભિક્રમ આપણા હાથમાં નહીં પણ દુનિયાના હાથમાં રહે છે. હવે અહીં સમજવું જોઈએ કે આખી દુનિયાભરની વસ્તુઓ આપણા હાથમાં નથી. જે વસ્તુ આપણા હાથની છે તે ચીજ છે - પોતાનું ચિત્ત, એ તો આપણે ગુમાવી દીધું છે અને જે વસ્તુ આપણા હાથમાં નથી, એને લેવા બેસીએ છીએ તો પછી ક્યાંથી શાંતિ મળશે? જ્યારે ચિત્ત આત્માને અર્પણ થશે ત્યારે શાંતિ મળશે. ત્યારે તે સત્ત્વગુણ દ્વારા પરિપુષ્ટ થશે. અને તે ધર્મ-જ્ઞાન-વૈરાગ્યની સાથે ઐશ્વર્યને પણ પ્રાપ્ત કરશે.

### સૃષ્ટિ-મન, આ બંનેથી ભિન્ન આત્મા

સૃષ્ટિનું મન બન્યું છે કે મનની સૃષ્ટિ બની છે, આ પ્રકારની ચર્ચા લોકો કર્યા કરતા હોય છે. યૂરોપનાં દર્શનોમાં એક પંથ એવો હતો કે જે કહેતો હતો કે આ આખી સૃષ્ટિ મનથી બની છે. એના વિરોધમાં માર્કસે કહ્યું કે સૃષ્ટિથી જ મન બન્યું છે. સૃષ્ટિનું મન ભલે ને બન્યું હોય, તેમ છતાં પણ સૃષ્ટિ અને મન, આ બંનેને આકાર આપનારી એક ત્રીજી જ વસ્તુ છે, અને તે છે આત્મા. તે સૃષ્ટિ અને મન, બંનેથી ભિન્ન છે.

ભાગવતમાં હંસગીત પ્રકરણમાં આ પ્રશ્ન પુછાયો કે આ ત્રિગુણાત્મક સૃષ્ટિથી ચિત્ત બન્યું છે કે આ ચિત્તથી ત્રિગુણાત્મક સૃષ્ટિ બની છે ? અને ત્યાં ભગવાન હંસરૂપે જવાબ આપે છે કે એ બંને બિંબ-પ્રતિબિંબ છે. એની અસર આની પર પડે છે અને આની અસર એના પર પડે છે. બંનેની પરસ્પર અસર પડે છે. પરંતુ સમજવાની વાત તો એ છે કે આપણે આ બંનેથી અલગ છીએ. આપણે (આત્મા) ત્રીજા જ છીએ. માર્કસ આ ત્રીજાને જાણતો નથી. મોટાભાગે આ ત્રીજાની ઓળખાણ જ થતી નથી. અને આખો મામલો ત્યાં રોકાયેલો જોવા મળે છે. મન અને બહારની સૃષ્ટિ, આ બંને બહાર છે. કોની કોના પર અસર થાય છે, આ વસ્તુ ગૌણ છે. મહત્ત્વનું સમજવાનું એ છે કે આત્મા આ બંનેથી ભિન્ન છે.

સ્વાધ્યાય અર્થાત્ આત્મસ્વરૂપ શું છે, તે ઓળખવા માટે સત્પુરુષોની વાણી વગેરેનું અધ્યયન કરવું. પોતાને ઓળખવું - હું કોણ છું, મારે ક્યાં જવાનું છે, તે કેટલું દૂર છે, આ આપણા સ્વાધ્યાયનો મુખ્ય વિષય છે. સ્વાધ્યાય એટલે પોતાનું, નિજનું અધ્યયન કરવું, આત્મરૂપ ગોચર (ઇંદ્રિય-ગમ્ય) થાય તે માટે અર્થભાવનપૂર્વક નામ લેવું, મંત્ર વગેરેનો જાપ કરવો અને પારમાર્થિક ગ્રંથોનું નિત્ય-પરિશીલન કરવું.

(ક્રમશઃ)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મેંઢા ગામની વિશેષતા

(તા. ૧/૮/૨૦૨૬ના ભૂ.પુ.માં આપણે મેંઢા લેખા અંગેના પુસ્તક 'મેંઢા ગામની વાત'ના વિમોચન અંગે લેખ આપ્યો છે, (પાન-૧૭) આ પુસ્તકનું એક પ્રકરણ 'મેંઢા ગામની વિશેષતા' અહીં પ્રસ્તુત છે.)

## ■ પરિવારની ભાવના

વિનોબાએ ગ્રામ સ્વરાજ્યનો વિચાર મૂકતી વખતે અપેક્ષા વ્યક્ત કરી હતી કે ગામ એક પરિવાર બને – એટલે, જેમ આપણે પરિવાર સાથે વર્તીએ છીએ, તેમ ગામ સાથે વર્તવું. આ અપેક્ષા ફક્ત ભવિષ્ય માટે જ નહીં, તે ઇતિહાસ પણ છે. આપણાં ગામડાં ભલે જાતપાતથી તૂટેલાં હોય, પરંતુ હજી સુધી અહીં પરિવારભાવ જીવંત રહ્યો છે. ગામના લોકો શહેરમાં આવતા, ત્યારે સંયુક્ત પરિવારની જેમ રહેતા. પિયરના ગામની કોઈ વ્યક્તિ આવે, તો સાસરિયામાં રહેલી સ્ત્રીને લાગતું કે જાણે તેનો ભાઈ આવ્યો !

આજે પણ આ ભાવના સંપૂર્ણપણે મટી નથી, પરંતુ કેટલીક જગ્યાએ ગામની આંતરિક ફૂટે અને જ્ઞાતિવાદે તેમાં ઓટ આવી છે. મેંઢામાં એવું નથી થયું. ત્યાંના લોકો ગામને એક મોટો પરિવાર માને છે અને જેમ પરિવારમાં વર્તે છે, તેમ ગામમાં વર્તે છે. ગામમાં ચોરી નથી થતી. પોતાના ઘરમાં કોણ ચોરી કરે ? ગામ-પરિવારની ભાવના મેંઢાવાસીઓને ફક્ત માનસિક આધાર અને સ્નેહ જ નથી આપતી, રાજકીય શક્તિ પણ આપે છે.

કોઈ પણ નિર્ણય ગામને પૂછીને લેવાય છે, એથી વ્યક્તિને અને સમાજને શક્તિ મળે છે. તાલુકા કે જિલ્લાના કસ્બામાં જ્યારે મેંઢાની કોઈ વ્યક્તિને નિર્ણય લેવાનો પ્રસંગ આવે છે, ત્યારે તે કહે છે, ''હું ગામને પૂછીશ.'' એકલા નિર્ણય લેવાની સમસ્યા તેની સામે ઊભી થતી નથી. સમૂહ માટે પણ આવું જ છે. સરકારી અધિકારીઓ જ્યારે લોકોને નિયમોની જાળમાં ફસાવવા કે દબાણ કરાવવા માંગે છે, ત્યારે આ વાત તેમને બળ આપે છે.

દેવાજી જેવા નેતાઓ જ્યારે બહાર કોઈ બેઠકમાં જાય છે, ત્યારે તેમને પણ આથી આધાર મળે છે કે ''હું એકલો નથી, આખું ગામ મારી સાથે છે. ગામ મારા વિરુદ્ધ કે મારી પાછળ કંઈ નહીં કરે. સંકટની ઘડીએ ગામ મને સાથ આપશે.'' – આ અનુભૂતિ દરેક વ્યક્તિને બળ આપે છે. આવી માનસિક દૃષ્ટિથી શક્તિશાળી વ્યક્તિઓના સમૂહને પણ શક્તિ મળે છે. મેંઢાની તાકાતનું રહસ્ય એમાં જ છે.

## ■ અભ્યાસ મંડળની ભૂમિકા

મેંઢાની એક બીજી વિશેષતા એ છે કે ગ્રામવિકાસ અને ગ્રામ-પ્રશાસનની પ્રક્રિયાને જ્ઞાનનું પીઠબળ આપવું.

ગ્રામવિકાસની કે ગામને આદર્શ બનાવવા માટેની પ્રક્રિયાઓ આપણે ઘણી જોઈ છે. ક્યારેક કોઈ કર્મઠ કાર્યકરને કારણે, ક્યારેક કોઈ આદર્શવાદી શિક્ષકને કારણે, ક્યારેક ગામલોકોની સ્વપ્રેરણાથી. તેમાં ગામલોકોની એકતા દેખાય છે. મેંઢામાં એકતા છે જ પણ દેવાજી અને મોહનના કારણે અને મેંઢા સાથે જોડાયેલા બીજા અભ્યાસુ, કાર્યકરો અને હિતચિંતકોના કારણે અભ્યાસ, વિચાર અને જ્ઞાનથી શક્તિ મેળવવાની પ્રક્રિયા ઊભી થઈ છે.

મેંઢાની પૂર્વ પેઢી નિરક્ષર – અશિક્ષિત હતી. દેવાજી પોતે ફક્ત ચોથા ધોરણ સુધી ભણેલા છે. પરંતુ ''કામને વિચારની બુનિયાદ જોઈએ'' – આ વાત તેઓ ઊંડાણથી સમજે છે. મેંઢાના બીજા લોકોમાં પણ આ સમજ છે. બધાએ રાજકીય વિચારોનો અભ્યાસ નથી કર્યો, છતાં દરેકમાં કોઈ ને કોઈ વિશેષતા હોય છે. દા.ત. શિવરામ દુગ્ગાને જંગલની વનસ્પતિઓમાં ઊંડો રસ છે. આ વિષયમાં તેમને વિદ્વાન માનવામાં આવે છે.

'કલ્પવૃક્ષ' સંસ્થા તરફથી નીમા પાઠક લગભગ એક વર્ષ સુધી વનસ્પતિઓના અભ્યાસ માટે આવતાં હતાં, ત્યારે શિવરામ તેમની સાથે રહેતા અને તેમની મદદથી એ અભ્યાસ પૂર્ણ થયો. જૈવવૈવિધ્ય રજિસ્ટર બનાવવાનું કામ ચાલી રહ્યું હતું, ત્યારે પ્રભુદાસ તોફા, ગણપત તોફા, નંદા અને ચરણદાસ તોફા, સંગીતા તોફા, રવીન્દ્ર કોરેટી, નિરુતા દુગ્ગા, સુરેશ કોરેટી, શંકર દુગ્ગા, દેવાનંદ દુગ્ગા, વનંતી દુગ્ગા – મેંઢાનાં આ લોકો તેમાં સામેલ થયાં હતાં.

દુક્કૂ તોફા, જેમને ''દુક્કૂ કાકા' કહે છે, નિરક્ષર છે, પરંતુ અભ્યાસ અને અવલોકનના કારણે તેઓ કોઈ પણ વિચારને સમગ્ર દૃષ્ટિકોણથી જોઈ શકે છે. સોમજી દરો ભૂતપૂર્વ સરપંચ છે. તેમને ગ્રામપંચાયતના કામકાજનો સારો અનુભવ છે. તારાબાઈ આતલા મહિલાઓ વિશે પોતાની સ્વતંત્ર વિચારધારા ધરાવે છે. નરેશ કુમોટી ''ગોટૂલ કમિટી''નો અધ્યક્ષ છે. દીપક દુગ્ગા અને પુષ્પા કોરેટી, છોકરાઓ અને છોકરીઓની સમિતિઓનું કામ જુએ છે.

અગાઉ જણાવ્યું છે તેમ, અભ્યાસ મંડળ કોઈ ઔપચારિક વ્યવસ્થા નથી. મેંઢામાં કોઈ પણ કલમ અને નોટબુક લઈને અભ્યાસ કરવા બેસતું નથી. દર પંદર દિવસે અભ્યાસવર્ગ થાય, એવું પણ નથી. પરંતુ બધાંને ભાન છે કે ''જે કંઈ કરવું છે, તેની પાછળ વિચાર જોઈએ.'' હવે મેંઢામાં ''વિજ્ઞાન-ગોટૂલ''ની કલ્પના મૂકવામાં આવી છે. તેમાં જ્ઞાન-વિજ્ઞાનના





YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આધાર પર નવી સામાજિક રચના ઘડવાની વાત છે. સ્વ. ડૉ. નંદન કાલબાગે પુના જિલ્લાના પાબલમાં ''વિજ્ઞાન-આશ્રમ''ની સ્થાપના કરી હતી; ગામનાં યુવક-યુવતીઓમાં જ્ઞાન આધારિત કુશળતાઓ વિકસાવવાનો તેની પાછળ હેતુ હતો.

વંચિત જૂથોનું આ પ્રકારનું જાગૃત થવું, એ તેમની ક્ષમતા (સશક્તિકરણ)નું લક્ષણ છે. બ્રાઝિલના કાર્યકર અને વિચારક પાઉલો ફ્રેરે - જેમનું કાર્ય વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ થયું છે - તેમણે આ વિચારનો વિશાળ પ્રચાર કર્યો છે. વંચિત લોકોને પોતાની સ્થિતિનાં કારણોનું ચોક્કસ જ્ઞાન મળી જાય, તો તેમના વિચારોમાં જબરદસ્ત ફેરફાર આવે છે અને પછી એ જ્ઞાનના આધાર પર તેઓ આગળ વધવા માટે સક્ષમ બને છે. જ્ઞાન મેળવવાની આ પ્રક્રિયા સમૂહની આંતરિક જિજ્ઞાસા અને પોતાની પરિસ્થિતિના વિશ્લેષણથી શરૂ થાય છે. એટલે કે, તેમને એનું જ્ઞાન આપવાની જરૂર નથી; યોગ્ય પ્રેરણા મળી જાય તો તેઓ પોતે જ જ્ઞાન મેળવી શકે છે.

જ્ઞાનના આધાર પર થયેલું કામ વધુ અસરકારક બને છે, એ કાર્ય પરથી લોકો શીખે છે. એટલે જ્ઞાન-કાર્ય-જ્ઞાનનું એક ચક્ર રચાય છે. આ પ્રક્રિયા સીધી રેખામાં આગળ વધતી નથી, પરંતુ ઉપર જતી વર્તુળાકાર સીડીઓ જેવી છે. તેના દરેક પગથિયે લોકો વધુ ઉન્નત અને સમજદાર બનતા જાય છે. મેંઢામાં આ થયું છે. આ પ્રક્રિયાનું દર્શન કોઈ મ્યુઝિયમ કે સંગ્રહાલયમાં નથી થઈ શકતું. પરંતુ મેંઢામાં બનેલી વિવિધ ઘટનાઓ જોઈને અને લોકો એ સમયે કેવી રીતે વર્ત્યા તે જોઈને આપણે આ નિષ્કર્ષ કાઢી શકીએ છીએ. માત્ર આજે જ નહીં, બધા જ કાળખંડોમાં જ્ઞાન સશક્તિકરણનું શ્રેષ્ઠ સાધન રહ્યું છે. તેનું સ્વરૂપ અલગ-અલગ હોઈ શકે છે - ક્યારેક માહિતી, ક્યારેક વિચાર, ક્યારેક અભ્યાસ, ક્યારેક દર્શન, ક્યારેક વિશ્લેષણ સ્વરૂપ. સ્વરૂપ કંઈ પણ હોય, સાધન તો ફક્ત જ્ઞાન જ છે. મેંઢા ગામ આપણને એ જ શીખવે છે.

## ■ નક્સલવાદ વિરુદ્ધ અહિંસક પ્રક્રિયા

મેંઢાની આ સમગ્ર પ્રકિયા અહિંસક છે એ જણાવવાની જરૂર નથી. અહિંસાનું સર્વકાલિક મહત્ત્વ કોઈ પણ વિચારધારાથી પર છે. ખાસ કરીને ગઢચિરોલી જિલ્લાની આજની પરિસ્થિતિમાં તેનું વિશેષ મહત્ત્વ છે. આપણે બધાં જાણીએ છીએ કે ગઢચિરોલી જિલ્લામાં માઓવાદી કે નક્સલી જૂથોની હિંસક અથડામણો મોટા પાયે ચાલુ રહે છે. એવું એક પણ અઠવાડિયું પસાર થતું નથી, જ્યારે માઓવાદી હિંસાની કોઈ ખબર ન આવે. કેટલાય પ્રકારની હિંસા થતી રહે છે - ક્યારેક કોઈ આદિવાસીને પોલીસનો જાસૂસ ગણાવીને હત્યા કરવામાં આવે છે, ક્યારેક કોઈ પુલને બોમ્બથી ઉડાવી દેવામાં આવે છે, ક્યારેક સરકારી મિલકતને નુકસાન પહોંચાડવામાં આવે છે, તો ક્યારેક સીધો પોલીસ પર હુમલો થાય છે. માઓવાદીઓ જ્યારે 'બંધ' જાહેર કરે છે, ત્યારે જનજીવન ઠપ થઈ જાય છે. ગઢચિરોલીના દક્ષિણ-પૂર્વ ક્ષેત્ર પર હંમેશાં દબાણ અને આતંકનો પડછાયો છવાયેલો રહે છે, જ્યાં પોલીસ અને શાસનતંત્ર લાચાર દેખાય છે.

માઓવાદીઓની સમસ્યા કેવી રીતે ઊભી થઈ અને તેનો કેવી રીતે સામનો કરવો, એ આ પુસ્તકનો વિષય નથી. અનેક પુસ્તકોમાં આ ચર્ચા થઈ ચૂકી છે. સમાચાર માધ્યમોમાં પણ ચર્ચા થતી રહે છે. આ વિષયનો અભ્યાસ કરીને ડૉ. ગોવિંદ ગારેએ ''નક્સલવાદી આણી આદિવાસી'' (નક્સલવાદી અને આદિવાસી) નામનું પુસ્તક (૨૦૦૩) મરાઠીમાં લખ્યું છે. ગારે પોતે આદિવાસી હતા અને મહારાષ્ટ્ર સરકારના આદિવાસી સંશોધન તથા તાલીમ સંસ્થાના ઘણાં વર્ષો સુધી સંચાલક હતા. તેઓ આઈ.એ.એસ. પણ રહ્યા. સરકારી નોકરીમાં હોવાથી તેઓ પોતાના વિચારો સ્પષ્ટ કહી શકતા નહોતા. પરંતુ નિવૃત્તિ બાદ તેમણે પુસ્તક લખ્યું. પુસ્તકની પ્રસ્તાવનામાં તેઓ લખે છે કે નક્સલવાદ આદિવાસીઓની માનસિકતા નથી; તેમનું આચરણ, વર્તન અને સ્વભાવ પણ અલગ છે. પરંતુ અન્યાય, અત્યાચાર અને શોષણના કારણે તેઓ આ માર્ગે વળે છે.

આ પુસ્તક મુખ્યત્વે અખબારોમાં પ્રકાશિત થયેલી ખબરો પર આધારિત છે. છતાં પણ, પોલીસ અને નક્સલી આતંક વચ્ચે આદિવાસી જનતા કેવી રીતે પિસાઈ રહી છે, તેનું વર્ણન ગોરેએ કર્યું છે. ટીમરુંપત્તાના કોન્ટ્રાક્ટર અને પેપર મિલના માલિક તેમજ રાજ્યના વર્તમાન અને પૂર્વ ધારાસભ્યો સાથે પણ નક્સવાદીઓના ઘનિષ્ઠ સંબંધો છે, આ હકીકત તેમણે બહાર પાડી છે અને કેટલાંક ઉદાહરણો પણ આપ્યાં છે. નક્સલવાદીઓને કાબૂમાં લેવા હોય, તો આદિવાસીઓના જંગલ-જમીન સંબંધિત મુખ્ય પ્રશ્નો ઉકેલવા જોઈએ અને તેના માટે ''આમચા ગાવાત આમચા રાજ'' (અમારા ગામમાં અમારું રાજ) જેવાં આંદોલનોને મદદ કરવી જોઈએ - આ ગારેનો નિષ્કર્ષ છે. **(અહીં રજૂ થયેલ વિચારો જે તે લેખકના પોતાના છે. નક્સલવાદ સંદર્ભે વધુ વિગતો જાણવા-સમજવા માટે યજ્ઞ પ્રકાશનનાં બે પુસ્તકો ઉલ્લેખનીય છે - ૧. નક્સલવાદ અને સર્વોદય - લેખક : કાન્તિ શાહ ૨. વિકાસની વિકરાળતા અને આદિવાસીઓની કરુણ દાસ્તાન. લેખક : રજની દવે.)**

હાલમાં ચંદ્રપુરના પત્રકાર દેવેન્દ્ર ગાવંડેએ પોતાના પુસ્તક ''नक्षलवादाचे आव्हान : दंडकारण्यातील अस्वस्थ वर्तमान'' (નક્સલવાદનો પડકારઃ દંડકારણ્યનું અશાંત વર્તમાન)માં આ વિષયની ચર્ચા કરી છે (૨૦૧૧). ગાવંડે ચંદ્રપુરના પત્રકાર છે, તેથી આ વિષય પર સતત લખતા રહ્યા હતા. ૨૦૧૦માં તે વિસ્તારમાં ફરીને તેમણે વિશેષ અભ્યાસ કર્યો હતો. પૂનાના ''સાધના'' સાપ્તાહિકમાં તેમણે એક કોલમ ચલાવી હતી જેનું આ પુસ્તક સ્વરૂપ છે.

ગાવંડેએ નક્સલવાદ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી છે- નક્સલી આંદોલનનું સ્વરૂપ, નક્સલવાદી હિંસા, નક્સલવાદી કેવી રીતે આતંક ફેલાવે છે, કેવી રીતે વિકાસ-કાર્યોને અટકાવે છે, શાસકીય તંત્ર કેવી રીતે ભૂલો કરે છે, નક્સલવાદી હિંસાના કારણે સ્થાનિક આદિવાસીઓ, ખાસ કરીને યુવાનો અને યુવતીઓની કેવી દુર્દશા થાય છે વગેરે. એક સમયમાં નક્સલી આંદોલન બંગાળમાં શરૂ થયું, ત્યારે તેનો ઉદ્દેશ પીડિત-વંચિત જૂથો પર થતા અન્યાયને દૂર કરવાનો અને રાજકીય ક્રાંતિ કરવાનો હતો, પરંતુ આજે તેનું સ્વરૂપ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. શોષિતોને સંગઠિત કરીને ન્યાય અપાવવાને બદલે તે આદિવાસી વિસ્તારોમાં ડર અને આતંક ફેલાવી રહ્યા છે. ભાષા ભલે ઊંચી હોય, ક્રાંતિની હોય, પરંતુ ભ્રષ્ટ નોકરશાહી,



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ચાલાક વેપારીઓ અને સ્વાર્થી પૂંજીપતિઓ સાથે તેની સાંઠગાંઠ છે - એ સ્પષ્ટ દેખાય છે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં રાજનીતિશાસ્ત્રના અભ્યાસુ પ્રો. સુહાસ પલશીકર કહે છે કે નક્સલવાદ ફક્ત કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન નથી; કે એ ફક્ત ભ્રષ્ટાચાર કે સરકારના ખોટા વ્યવહાર અથવા મૂડીકેન્દ્રિત વિકાસની વિકૃતિનો પ્રશ્ન નથી; એ મુખ્યત્વે તો લોકશાહીનો પ્રશ્ન છે. નક્સલવાદીઓને વર્તમાન મૂડીવાદી લોકશાહી પર વિશ્વાસ નથી, તેથી તેઓ લોકશાહી માર્ગે આંદોલન ચલાવવાને બદલે હિંસાનો સહારો લે છે.

''શસ્ત્રસંગ્રામથી ઉદાર લોકશાહી લાવી શકાય તેમ નથી. શોષણ સામે શસ્ત્રસંગ્રામ કરનારાને બળપ્રયોગથી કાબૂમાં લેવા, એ બાબત લોકશાહીમાં યોગ્ય નથી. શસ્ત્રધારી ક્રાંતિકારીઓ સામે સામાન્ય જનતાને શસ્ત્ર આપીને ('સલવા જુડમ' જેવાં જૂથ ઊભાં કરીને) હિંસા વધારવી એ પણ લોકશાહીની વિરુદ્ધ છે. શસ્ત્રધારી જૂથોના કારણે રાજ્યસંસ્થાનો હિંસા-પ્રયોગ વધે છે અને તે અમાનવીય બને છે. પરંતુ રાજ્યસંસ્થા તેમની અવગણના પણ કરી શકતી નથી. નક્સલવાદનો પડકાર ખૂબ જ જટિલ, કઠિન અને લોકશાહી વર્તન સાથે જોડાયેલો છે.''

ગાવંડેની પુસ્તિકામાં આનો કોઈ ઉલ્લેખ નથી. આ વિષય પર અન્ય પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે, પરંતુ એમાં પણ લોકતંત્રના વ્યાપક સંદર્ભમાં એ પ્રશ્નોની ચર્ચા થઈ નથી. ઉદાહરણ તરીકે, પત્રકાર રાહુલ પંડિતાનું અંગ્રેજી પુસ્તક 'હેલો બસ્તર'. એ પુસ્તકમાં નક્સલવાદી આંદોલન બસ્તર વિસ્તારમાં કેવી રીતે વધ્યું અને કઈ પરિસ્થિતિઓના કારણે વધ્યું તેનું વર્ણન છે (૨૦૧૧). તેમાંથી ઘણી માહિતી મળે છે, પરંતુ તેમાં મૂળભૂત પ્રશ્નોની ચર્ચા નથી. નક્સલવાદીઓ વર્તમાન લોકતંત્રને નકારી કાઢે છે, તેથી પોતાના વિરોધીઓ સામે હિંસા કરતા અચકાતા નથી. આ આંદોલન જે માર્ક્સવાદી દર્શનમાંથી નીકળ્યું છે, તેમાં હિંસામુક્ત, શોષણમુક્ત, પરસ્પર સહકાર અને સમતામૂલક સમાજનું સ્વપ્ન જોવા મળે છે. એવો સમાજ રચાય, એટલે વર્તમાન સમાજનો વર્ગ-સંઘર્ષ દૂર થાય અને ઉત્પાદનનાં સાધનો પર જાહેર માલિકી સ્થાપિત થાય - એ તેનું લક્ષ્ય છે. આ હેતુની પૂર્ણતા માટે, એટલે કે વર્ગ-શત્રુઓને દૂર કરવા માટે, થોડી અનિવાર્ય હિંસા અંતિમ તબક્કામાં કરવી પડે તો કરવી એવું સ્વીકારવામાં આવ્યું છે. તે હિંસા પછી હિંસામુકત સમાજ રચાશે, એ દલીલ ભલે સુંવાળી લાગે, પરંતુ એવી હિંસાના રસ્તાથી હિંસામુક્ત સમાજ ક્યાંય જન્મ્યો નથી. હિંસા, હિંસાને જ જન્મ આપે છે. હિંસામુક્ત સમાજ માટે અહિંસા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

રશિયા અને ચીનમાં સામ્યવાદી ક્રાંતિઓ થઈ. ત્યાં આજે શું સ્થિતિ છે ? રશિયામાંથી તો સામ્યવાદે વિદાય લીધી છે. ઉત્પાદનનાં સાધનોના સરકારીકરણના કારણે કુંઠિત અર્થતંત્રને સંભાળવા માટે તે સંઘર્ષ કરી રહ્યું છે. ચીનમાં કોમ્યુનિસ્ટ પાર્ટીની સત્તા છે, પરંતુ તેઓએ મૂડીવાદી આર્થિક વ્યવસ્થાને સ્વીકારી છે. ત્યાં રાજકીય ક્ષેત્રે પાર્ટીની તાનાશાહી છે અને આર્થિક ક્ષેત્રમાં બજારની ખુલ્લી વ્યવસ્થા, જે માર્ક્સ કે માઓના દર્શનથી સંપૂર્ણ અસંગત છે. તો રશિયા કે ચીનનો આદર્શ કેવી રીતે સ્વીકારી શકીએ ? લેનીન કે માઓ આપણા માર્ગદર્શક કેવી રીતે બની શકે ? શું સામ્યવાદી ક્રાંતિ પછી પણ મૂડીવાદ સ્વીકારવો પડશે ? આ બંને માર્ગોનાં દુષ્પરિણામોથી બચીને ત્રીજો માર્ગ શોધવો જોઈએ.

ભારતે લોકતાંત્રિક ગણરાજ્યની રાજકીય વ્યવસ્થા સ્વીકારી છે. જો કોઈ જૂથ કે સંગઠન તેને ન સ્વીકારે, અને તેના વિરુદ્ધ હિંસા કરવા તત્પર હોય તો રાજ્યસંસ્થાનું કર્તવ્ય છે કે તે તેનો સામનો કરે. કારણ કે દેશની દરેક વ્યક્તિના જીવનની રક્ષા કરવી રાજ્યસંસ્થાની જવાબદારી છે. તેથી, જો નક્સલવાદીઓ બંદૂક તાણીને ઊભા હોય, તો રાજ્યસંસ્થાએ તેમનો સામનો કરવો પડશે. તેમની ભય અને આતંકમાંથી લોકોને મુક્ત કરવા પડશે. રાજ્યસંસ્થા પોતાની અસમર્થતાના કારણે આ કરી શકતી નથી, તેથી નક્સલવાદીઓનો દબદબો વધ્યો છે. તેમનાં શસ્ત્રોનો સામનો સામાન્ય લોકો કરી શકતા નથી; આ કામ રાજ્યસંસ્થાએ જ કરવું પડશે.

આ સામનો કરતી વખતે નક્સલવાદી વૃત્તિને પ્રોત્સાહન ન મળે, તેનું ધ્યાન રાખવું પડશે. નક્સલી વૃત્તિ તો લોકોના અસંતોષની જ અભિવ્યક્તિ છે. સરકાર બેદરકાર છે અને પોલીસ જુલમ કરે છે, એટલે આદિવાસી યુવાનો નક્સલવાદી કેમ્પમાં જાય છે. ન્યાયસંગત કામકાજ, ભ્રષ્ટાચારમુક્ત પ્રશાસન, સંતુલિત વિકાસ અને વંચિત જૂથોને અધિકાર આપવાની વાત અહીં આવે છે. એ જ મેંઢા બતાવે છે. મેંઢાએ જે મુદ્દા આગળ કર્યા છે, તે લોકોનો અસંતોષ દૂર કરવા માટેના ઉપાયો છે - પછી તે વન અધિકારની વાત હોય, કે ભ્રષ્ટાચાર દૂર કરવાની કે લોક ભાગીદારીવાળી લોકશાહીની.

ગઢચિરોલી વિસ્તારમાં વન અધિકાર આપવાની જે ભૂમિકા સરકારે લીધી છે, તેની પાછળ નક્સલવાદની પૃષ્ઠભૂમિકા છે, તેમાં બે મત નથી. એટલે જ મેંઢા જેવા ગામમાં ખુદ રાજ્યપાલ કે કેન્દ્રીય વનપ્રધાન આવે છે અને સામૂહિક વન અધિકાર આપે છે, તેમાં કંઈ ખોટું નથી. પણ જો સરકારની ભૂમિકા એટલી મર્યાદિત જ રહે; તો તે નીતિગત ભૂલ ગણાશે. જો ગઢચિરોલી જિલ્લામાં નક્સલવાદના ફેલાવાને રોકવા માટે ત્યાંનાં ગામોને માત્ર સામૂહિક વન અધિકારની લાલચ બતાવવાનો જ સરકારનો ઇરાદો હોય, તો કહેવું પડશે કે નક્સલવાદની સમસ્યામાંથી તે કંઈ શીખ્યું નથી. આ માત્ર થોડાં ગામોને થોડા અધિકારો આપવાની વાત નથી. દેશનાં ગામો અને શહેરો મળી ભારતીય સંઘરાજ્ય બનાવે છે; અને આવા અધિકારો એ તમામ ગામો અને શહેરોના સ્વાભાવિક રાજકીય અધિકારો છે. કેન્દ્રશાસિત સંસ્થાઓએ તેમને તેમના અધિકારોથી વંચિત રાખ્યા છે. સંસ્થાનવાદી બ્રિટિશ શાસનના વારસા રૂપે કેન્દ્રિય સત્તા પાસે આ અધિકારો આવ્યા, પરંતુ ખરેખર તે હોવા જોઈએ લોકો પાસે. રાષ્ટ્રનો અર્થ દિલ્હીનું સંસદભવન અને તેના પર ફરકતો રાષ્ટ્રધ્વજ નથી, રાષ્ટ્રનો સાચો અર્થ તેની પ્રજા છે.

આ વાત ફક્ત વન અધિકારીઓ સુધી મર્યાદિત નથી, ભારતીય બંધારણે જે અધિકારો માન્ય કર્યા છે, તે બધા વિશે - ખાસ કરીને ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારણાના અધિકારો વિશે આ સાચું છે. સરકારે બંધારણીય સુધારા કર્યા, પરંતુ તેના અમલ માટે નિયમો અને માળખાં નથી બનાવ્યાં. લોકોને હજી સુધી પોતાનું કામકાજ કરવાનો અધિકાર

(જુઓ પાન નં. ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# 'બંધારણીય કટોકટી' : ''કટોકટી અને તેમાં 'ભૂમિપુત્ર' - 'યજ્ઞ પ્રકાશન'ની ભૂમિકા'' પુસ્તક સંદર્ભે કેટલાંક અવલોકનો - વિચારો

પ્રસ્તુત લેખ રજનીભાઈ દવે દ્વારા સંપાદિત અને યજ્ઞ પ્રકાશન દ્વારા પ્રકાશિત એક અમૂલ્ય પુસ્તક ''કટોકટી અને તેમાં 'ભૂમિપુત્ર' – 'યજ્ઞ પ્રકાશન'ની ભૂમિકા''ના અનુષંગે સુરત ખાતે યોજાયેલ એક સંવાદમાં કરેલ રજૂઆતનું વિસ્તૃત સ્વરૂપ છે. પુસ્તક કેન્દ્રિત આલેખન બાદમાં હાથ ધરીશું. લેખ કટોકટીના વિષયને ભારતના તત્કાલીન તેમ જ પ્રવર્તમાન રાજકીય-સામાજિક સંદર્ભમાં તો મુખ્યપણે સંબોધશે જ. પરંતુ તદુપરાંત લેખકનો અન્ય આશય તદ્‌સંબંધિત વિદ્યાકીય વિમર્શને અવકાશ આપવાનો પણ છે.

જાગતિક પરિસ્થિતિમાં વિશેષતઃ પશ્ચિમના દેશોમાં સામાજિક-રાજકીય ધરાતલ પર અસાધારણપણે પ્રક્ષુબ્ધતા વર્તાય ત્યારે જ ત્યાંનું નેતૃત્વ તેમના કાનૂની માળખામાં કોઈ અસામાન્ય પ્રાવધાન માટે બૂમરાણ મચાવે. અન્યથા વૈશ્વિકપણે ભૂ-રાજકીય સ્થિતિ ભયાવહપણે ડામાડોળ થવાનો સંદેહ દર્શાવાય. ન્યૂયોર્કના ૯/૧૧ના હુમલા બાદ ત્યાંના બંધારણ નિષ્ણાતોમાં આવો વિમર્શ જન્મ્યો. પ્રશ્ન એ થયો કે શું આવી ભૂ-રાજકીય કટોકટીની પરિસ્થિતિને પ્રવર્તમાન કાનૂની માળખા અંતર્ગત જ સંબોધવી વિભાવનાકીયપણે શક્ય છે ખરું ? કે પછી કટોકટીની પરિસ્થિતિ એ બંધારણીય કાનૂનો માટેનો એક ચરમસીમારૂપ પડકાર છે ?

શું આવી પરિસ્થિતિ બંધારણની સર્વાંગી સજ્જતા, સંપૂર્ણતાની અંતિમ કસોટીરૂપ પડકાર છે ? જે તે કટોકટીની પરિસ્થિતિ સમક્ષ બંધારણ ઘૂંટણિયે પડે છે અને મર્યાદાવિહીન લોખંડી સત્તા માટે માર્ગ મોકળો કરે છે કે પછી બંધારણની સંપૂર્ણતા કોઈ પણ કટોકટીને પહોંચી વળવા માટે સક્ષમ છે ? અન્ય શબ્દોમાં, જે તે કટોકટી આપપણે, તેના સ્વરૂપના આયુધ થકી કાયદાકીય શાસનનાં ચીંથરેચીંથરાં ઉડાડી શકે, કાનૂની સક્ષમતાની મર્યાદા ઇંગિત કરે કે પછી બંધારણીય માળખાની આંતરિક સક્ષમતા કટોકટી જેવા ચરમ બિંદુએ પણ સમાજને ધ્વસ્ત ન થવા દે ? અલબત્ત, આ પ્રશ્ન પ્રત્યેક દેશના બંધારણ સંદર્ભે સાપેક્ષતા ધરાવે છે. જે તે દેશનું બંધારણ જે તે દેશમાં ઊભી થયેલ વિશેષ પ્રકારની કટોકટીનો ઉપરોક્ત પ્રશ્નોના સંદર્ભમાં ભિન્નપણે પ્રતિભાવ આપતું હોઈ શકે કે જે પ્રત્યેક દેશના સામાજિક-રાજકીય માળખા અને તદ્‌માંહેના બારીક ને સૂક્ષ્મ આંટીઘૂંટીપૂર્ણ તાણાવાણા અને સંકુલતા પર નિર્ભરતા ધરાવતો હોઈ શકે.

નિષ્ણાતો માંહેનો એક મત, કટોકટી અને બંધારણીય કાયદાક્ષેત્રને પારસ્પરિકપણે એકબીજાનો છેદ ઉડાડતા પરસ્પર વિરોધી પદોરૂપે (Oxymoron) લેખે છે. અર્થાત્, જ્યાં કાનૂની ક્ષેત્રની પહોંચની સીમા આવે ત્યાંથી કટોકટીનું પ્રભાવક્ષેત્ર આરંભાય છે. કટોકટીનો અર્થ જ એ છે કે પ્રવર્તમાન પ્રણાલીનાં, તેના બંધારણનાં, તમામ મૂળભૂત, બુનિયાદી તત્ત્વો, ઘટકો, ધારાધોરણોના ઔચિત્યનો તે છેદ ઉડાડે, પડકારે. તેનો સૂચિતાર્થ એ કે કોઈ પણ પ્રણાલીનાં સામાન્યકાલીન કાયદાકીય તત્ત્વો, ઘટકો, અંગો અસામાન્ય પરિસ્થિતિમાં નિરર્થક, નિરુપાય સાબિત થાય. આ પરિસ્થિતિમાં કટોકટીના અંતિમ 'બંધારણીય' સાધન, આયુધનો શાસન વિનિયોગ કરે. પણ આ 'બંધારણીય' કાયદાકીય કટોકટી સામેનાં પગલાં કોઈ એક સામાન્ય સ્વરૂપ ન ધરાવે.

કેમ કે બંધારણીય કટોકટી માટેનું એક કારણ કે અનેક કારણો સમાન સ્વરૂપનાં ના હોય. બલ્કે કોઈ એક જ દેશમાં વિભિન્ન સમય-બિંદુએ એક જ કે અલગ શાસન થકી ઘોષિત થયેલ કટોકટી માટે જવાબદાર લેખાવાયેલાં પરિબળો ભિન્ન સ્વરૂપનાં હોઈ શકે. અલબત્ત, કટોકટીની પરિસ્થિતિનાં લક્ષણો વધતે-ઓછે અંશે સમાન હોય. તે મૂળભૂત સંસ્થાનો, ખ્યાલો અને ધોરણો, જેવાં કે, મૂળભૂત અધિકારો, સાર્વભૌમત્વ, રાષ્ટ્ર, રાજ્ય, ધારાસભા વગેરે સામે પ્રશ્નાર્થ ઊભા કરે. મૂળતઃ બંધારણીય કટોકટી વિરોધાભાસી, પારસ્પરિક લોપ કરતી પરિસ્થિતિ ઊભી કરે. બંધારણનાં બુનિયાદી મૂલ્યો પર આપત્તિ તોળાઈ રહી હોવાનું કારણ દર્શાવી શાસન કટોકટી જાહેર કરે. પરંતુ કટોકટીનો અર્થ એ જ છે કે બંધારણીય મૂલ્યોને 'કામચલાઉપણે' સ્થગિત કરવાં, એની ઉપેક્ષા કરવી. આનો ગણિતાર્થ એ જ કટોકટી ઘોષિત કરીને હયાત ધરાવતાં બંધારણીય મૂલ્યો પરત્વે દુર્વ્યવહાર કરવો, તેને ઉવેખવાં.

પરંતુ તેનો અંતિમ ઉદ્દેશ તો તે જ બંધારણીય મૂલ્યોનું પુનઃસ્થાપન કરવાનો હોય. ઉપરોક્તપણે ઉલ્લેખ કર્યો તેમ, જે તે દેશમાં એક જ દેશમાં ભિન્ન શાસન અને સમયબિંદુએ તેના સૂચિતાર્થો અલગ રહેવા પામી શકે. જેમ કે, ૯/૧૧ની ઘટના પશ્ચાતઃ બુશના બંધારણીય કટોકટીના અર્થઘટન અને પ્રતિભાવરૂપે પ્રમુખે બંધારણ અંતર્ગત ધારણ કરેલ અતિ કડક અને રુક્ષ વલણને કારણે વિદ્યાર્થીઓએ બુશને 'બંધારણીય' સરમુખત્યાર તરીકે વ્યાખ્યાયિત કર્યા.

બંધારણવિદ્દ, વિચારક સાન્ટિ રામાનો એક મહત્ત્વની બાબતનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે કોઈ પણ કાનૂન, નિયમ, ધારાના ઘડતર માટેનું જવાબદાર પરિબળ સામાજિક આવશ્યકતા હોય છે. સામાજિક વ્યવહાર, સંચાલન માટે તેની અનિવાર્યતા છે એમ માનવામાં આવે છે. આ તર્કને આગળ વધારીએ તો, 'બંધારણીય કટોકટી'ની સામાજિક આવશ્યકતા શી હોઈ શકે ? વાસ્તવમાં, દેશ કે કાળ કે પરિસ્થતિના કોઈ પણ અપવાદ સિવાય 'બંધારણીય કટોકટી' એક વિરોધાભાસી (oxymoron) અર્થ ધરાવતી પદાવલિ છે.

ગુલૌમ તુસૈઉ અત્યંત સટિકપણે, તેમના અભ્યાસના દોહનરૂપે, સારના અર્કરૂપે વિધાન કરે છે કે મૂળમાં કાયદાકીય વિમર્શ એ કોઈ શુદ્ધ તર્ક કે જ્ઞાનનો પરિપાક નથી; પરંતુ સત્તા (power) અને સત્તાધીશોના નિર્ણયોના ઔચિત્યને સૂચવતું પરિણામ છે. કાયદાકીય ભાષા, પરિભાષા કોઈ બાબત, તથ્ય કે વસ્તુસ્થિતિના વિમર્શને સૂચવતી હોતી નથી. પરંતુ તે શાસન દ્વારા લદાયેલ કટોકટીના ઔચિત્ય સંબંધિત કરાતી આગ્રહપૂર્ણ સમજાવટ, ને લાગણીપૂર્વક સંવાદને સૂચવે છે. થોમસ હોબ્સ, વિખ્યાત અંગ્રેજ દાર્શનિક તેમના ગ્રંથ 'લેવિઆથાન (Leviathan)'માં સમગ્રપણે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કાનૂનના સમાજશાસ્ત્ર સંદર્ભે અત્યંત સૂચિતાર્થસભર વિધાન કરે છે કે, કાયદાઓ સામાજિક વાસ્તવ કે સામાજિક આવશ્યકતાના પરિપાકરૂપે નથી જન્મતા, પરંતુ તેનું નિર્માણ, ઘડતર સત્તાધીશો દ્વારા થાય છે; અર્થાત્, સત્તાધીશો સમાજના વ્યવહારો, સામાજિક સંસ્થાઓ, સામાજિક પ્રક્રિયાઓના નિયમન, નિયંત્રણ માટે અને તે થકી તેમની સત્તા અકબંધ રાખવા કાજે કાયદાઓનું ઘડતર કરે છે. તુસૈઉ આ સૂચક વિધાનને 'બંધારણીય કટોકટી'ના સંદર્ભે સંશ્લેષિત કરતાં દાખવે છે કે, કટોકટી બંધારણના અંતિમ સત્ત્વ, યથાર્થતા, સત્યની પરખની ઘડી કે ક્ષણ, સમયને સૂચિત નથી કરતી પરંતુ હેતુઓની સાથે, મૂળતઃ તો તે, સત્તા, સત્તાધારીઓની સત્યાક્ષણ, તેમના યથાર્થ સ્વરૂપને ચરિતાર્થ કરે છે.

સંક્ષિપ્તમાં, 'બંધારણીય કટોકટી' એક વિરોધાભાસી અર્થ સૂચવતી પદાવલિ છે. કાયદાશાસ્ત્રના આધારે તેના અર્થઘટન થકી સૈદ્ધાંતિક આધાર આપીને તેમ જ તેના વ્યાવહારિક વિનિયોગને સામાજિક-રાજકીય આવશ્યકતા લેખીને ઔચિત્યપૂર્ણ ઠેરવવાની વૈધાનિક કોશિષ, દેશ, પ્રણાલી કે કાળના અપવાદ વિના શાસક તથા વર્ચસ્વકારી જૂથ દ્વારા મિથ્યાપણે થતી રહી છે. પરંતુ મૂળતઃ આ પદાવલિ અને તદ્અંતર્ગતની ધારાઓ શાસકો દ્વારા પ્રયોજાતું એક આયુધ છે, જેને બંધારણીય જોગવાઈ તેમ જ સામાજિક ઔચિત્યનાં વાઘાં પહેરાવી તેમની સત્તા સામેના સંકટ તથા પડકારોને વાસ્તવમાં બિનલોકતાંત્રિક તરીકાઓ થકી ડામવાની કોશિશ કરાય છે.

'બંધારણીય કટોકટી' પદાવલિ સંબંધે સૈદ્ધાંતિક પૂછગાછના એક સંક્ષિપ્ત યત્ન બાદ જે પુસ્તક નિમિત્તે વિમર્શ હાથ ધરાઈ રહ્યો છે તેની ભીતરમાં ડોકિયું કરી લઈએ. શ્રી રજની દવે દ્વારા સંપાદિત આ દળદાર પુસ્તક ''કટોકટી અને તેમાં 'ભૂમિપુત્ર' - 'યજ્ઞ પ્રકાશન'ની ભૂમિકા'' ૧૯૭૫માં લદાયેલ કટોકટીને કેન્દ્રમાં રાખીને તત્કાલીન સમયખંડના સંબંધિત બનાવો, ઘટનાક્રમ, ગુજરાત અને બિહારનાં આંદોલનો, કટોકટીનો અમલ, સામૂહિક ધરપકડો, તદ્સંબંધિત પ્રતિકારો, પ્રતિભાવો, તુમુલ વૈચારિક મંથન, સંકળાયેલ નેતૃત્વ અને વ્યક્તિત્વોના ખ્યાલો, વિચારો, ઇત્યાદિ અનેક સંલગ્નિત પાસાં, મુદ્દાને સંપાદકે ભારે ચીવટ અને જહેમત દાખવી સમાવ્યાં છે. શીર્ષક સૂચવે છે તેમ, કટોકટીકાળ દરમિયાન 'ભૂમિપુત્ર'ની ભૂમિકાનું વિગતે આલેખન થયું છે. જ્યારે અન્ય અખબારો, સામયિકો સેન્સરશીપ સામે, સરકારની જોહુકમી સામે ઘૂંટણિયે પડી ગયાં હતાં, ત્યારે 'ભૂમિપુત્ર' દ્વારા હિંમતપૂર્વક વૈચારિક પ્રતિકાર અને સરકારના દમનની આલોચના કરતા લેખો પ્રસિદ્ધ થતા રહ્યા હતા.

સરકાર થકી સામયિકની હેરાનગતિ કરવામાં કોઈ કસર રખાઈ નહોતી. પણ 'ભૂમિપુત્રે' સહેજે પાછી પાની કરી નહોતી. તત્કાલીન તંત્રી ચૂનીભાઈ વૈદ્યની ખમીરવંતી ભૂમિકાની પુસ્તકે વિશેષપણે આદરપૂર્વક નોંધ લીધી છે. તો, ગુજરાતના નવનિર્માણ આંદોલન તેમ જ બિહારના સંપૂર્ણ ક્રાંતિ આંદોલનમાં યુવાશક્તિની સક્રિયતા અને જયપ્રકાશ નારાયણ દ્વારા યુવા નેતૃત્વને માર્ગદર્શનની સાથે સાંપડેલ પ્રોત્સાહનની ઝીણવટભરી વિગતો પણ વણી લેવાઈ છે. જે.પી.ના ઇંદિરા ગાંધીની સરકાર વિરુદ્ધના લોક આંદોલનનું નેતૃત્વ કરવાના નિર્ણય સંબંધે સર્વોદયવાદીઓ તથા સર્વ સેવા સંઘમાં ઉદ્ભવેલી ચર્ચાના બારીક વૈચારિક મુદ્દાઓ સંબંધે પણ લંબાણપૂર્વક આલેખન થયું છે. કટોકટી પૂર્વે વિશેષતઃ જયપ્રકાશ નારાયણે ગુજરાતના નવનિર્માણ આંદોલનમાં યુવા નેતૃત્વ અને રચનાત્મક કર્મશીલો સાથે કરેલો વૈચારિક સંવાદ તત્કાલીન અને પ્રવર્તમાન રાજકીય-સામાજિક અનુષંગે પણ અતિ પ્રસ્તુત છે.

નવનિર્માણ આંદોલન તથા બિહાર ચળવળ દરયિમાન જયપ્રકાશ નારાયણે મોજૂદા રાજકીય પ્રણાલી સંબંધે દર્શાવેલ વિચારો ખૂબ મહત્ત્વ ધરાવતા હતા અને પ્રવર્તમાન પરિસ્થિતિમાં પણ કદાચ અતિ પ્રસ્તુત છે. તે અંગે દીર્ઘ વિમર્શ ને આલેખન અત્યાવશ્યક છે, જેને અત્રે અવકાશ નથી. પરંતુ કટોકટી દરમિયાનની તથા તે પૂર્વે તેમ જ પશ્ચાત્‌ની પરિસ્થિતિ અંગે આલેખન થાય ત્યારે તેનુ અંતરંગ વૈચારિક અને દાર્શનિક ઘટક ઉપેક્ષા પામતું હોય છે. એથી તેનું સંક્ષિપ્તમાં બયાન કરવાની અત્રે નમ્ર કોશિશ થઈ છે.

મૂળતઃ તાત્ત્વિકપણે દેશની રાજકીય પ્રણાલી સંબંધિત આ વિમર્શ સ્વતંત્રતા આંદોલન દરમિયાન, બલ્કે તે અગાઉ ગાંધીએ તેમના 'હિંદ સ્વરાજ' પુસ્તક થકી આરંભ્યો. સ્વતંત્રતા ચળવળનું કેન્દ્રિય ધ્યેય શું હોઈ શકે ? શું બ્રિટિશ સંસ્થાનવાદી શાસનથી મુક્તિ સાધવાનું એકમેવ ધ્યેય જ પર્યાપ્ત છે ? શું બ્રિટિશ શાસન પ્રણાલી ને તેના દ્વારા વિભિન્ન ક્ષેત્રોમાં આકાર પામેલ, આવિષ્કાર પામેલ સંસ્થાઓ, ધારા ધોરણો, નિયમોને આઝાદી પશ્ચાત્ યથાતથપણે સ્વીકારીને અપનાવી લઈશું ? શું શાસનમાં પરિવર્તન આણવું એનો અર્થ એ જ કે બ્રિટિશ સંસ્થાનવાદીઓને સ્થાને આપણા સ્વદેશી, ભારતીય શાસકો અને અમલદારશાહી, કર્મચારીઓ તે જ બ્રિટિશ વહીવટી માળખાને અપનાવીને કાર્યરત થશે ? શું સંસ્થાનવાદી શાસનથી દેશની મુક્તિ સિદ્ધ થઈ જશે ?


ગાંધીને મન સ્વરાજનો અર્થ સાવ ભિન્ન હતો. તેમણે તે ઉપરોક્તપણે નિર્દેશિત પુસ્તકમાં સરળ ગુજરાતી ભાષામાં રજૂ કર્યો. બાદમાં અન્ય ભાષામાં પણ અનુવાદ થયા. અલબત્ત, ગત સદીના દ્વિતીય દાયકાની મધ્યમાં દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત થયા બાદ પ્રથમ તેમણે દેશમાં પરિભ્રમણ કર્યું ને દેશની, વિશેષતઃ આમ જનતાની પરિસ્થિતિ આપપણે જોઈ. તદ્પશ્ચાત્ તેઓ દેશની સ્વાધીનતા ચળવળમાં જોડાયા ને ક્રમશઃ નેતૃત્વ સંભાળ્યું. આંદોલનને નિશ્ચિત ને નિર્ધારક દિશાને માર્ગે લઈ જવા તેમણે તેમના આદર્શો ને વિચારોને કેન્દ્રમાં રાખી લડતના કાર્યક્રમો આપ્યા. પરંતુ ત્યારે 'હિંદ સ્વરાજ'નો સમગ્ર વિચાર-સંપુટ તેમણે વિસારે પાડ્યો. એ આશા સાથે કે સ્વાધીનતા પશ્ચાત્ તે અંગે અન્ય સાથીઓ જોડે વિમર્શ કરીને તેને અમલીકૃત કરીશું.. શું તેમ થયું ? શું બન્યું ? આ અને અન્ય સવાલોની ચર્ચા બાદમાં કરીશું. ને તદ્પશ્ચાત્ જયપ્રકાશ, વિનોબા, સર્વોદયવાદીઓ અને સર્વ સેવા સંઘના પ્રવર્તમાન રાજકીય પ્રણાલી સંબંધિત ખ્યાલો તેમ જ તત્કાલીન દેશની રાજકીય પ્રથા, સંરચનાના પરિપ્રેક્ષ્યમાં બનેલ ઘટનાઓ, કટોકટી, નેતાઓનો જેલવાસ, તુમુલ વૈચારિક મંથન સંબંધે વિમર્શ કરીશું.

**– કિરણ દેસાઈ**

(લેખક અગાઉ સામાજિક સંશોધન સંસ્થા, સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝમાં પ્રોફેસર તરીકે કાર્યરત હતા.)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org



# જોં ડ્રીઝ : લોકોની વચ્ચે ચાલતા અર્થશાસ્ત્રીને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર

**આજે** અર્થશાસ્ત્રનું મહત્ત્વ સંપત્તિને વધારતી વિદ્યાશાખા તરીકે છે, એમાં સંપત્તિની અસમાન વહેંચણીને કારણે ઉદ્ભવતા પ્રશ્નોની ચર્ચા પાછલી સીટ પર જતી રહેતી હોય છે. એટલે અર્થશાસ્ત્રીઓ મોટે ભાગે એ.સી. રૂમમાં બેસીને નીતિ વિષયક વાત કરતા જોવા મળે. ખૂબ ઓછા અર્થશાસ્ત્રી એવા છે જેમણે શૈક્ષણિક સંશોધન અને જમીની સ્તરના સામાજિક કાર્યને અસરકારક રીતે જોડ્યાં હોય. એવું એક નામ છે પ્રોફ઼ જોં ડ્રીઝ. છેલ્લા ચાર દાયકાથી તેઓ ગરીબી, અસમાનતા, સામાજિક કલ્યાણ અને લોકશાહી અધિકારો અંગેના મહત્ત્વના અવાજોમાંના એક રહ્યા છે. તેમણે સાબિત કર્યું છે કે અર્થશાસ્ત્ર માત્ર નાણાંની લેવડદેવડ સમજવા માટે જ નહીં, પરંતુ સમાજને વધુ ન્યાયી બનાવવા માટે પણ ઉપયોગી બની શકે છે.

બેલ્જીયમમાં જન્મેલા ડ્રીઝે ૨૦૦૨માં ભારતની નાગરિકતા સ્વીકારી. ૧૯૭૦ના દાયકાના અંતમાં તેઓ અભ્યાસ અર્થે ભારત આવ્યા અને અહીંના વિકાસના પડકારોથી આકર્ષાઈને અહીં જ રહ્યા. દિલ્હી સ્કૂલ ઓફ઼ ઇકોનોમિક્સ જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં અર્થશાસ્ત્રના પ્રધ્યાપનનું કામ કર્યું. જોકે, તેમનું કામ માત્ર યુનિવર્સિટીઓ અને નીતિગત મંચો સુધી મર્યાદિત નથી રહ્યું. તેમણે ગામડાઓમાં રહીને સામાન્ય લોકો વચ્ચે કામ કર્યું છે. લોકોના જીવન સાથેનો આ સીધો સંપર્ક તેમના સંશોધન કાર્યની સૌથી મોટી ઓળખ બની.

તેમણે નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેન સાથે ઘણું કામ કર્યું, જેમાં તેમણે વિકાસને માત્ર આર્થિક વૃદ્ધિ સાથે સરખાવતી પરંપરાગત વિચારધારાને પડકારી, અને દલીલ કરી કે વિકાસનું સાચું માપદંડ લોકોની ક્ષમતાઓ છે-અર્થાત્ તેઓ કેટલું સ્વસ્થ, શિક્ષિત અને ગૌરવપૂર્ણ જીવન જીવી શકે છે. ભૂખમરો, કુપોષણ, શિક્ષણ અને જાહેર સેવાઓ અંગેના તેમના અભ્યાસોએ દર્શાવ્યું કે ગરીબ અને વંચિત લોકોના જીવનમાં સુધારો લાવવા માટે લોકશાહી સંસ્થાઓ અને રાજ્યની સક્રિય ભૂમિકા અત્યંત જરૂરી છે.

પ્રો. ડ્રીઝનું માનવું છે કે અર્થશાસ્ત્રીઓએ પોતાની કચેરીઓ અને સંશોધન સંસ્થાઓની બહાર નીકળી લોકોના જીવનને નજીકથી સમજવું જોઈએ. તેમણે અનેક વખત ગામડાઓમાં પ્રવાસ કર્યો છે, જાહેર સુનાવણીઓમાં ભાગ લીધો છે. તેમણે રોજગારના અધિકાર, અન્ન સુરક્ષાના અધિકાર, માહિતીના અધિકાર તેમજ શિક્ષણના અધિકાર માટેનાં વિવિધ જનઆંદોલનો સાથે કામ કર્યું છે. તેઓ એ વિચારધારાના સમર્થક રહ્યા છે જે માને છે કે વિકાસની પ્રક્રિયા તેમજ એની ફલશ્રુતિ પર સૌનો અધિકાર હોવો જોઈએ. એટલે જ તેમના મતે ખોરાક, રોજગાર, શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભૂત જરૂરિયાતોને સરકારની દયા કે કલ્યાણકારી યોજનાઓ તરીકે નહીં, પરંતુ નાગરિકોના અધિકાર તરીકે જોવાવી જોઈએ. જ્યારે લોકો આ સુવિધાઓને પોતાના અધિકાર તરીકે માંગે છે ત્યારે લોકશાહી વધુ જવાબદાર બને છે. તેમની આ દલીલનો પ્રભાવ ઐતિહાસિક રીતે મહત્ત્વના બે કાયદાઓમાં સ્પષ્ટ જોવા મળે છે - મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ. મનરેગા લાખો ગ્રામીણ પરિવારોને રોજગારનો કાનૂની અધિકાર આપે છે અને તેમને માટે જીવનનિર્વાહની સુરક્ષા પૂરી પાડે છે. તેવી જ રીતે, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ કરોડો લોકોને સસ્તા અનાજનો અધિકાર આપે છે. આ બંને કાયદાનું મહત્ત્વ એ છે કે તેમાં સામાજિક સુરક્ષાને સરકારની દયાની લ્હાણી નહિ પણ લોકોનો અધિકાર માનવામાં આવ્યો છે, જે છેવાડાના નાગરિક માટે સન્માનપૂર્ણ જીવનની વ્યવસ્થા ઊભી કરે છે. આ બંને કાયદાને આકાર આપવામાં પ્રો. ડ્રીઝની ભૂમિકા મહત્ત્વની રહી છે.

પ્રો. ડ્રીઝ સાચા અર્થમાં શૈક્ષણિક સંશોધન અને સામાજિક આંદોલનો વચ્ચે એક મહત્ત્વપૂર્ણ સેતુ બની શક્યા છે. તેમનાં અનેક વિદ્વત્તાપૂર્ણ લખાણોની વચ્ચે એમના જમીની અનુભવો વર્ણવતું પુસ્તક- Sense and Solidarity: Jholawala Economics for Everyone વાંચતાં તેમની સામાજિક અસમાનતાને દૂર કરવા માટેના માળખાકીય ઉપાયો પ્રત્યેની પ્રતિબદ્ધતા દેખાય છે. એટલે જ અસમાનતા ઘટાડવા માટેના તેમના જીવનભરના યોગદાનને તાજેતરમાં 'ગ્લોબલ ઇનઇક્વાલિટી રિસર્ચ એવોર્ડ (GiRA)' દ્વારા સન્માનિત કરવામાં આવ્યું છે. આ પુરસ્કાર એવા વિદ્વાનોને આપવામાં આવે છે જેમનું કાર્ય અસમાનતાને સમજવામાં અને વધુ સમાનતાવાદી સમાજના નિર્માણ માટે નીતિઓ ઘડવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે.

૨૦૨૪માં પેરીસની બે સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલા આ પુરસ્કારનું વિશેષ મહત્ત્વ છે કારણ કે, વિશ્વના અનેક દેશોમાં અર્થતંત્રો ઝડપથી વિકસી રહ્યાં છે, પરંતુ વિકાસના લાભો સમાજના નાનકડા વર્ગ સુધી જ કેન્દ્રિત થઈ રહ્યા છે. અમેરિકા જેવા વિકસિત દેશોથી લઈને ભારત જેવી વિકસતી અર્થવ્યવસ્થાઓ સુધી આવક, સંપત્તિ, શિક્ષણ અને તકોમાં અસમાનતા વધી રહી છે. આવી સ્થિતિમાં પ્રો૦ જોં ડ્રીઝનું કાર્ય આપણને યાદ અપાવે છે કે માત્ર આર્થિક વૃદ્ધિ થવાથી આપોઆપ સામાજિક ન્યાયની ખાતરી મળતી નથી. જ્યારે અસમાનતા વધે છે ત્યારે અધિકાર આધારિત નીતિઓનું મહત્ત્વ ઘણું વધી જાય છે, જેથી વિકાસનાં ફળો સમાજના દરેક વર્ગ સુધી પહોંચે. જોં ડ્રીઝનું કામ એ વાતનો પુરાવો છે કે અર્થશાસ્ત્ર માત્ર બજારો વિશે નથી; પરંતુ તે માનવ ગૌરવ, સામાજિક ન્યાય અને લોકશાહીની જવાબદારી વિશે પણ છે. એકવીસમી સદીમાં જ્યારે અસમાનતા એક મોટો પડકાર બની ગઈ છે, ત્યારે જોં ડ્રીઝના વિચારો વધુ ને વધુ પ્રાસંગિક અને જરૂરી બની ગયા છે. પ્રો. ડ્રીઝની સાથે અસમાનતા સામે ઝઝૂમતા સંશોધકોને સન્માનવા માટે GiRAને પણ અભિનંદન.

**– નેહા શાહ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# લોકશાહીના અંગારાને ફૂંક મારતી અદ્‌ભુત ઘટના !

**આ**જે જે સમયમાં આપણે જીવી રહ્યા છીએ તેમાં સ્વાતંત્ર્ય સંગ્રામને યાદ કરવો વ્યર્થ છે, કારણ કે હવે તો ઇતિહાસ જ નવો લખાય છે, જેમાં જેમણે સ્વાતંત્ર્ય સંગ્રામને નુકસાન કર્યું છે તેઓ હીરો બની રહ્યા છે. વળી, સ્વાતંત્ર્ય સંગ્રામ સયમનો જે જુસ્સો હતો, તેનો આજે બિલકુલ અભાવ દેખાય છે. સમગ્ર જનતા વિવિધ બાબતોથી, નેતાઓથી અને ભ્રમણાઓથી એટલી તો 'હિપ્નોટાઇઝ્ડ' થઈ ગઈ છે કે સાચું અને તટસ્થ વિચારવાની શક્તિ જ ગુમાવી બેઠી છે. ટી.વી. અને સોશિયલ મીડિયા પર જે ફેક ન્યુઝ દેખાડવામાં આવે છે, તેને જ સત્ય માની લે છે અને, કમનસીબે, તેને 'પોતાનો' મત માની લે છે. અને જો કોઈ અન્ય મત દર્શાવે છે તો તરત હિંસા પર ઊતરી આવે છે. આવા સંયોગોમાં, વામણાં વ્યક્તિત્વો વચ્ચે રહી રહીને, ગાંધીજી કે પટેલ કે સુભાષ કે નેહરુ જેવા વિશાળ બુદ્ધિ ધરાવતા લોકો ખરેખર આપણે ત્યાં હતા કે કેમ તે બાબતે શંકા જાય છે. તેમનું ચિંતન કરીએ છીએ ત્યારે બેવકૂફ હોવાનો જબરો ભાવ થાય છે. એક ઘેરી નિરાશા ફરી વળે છે.

પણ, હમણાં જનરેશન ઝેડ (gen z)ની જે ચળવળ જોઈ તેણે પુનઃ આશાને જન્માવી છે કે ના, હજી સો ટકા લોકો તો ભ્રમિત નથી થયા ! અને આ જનરેશનની જાગૃતિ બહુ મોટી આશા જન્માવે છે. ભલે આજે આ જનરેશનને 'મોબાઈલગ્રસ્ત' પેઢી કે બેજવાબદાર પેઢી માનવામાં આવે છે અને તેમની સ્થિતિ વિષે ચિંતા કરવામાં આવે છે, પણ તાજેતરમાં તેમનો ઉત્સાહ અને તેમની વિચારપદ્ધતિ જોઈ (પોસ્ટરો દ્વારા) અત્યંત આનંદ થયો કે ના, આ પેઢી દેશ વિષે પ્રૌઢ પેઢી કરતાં વધારે અને સક્રિય ચિંતા કરે છે. જે થોડા દિવસો પોતાની સગવડોની કોઈ પણ ચિંતા કર્યા વિના જે તે સ્થળે પોતાનું ધ્યેય પૂર્ણ કરવા માટે અડીખમ રહી, તે ઘટના પૌરાણિક ઋષિઓની તપસ્યાથી જરા પણ ઓછી ન હતી. જે મક્કમતાથી તેઓ, તેમાં પણ ખાસ કરીને છોકરીઓ, પોતાના મુદ્દા રજૂ કરતી હતી, તે તેમની બૌદ્ધિક ક્ષમતા સાથે તાકાત પણ બતાવતી હતી. અને આંદોલનકર્તાઓ પોતાનું ધ્યેય પૂરું કરીને પછી જ ગયા તે તો જાણે ભારતે ફરી સ્વતંત્રતા મેળવી હોય એવું લાગ્યું.

આ દશ્યે ૧૯૪૨ની આઠ અને નવ ઑગસ્ટની યાદ અપાવી દીધી. તે દિવસે મુંબઈના ઑગસ્ટ ક્રાંતિ મેદાનમાં ગાંધીજીએ જે ''કરો યા મરો''નો સંદેશ આપ્યો અને સમગ્ર દેશે જે દઢતાથી તેને પ્રતિભાવ આપ્યો તે દશ્યો વિષે આજે જ્યારે વાંચીએ છીએ ત્યારે માની નથી શકાતું કે એક સમયે અંગ્રેજ પસાર થાય ત્યારે નીચા નમી જમીન પર પડેલ ઘાસનું તણખલું ઉપાડી મોંમાં નાખી તેને નમતા ભારતીયો જેલમાં જવા કે ફાંસી પર ચડવા થનગનતા હતા. જેલમાં જવું જાણે એક 'સ્ટેટસ સિમ્બોલ' -પ્રતિષ્ઠાનો મુદ્દો - લેખાતો હતો. કોણે વધારે જેલમાં સમય ગાળ્યો છે તે બાબતની વાતો ગૌરવથી કહેવાતી હતી (સૌથી વધારે જેલ ગાંધીજી અને જવાહરલાલ નેહરુએ ભોગવી છે). સેંકડો વર્ષોથી રાજાઓ કે બાદશાહોથી કે બ્રિટિશરોથી થરથરતો ભારતીય માની ન શકાય તેટલો પરિવર્તન પામી ગયો હતો. કીડી જાણે હાથી બની ગઈ હતી. હવે અંગ્રેજો, ખાનગીમાં, ભારતીયોથી ડરતા હતા અને ક્યારે કોણ કેમ વર્તશે તે બાબતે કહી શકતા ન હતા. આંશિક રીતે દરેક ભારતીય ગાંધી કે ભગતસિંહ બની ગયો હતો. ભારતને આ ''સ્પીરીટ''ના કારણે સ્વતંત્રતા મળી છે.

પણ, સ્વતંત્રતા પછી, ખબર નહીં કેમ, ''હવે બધું સરકાર જ કરશે'' એ માન્યતા પ્રજામાં ઘૂસી ગઈ અને ફરી માનસિક રીતે પરાવલંબી બની ગઈ. આજ સુધી ભ્રષ્ટાચાર વધતો ગયો, રાજકીય જીવન હલકું બનતું ગયું, તેને કારણે પ્રજાની જ મુશ્કેલીઓ વધે છે છતાં, અપવાદ બાદ કરતાં, પ્રજા મૂક જ રહી. ''ચલતા હૈ'' માનસને વશ થઈ ગઈ. તેમાં મૂડીવાદનો અને ટેક્નોલોજીનો પ્રભાવ વધતો ગયો તેમ તેમ લાલચ અને ગુલામી વધતાં ગયાં. ''ત્યાગ''ની સંસ્કૃતિ ધરાવનાર ભારત ''યે દિલ માંગે મોર''નું ગુલામ બની ગયું. જ્ઞાનનાં કેન્દ્રો વધવાં જોઈએ તેને બદલે ''મોલ'' સંસ્કૃતિ વધતી ગઈ. બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી વેદગાન કરતો ભારતીય મોડી રાત સુધી મોબાઈલ કે કમ્પ્યુટર પર પોર્નોગ્રાફી જોતો થઈ ગયો. ભોજન સમયે પ્રેમથી બોલાવતો પિતા સંતાનને ઈ-મેલ કરતો થઈ ગયો. બાળકને અઢળક સ્નેહ આપતો શિક્ષક, તે બાળક તેના માટે કોચિંગ ક્લાસનો ગ્રાહક છે, એમ માનતો થઈ ગયો.

એક વિચિત્ર અને, કદાચ, વિકૃત પર્યાવરણ ખડું થઈ ગયું. જાણે કે સ્વતંત્ર વીરોએ આપેલ બલિદાન વ્યર્થ થઈ ગયાં ! દેશ ફરી માનસિક ગુલામ થઈ ગયો. પૈસો જ તેમનો ભગવાન બની ગયો. ગરીબો અને વંચિતો માટે લડેલા ગાંધી કે આંબેડકર અપ્રસ્તુત થઈ ગયા અને આ ગરીબો સ્વતંત્ર દેશમાં પોતાનું અસ્તિત્વ જ ગુમાવી બેઠા. દોઢ અબજ લોકો બાકીના લોકો કે નેતાઓ માટે કાં તો દયાનું માધ્યમ કે વોટર જ બની રહ્યા.

એવું નથી કે દેશે પ્રગતિ નથી કરી. ખૂબ કરી. દરેક ક્ષેત્રમાં કરી. દુનિયાનું ધ્યાન ખેંચાય તેવી કરી. ચંદ્ર સુધી પહોંચ્યા. માત્ર સામાન્ય માનવી સુધી ન પહોંચ્યા. હવે ગાંધી-વિનોબા જેવા ચિંતા કરનારા કોઈ જ ન રહ્યા. હા, છૂટક કે આંશિક કાર્યો અવશ્ય થતાં રહ્યાં અને આજે પણ થાય છે, પણ સમગ્રતામાં તે બાબતે વિચારનારા કે ગરીબો માટે ગામડામાં દટાઈ જનારા નથી રહ્યા. હા, એરકંડીશન ઑફિસોમાં બેસીને તીવ્ર ચિંતા કરે છે, ગરીબી હટાવવા કલ્પનાતીત આયોજનો કરે છે, પણ તેમાં ખેડૂતો કે મજૂરો સાથે બેસીને ''પાયાનું આયોજન'' કરનારા કોઈ નથી દેખાતા. બધું જ ''ઓનલાઈન'' છે ! બધું ''એપ'' (તેનો એક અર્થ વાનર થાય છે !) દ્વારા જ આજે રાજ કરે છે. ''ફેસ ટુ ફેસ' કશું જ નથી રહ્યું.

સ્વતંત્રતા પછી દેશે કૈંક નવો જ ચહેરો ધારણ કર્યો છે, જેની આંખમાં લાલચ, ધિક્કાર, સંકુચિતતા જ જોવા મળે છે. આવતી કાલનો વિચાર ધ્રુજાવે છે. ચિંતાજનક છે. કોઈને કહીએ છીએ તો હસી કાઢે છે કે અરે, બુલેટ ટ્રેનના વિચાર કરો. આવા વ્યર્થ વિચાર ન કરો.

આ તો પેપર લીકે આ વિકાસમાં ગાબડાં કરી દીધાં. જનરેશન ઝેડને પ્રથમ વાર લાગ્યું કે તેમની પ્રગતિ આ ''કહેવાતા'' વિકાસમાં અશક્ય બને છે. માત્ર ધનવાનનાં સંતાનો માટે જ આ વિકાસ છે. અને, અચાનક, યુવાનો જાગ્યા અને તેમના પર શું 'જંતરમંતર' થયું કે ઊભા થઈ ગયા અને વર્ષો પછી પ્રથમ વાર હક માગ્યો. અને જીદ કરી મેળવ્યો, ફરી ''કરો યા મરો'' સૂત્ર જીવંત થયું. આ જનરેશનને ''ઇન્કલાબ જિંદાબાદ'' બોલતી જોઈ આંખ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભીની થઈ ગઈ. પોલીસની લાઠી સામે અડગ ઊભા રહેલા જોઈ સત્યાગ્રહ સંગ્રામો યાદ આવી ગયા. છોકરીઓને તીવ્ર અવાજે પોતાના અભિપ્રાય વ્યક્ત કરતી જોઈને તો રામમોહનરાય કે ફૂલે કે ગાંધીજી પણ, જ્યાં હશે ત્યાં, નાચી ઊઠ્યા હશે. તેમને પણ થયું હશે કે ચાલો, હજી અંગારા તદ્દન બુઝાઈ નથી ગયા. કોઈ તો ફૂંક મારનાર છે.

લોકશાહીના બુઝાતા અંગારાને આ જનરેશન ઝેડે ફૂંક મારી છે. ભલે નાના મુદ્દા માટે મારી છે. મુદ્દો પૂરો થતાં છૂટા પણ પડી ગયા છે. પણ પાછા વળતા દરેક યુવાનને, ખાતરી છે કે, હવે સહન કરવાની જરૂર નથી. ડરવાની પણ જરૂર નથી. વટથી માંગી શકાય છે. હા, તે માટે 'સંગઠિત' થવું જરૂરી છે. ભેદભાવ ભૂલીને સાથે રહેવાનું છે. કદાચ આપણા જ દેશના પોલીસની લાઠી ખાવી પડે, છતાં જો સ્વસ્થ રહી, હાથમાં બંધારણ પકડીને સ્થિર ઊભા રહી શકાય તો ધ્યેય સિદ્ધ કરવું કઠિન નથી. આનંદની વાત એ છે કે આ જનરેશને ગાંધીને પુનઃ સાચા સિદ્ધ કર્યા છે. સત્યનો આગ્રહ રખાય તો જીત મળી શકે છે તે તેમણે સાબિત કર્યું છે. ગાંધી આ પેઢીનો મનોમન આભાર માનતા હશે.

અને એક બીજી વાત પણ જોવા મળી (યુ ટ્યુબ દ્વારા) કે ત્યાં આવેલ યુવાનો કેવી રીતે વિચારે છે. ત્યાં એક યુનિયન પબ્લિક સર્વિસની પરીક્ષાની તૈયારી કરતો યુવાન હતો. તેને પૂછ્યું ત્યારે તેણે બીજા જવાબો સાથે એક જવાબ એ પણ આપ્યો કે ''હવે મને વિચાર આવે છે કે મારે કલેક્ટર કે અધિકારીની પરીક્ષા આપવી જોઈએ કે નહિ ! કારણ કે તે પછી જો મારે યુવાનોને લાઠી મારવાનો જ હુકમ કરવાનો હોય તો મારી બધી મહેનત વ્યર્થ જશે.'' જબરદસ્ત આત્મચિંતન ! સંભવ છે, આ બનાવ યુવાનોને, મૂડીવાદના આંધળા અનુકરણને બદલે, ફરીથી ગાંધીના સર્વોદયના વિચારો, આંબેડકરના સમાનતાના વિચારો કે સમાજવાદના વિચારો પ્રત્યે જિજ્ઞાસા પ્રગટાવશે. એકે એક યુવાન વિચાર કરતો કરતો ઘેર પાછો ફર્યો હશે. સત્તાપક્ષના લોકોનાં બાળકો પણ વર્તમાન નીતિઓ બાબતે વિચાર કરતાં થઈ ગયેલાં દેખાયાં. ભ્રમણારૂપી અંધકારમાં વિચારના શેરડા જે રીતે ગાબડાં પાડતા હતા તે અદ્‌ભુત દૃશ્ય હતું. બધાં કામ છોડી યુ ટ્યુબના સમાચારોને જોવા ફરજ પાડતું હતું.

આશા રાખીએ કે આ અંગારો, ભલે ઝાંખો પણ, સળગતો રહે. સત્તા તો ભૂલ કરતી જ રહેશે. ત્યારે આ અંગારો થોડા થોડા ઝબકારા મારતો રહેશે, તો લોકશાહી બચતી રહેશે.

જનરેશન ઝેડને સલામ ! – **હરેશ ધોળકિયા**

---

## ભૂ.પુ.વર્ષ ૭૩ની સૂચિ.... (પાન ૧૯નું ચાલુ)

૨. પીવાના પાણીની ખેંચનો પોતીકો ઉકેલ-ભૂગર્ભ ટાંકો ૨૨-૧૮

★ *વિજ્ઞાન અને ટેકનોલોજી*

૧. ટેકનોલોજી અને માનવીય મૂલ્યો ૭-૧૨

૨. આવતીકાલની ઝાંખી ૭-૨૧

★ *ફિલ્મ, નાટક, કળા*

૧. ફિલ્મ-૨૧મું ટીફીન ૩-૨૨

૨. Scrap Yard - The Theatre ની દસમી વર્ષ-ગાંઠની ઉજવણી ૬-૧૫

૩. મહાત્મા અને મહારથી : ચિત્રકાર ઉપેન્દ્ર મહારથી, અને અહિંસાના એક રંગમાં ખૂંપેલા ગાંધીજીનાં અનેક સ્વરૂપો ૧૪-૧૧

## મેંઢા ગામની વિશેષતા..... (પાન ૬નું ચાલુ)

મળ્યો નથી. એ અધિકાર જ્યારે મળશે, ત્યારે લોકો અનુભવશે કે આ દેશ તેમનો છે. સ્થાનિક વિકાસ, સુવિધાઓનું નિર્માણ, રોજગાર અને દેશની પ્રગતિમાં ભાગીદારી – આ બધા પ્રશ્નો એકબીજા સાથે જોડાયેલા છે. સરકાર આ સંદર્ભમાં હવે ફક્ત ગતકડાં અપનાવી રહી છે, નિરર્થક યોજનાઓનો જોરશોરથી પ્રચાર કરી રહી છે, પરંતુ મૂળભૂત પ્રશ્નને અવગણી રહી છે. જો મૂળભૂત પ્રશ્ન ઉકેલાય, તો કોઈ પ્રદેશ કે ત્યાંના લોકો પોતાને વંચિત, અલગ અને અસુરક્ષિત અનુભવશે નહીં. પછી કોઈ જૂથ પર શસ્ત્ર ઉઠાવવાની જરૂર નહીં પડે.

ગઢચિરોલી જિલ્લામાં નક્સલવાદીઓનું દબાણ હંમેશાં અનુભવાય છે. મેંઢા તેમાંથી મુક્ત નથી. આજુબાજુનાં ગામોમાંથી નક્સલી કાર્યવાહીઓની ખબર આવતી રહે છે. ત્રણ વર્ષ પહેલાં સ્વતંત્રતા દિવસના પૂર્વે, ૧૪ ઑગસ્ટની રાત્રે મેંઢામાં પણ નક્સલવાદીઓએ શાળાના ધ્વજદંડ પર કાળો ધ્વજ ફરકાવ્યો હતો. પરંતુ આ બધી વાતો તો બંદૂકના બળ પર થાય છે. બંદૂકો સામે સામાન્ય માણસ શું કરી શકે ? તેણે ચૂપ રહેવું પડે છે. મોહન પણ જ્યારે તે વિસ્તારમાં ગયા, ત્યારે તેમને ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો. હેમલક્સા ખાતે મુકુન્દ દીક્ષિત કામ કરતા હતા. લાહિરીમાં તેઓ એક દવાખાનું સારી રીતે ચલાવતા હતા. પરંતુ નક્સલવાદીઓએ તેમને ધમકાવીને જિલ્લો છોડવા મજબૂર કર્યા. દેવાજી પણ સુરક્ષિત નથી. પરંતુ પોતાની સત્યતા, ચરિત્રને કારણે તેઓ આ વિસ્તારની આદિવાસી જનતાના સન્માનના પાત્ર બન્યા છે, લોકોમાં તેમની મોટી ઇજ્જત છે, તેથી તેમને નુકસાન પહોંચાડવાથી સ્થાનિક અને બહારના લોકોની કટુ પ્રતિક્રિયાનો સામનો કરવો પડી શકે છે, એ નક્સલવાદીઓ જાણે છે. મેંઢા કોઈ વ્યક્તિ કે એન.જી.ઓ. નથી, જેને ડરાવીને ભગાવી શકાય. મેંઢા એક ગામ છે. વ્યક્તિનો નાશ થઈ શકે છે, ગામનો નહીં.

નક્સલી હુમલાઓના સમાચાર મધ્યભારતમાંથી પણ આવતા રહે છે. છેલ્લાં ૨૦-૨૫ વર્ષોમાં સરકારની ક્ષમતાના અભાવે આ આંદોલન વધ્યું છે. મહારાષ્ટ્ર માટે આ વાત વધુ સાચી છે. મહારાષ્ટ્રના નેતાઓ માટે ગઢચિરોલી જિલ્લાનું જાણે અસ્તિત્વ જ નથી. મહારાષ્ટ્રની રાજનીતિ પશ્ચિમ મહારાષ્ટ્રના થોડાક નેતાઓના હાથમાં કેદ છે. તેઓ પોતાના સ્વાર્થની બહાર કાંઈ જોતા જ નથી, તેમનું ધ્યાન પોતાના ક્ષેત્રના વિકાસ કરતાં મુંબઈ-પુનાની શહેરી જમીનો કબજે કરીને માલામાલ થવામાં છે. મહારાષ્ટ્રના અન્ય વિસ્તારોના ધારાસભ્યોને પણ તેઓ આ જ રસ્તે ખેંચી રહ્યા છે. ફક્ત ગઢચિરોલી જ નહીં, મહારાષ્ટ્રના બધા અવિકસિત, દુષ્કાળગ્રસ્ત, વંચિત વિસ્તારો મહારાષ્ટ્રના નેતાઓની ભ્રષ્ટ અને સ્વાર્થી રાજનીતિના કારણે ઉપેક્ષિત રહ્યા છે. જ્યાં સુધી આ પરિસ્થિતિમાં ફેરફાર ન થાય ત્યાં સુધી મહારાષ્ટ્રનો સર્વાંગી અને સંતુલિત વિકાસ નહીં થાય, અને તો વંચિત વિસ્તારોમાં અસંતોષ વધતો રહેશે. તેમ છતાં આ વિશાળ લોકશાહી દેશમાં નક્સલીઓ સફળ થઈ શકવાના નથી.

(ક્રમશઃ) – **મિલિંદ બોકીલ**

અનુ. કિશોર દેસાઈ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભાવનગરમાં યોજાયેલ ભૂમિપુત્ર અમૃત મહોત્સવ અને વાચક મિલન

**પ્ર**જાહિતને સર્વોપરી સમજી તેમની સમસ્યાઓના વાસ્તવિક ઉકેલોને વાચા આપતું, વિનોબા ભાવે ને ગાંધી વિચારને વરેલ 'ભૂમિપુત્ર' પાક્ષિકને ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે. એ નીમિત્તે સમગ્ર ગુજરાતમાં વિવિધ જગ્યાએ ''ભૂમિપુત્ર અમૃત મહોત્સવ''ના કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. ત્યારે ભાવનગર મુકામે પણ સર્વોદય મંડળ ભાવનગરના શ્રી ભુપતભાઈ પારેખ તથા પ્રાકૃતિક ખેતી જૂથ મીઠીવીરડી (વિસ્તાર)ના શ્રી ભરતભાઈ જાંબુચાના સંયુક્ત ઉપક્રમે તા.૯મી ઑગસ્ટ-૨૦૨૬ના રોજ શિવાનંદ આશ્રમ, શિવાજી સર્કલ-ભાવનગર ખાતે જિલ્લાના ભૂમિપુત્ર વાચકો સહિત વિનોબા અને ગાંધીજીના વિચારોથી પ્રેરિત શૈક્ષણિક સંકુલોના કાર્યકરોનું મિલન યોજાઈ ગયું. જેમાં શાળા શિક્ષણનું મહત્ત્વ અને લોકશિક્ષણની વાતો પર વિશેષ ભાર મૂકીને જિલ્લાના શિક્ષણવિદો પૈકીના લોકભારતી સણોસરાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ડૉ. અરુણભાઈ દવે, આ જ સંસ્થાના પ્રો. વિશાલ ભાદાણી તથા નિવૃત્ત શિક્ષણ નિયામક ડૉ. નલીનભાઈ પંડિત અને નિવૃત્ત પ્રાધ્યાપક રક્ષાબહેન દવેએ ઉપસ્થિત રહીને વિષયને અનુરૂપ માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત બાળકો દ્વારા ગાંધીજીનાં ૧૧ વ્રતોની પ્રાર્થના દ્વારા કરવામાં આવી. શરૂઆતમાં સર્વોદય મંડળ ભાવનગરના ભુપતભાઈ પારેખ દ્વારા સૌને આદરપૂર્વક આવકારવામાં આવ્યા. અને મંચસ્થ મહેમાનોનું ખાદીના રૂમાલ આપીને સ્વાગત કરવામાં આવ્યું.

ભૂમિપુત્રના સહ સંપાદક શ્રી સ્વાતિબહેન દ્વારા ભૂમિપુત્ર શરૂ કરવાના પાયામાં રહેલા સ્થાપકો/તંત્રીઓના વિચારો અને બદલાતા સમય સાથે પાક્ષિકને ચલાવવા સમયાન્તરે આવેલા પડકારો સામે ઝઝૂમીને પણ અડીખમ ઊભા રહેલા મહાનુભાવોની નિષ્ઠાને યાદ કરી. અને ભૂમિપુત્રની સમાજ- પરિવર્તન અને સમાજઘડતરમાં રહેલી ભૂમિકાની વિગતે વાત કરી હતી. પ્રજાને શું ગમશે એના કરતાં પ્રજા-હિત શેમાં રહેલું છે - એ વાત પત્રકારત્વએ કરવી જોઈએ, જે ભૂમિકા ભૂમિપુત્રએ હંમેશ નિભાવી છે. તેની વિગતે વાત સ્વાતિબહેન દ્વારા મૂકવામાં આવી.

લોકભારતી-સણોસરાના પ્રો.વિશાલ ભાદાણીએ પણ શિક્ષણની નવી ક્ષિતિજોની વાત કરતાં બદલાતી શિક્ષણપદ્ધતિઓ, પડકારો અને તુલનાત્મક અસરો વિષે વૈશ્વિક આંકડાઓ સહિતની માહિતી આપી હતી. AI (કૃત્રિમ બુદ્ધિ)નાં સારાં પાસાઓની સમીક્ષા કરીને સરળ રીતે ઉપલબ્ધ શૈક્ષણિક સંશોધનાત્મક માહિતીને ઉપયોગમાં લેવા પર ભાર મૂક્યો. અને શિક્ષણને માળખામાંથી બહાર લાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. શિક્ષણના નવા આયામો અને પરિવર્તન ટેક્નોલોજી આપણો સાર્વત્રિક મિત્ર છે. તે અત્યારના ડીજીટલ યુગમાં ઉપયોગી હોવાની વાતને દોહરાવી હતી.

નિવૃત્ત શિક્ષણ નિયામક ડૉ. નલીનભાઈ પંડિતે પુસ્તકિયા શિક્ષણ પદ્ધતિને બદલવાની વાત કરી. અગાઉ શિક્ષણનું સ્તર ઊંચું હતું તેમજ જીવનોપયોગી પણ હતું - સમયાન્તરે શિક્ષણ એ સત્તા અને સંપત્તિ ટકાવવાની જરૂરિયાત આધારિત બનાવી દેવામાં આવ્યું. અંગ્રેજોના સમયમાં વહીવટ, સત્તા સામે અવાજ ન ઊઠે એ માટે સાર્વત્રિક શિક્ષણને ભાંગી નાખવાના કરવામાં આવેલા કારસા સાથે વહીવટ કરવા જી હજૂરી-વાળી નોકરી આધારિત શિક્ષણપદ્ધતિ દાખલ કરવામાં આવ્યાની વિગતે માહિતી આપી. જેની સામે દેશમાં ચલાવવામાં આવતી ગાંધી અને વિનોબાના વિચારોને આધીન 'બુનિયાદી શિક્ષણ પદ્ધતિ' ઉપયોગી હોવા અને તેને વધુ પ્રાધાન્ય આપવા પર તેમણે ભાર મૂક્યો હતો.

ત્યારબાદ નિવૃત્ત પ્રાધ્યાપક રક્ષાબહેન દવેએ છત્રીની વાર્તા દ્વારા મન અને આત્માની સમજ આપી હતી. મનની વાત નહીં પરંતુ આત્માના અવાજને ઓળખવાની આજે જરૂર છે. બાળકોને પણ અધ્યાત્મનું શિક્ષણ આપવું જરૂરી છે. બાળકો પણ આત્મા વિશે સમજી શકે છે તેનું દૃષ્ટાંત સાથે વર્ણન તેમણે કર્યું હતું. તેને માટે ભૂમિપુત્રનું પા પાનું રાખો એવી રજૂઆત તેમણે કરી હતી. વિનોબા કહેતા કે 'શાંતિ એટલે અશાંતિ સહન કરવાની ત્રેવડ'. વેદકાલીન ઋષિઓએ પણ આવી વ્યાખ્યા આપી ન હતી તે વિનોબાજીએ આપી.

લોકભારતી સણોસરાના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અરુણભાઈ દવેએ અધ્યાત્મ અને લોકશિક્ષણ એ વિષય પર વાત કરતાં જણાવ્યું કે, પર્યાવરણ અને લોકસંપર્કના અર્થમાં આપણે સહુ ભૂમિપુત્રના ઓશિંગણ છીએ. ભૂમિપુત્રએ પર્યાવરણ, વિશ્વપ્રવાહો તેમજ અધ્યાત્મ વિશેના વિશિષ્ટ લેખો ઉપરાંત યજ્ઞ પ્રકાશન દ્વારા વિશ્વના મહત્ત્વના વિચારકોના વિચારો ગુજરતીમાં ઉતારીને મહત્ત્વનાં પુસ્તકો ગુજરાતની જનતાને આપ્યાં છે.

આત્માનો સ્વીકાર એટલે અધ્યાત્મ. આત્માએ, આત્મા થકી આત્માને પામવાનો છે. પાણીને તરસ લાગે એમ અભાવો આપણને







YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સતાવે છે. ''જે છે'' એના સુખ કરતાં ''જે નથી'' એનું દુઃખ આપણને વધુ પરેશાન કરે છે. ત્યારે માંહ્યલો રાજી થાય એ કામ કરવું એટલે અધ્યાત્મ. ''અવિદ્યા એટલે ખોળિયું'' અને ''વિદ્યા એટલે આત્મા.'' આત્માને ખુશ રાખીશું ત્યારે જ શાંતિ પ્રવર્તશે. તે જ અધ્યાત્મનો સાચો રસ્તો છે તે વાત કરી હતી. ભૂમિપુત્રનું લોકઉપયોગી પ્રકાશન તરીકે મહત્ત્વ સમજાવતાં અરુણભાઈએ કહ્યું કે મારા ઘરે ૨૫ સામયિકો આવતાં. અને મારા બાપુજી તે પૈકી ભૂમિપુત્ર સૌ પહેલાં વાંચી જતા. એટલી તટસ્થતા સાથે દેશના સમુદાયના ક્રાંતિકારી અને સાચી દિશાના બદલાવની દિશામાં સરળ રીતે રજૂ થતું પાક્ષિક ગણાવ્યું હતું.

ભાવનગરના જાણીતા નિવૃત્ત વકીલ વરિષ્ઠ એવા વિનુભાઈ ગાંધીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરીને વિકાસમાં ભૂમિપુત્ર પાક્ષિકની અહમ ભૂમિકા હોવાની વાત કરી. જે લોકશિક્ષણ અને છેવાડાના સુમદાયના સવાલો અને વાસ્તવિક ઉકેલોની વાતને વાચા આપતું પાક્ષિક હોવા પર ભાર મૂક્યો. અત્યારની વિકાસની વિભાવનાને ઉપદ્રવી ગણીને તેવો વિકાસ કોઈ કામનો ન હોવાની વાત કરી. અને ભૂમિપુત્ર પાક્ષિક જીવતું રાખવાની જવાબદારી લીધી હતી. અને સાત ખોટના ભૂમિપુત્રને સાચવવાની ઉપસ્થિત સહુને વિનંતી કરી હતી.

દિવ્ય જીવનસંઘના સ્વામીએ પણ ખોળિયાની ખેવના ન કરતાં માંહ્યલાની ખેવના કરવાનું સૂચન કરીને સારું વિચારવા-સારું કરવા કહ્યું હતું. અને સ્વધર્મ પાળવાની સમજ આપી હતી.

આજે ગાંધીજી વિશે જે ગેરસમજો અને નકારાત્મક વાતો ફેલાવવામાં આવે છે તે અંગે સ્વામીજીએ ઊંડું દુઃખ વ્યકત કર્યું હતું. અને આંખમાં આંસુ સાથે ગાંધીજી વિશેની સ્વામી શિવાનંદજીની પ્રેમાંજલિ 'ચિદાનંદ જ્યોત'માંથી વાંચી સંભળાવી હતી તે અહીં ટૂંકમાં જોઈએ :

''બ્રહ્મ અનંત છે. બ્રહ્મ જ કેવળ વાસ્તવિક સત્તા છે. બ્રહ્મ સ્વતંત્ર અને સ્વયંભૂ છે. સીમિત અને સાન્ત વસ્તુ ક્યારેય સ્વયં સત્તાત્મક, વાસ્તવિક અને સ્વાશ્રિત નથી હોતી; એવી વસ્તુને પોતાની સત્તા માટે બીજી એક સત્તા (બ્રહ્મ) પર આધાર રાખવો જ પડે છે.''

* * *

''તમારે વ્યાવહારિક વેદાંતી થવું જોઈએ, કેવળ સિદ્ધાંતોનું ખંડન-મંડન કરવું અને પ્રવચન આપવાં, એ તો એક પ્રકારની કસરત માત્ર જ છે. એનાથી સાચો લાભ થવાની તલમાત્ર પણ આશા રાખશો નહીં. જો તમે વેદાંતને વ્યાવહારિકતા અથવા ક્રિયાત્મકતાના તાણાવાણામાં નહીં વણી શકો તો કેવળ સિદ્ધાંતો પોપટની જેમ બોલી જવાનો કંઈ જ અર્થ નથી.''

* * *

''યોગી અથવા તો સંન્યાસી મહાત્માઓ, જેઓ પર્વતની ગુફાઓમાં વસતા હોય અથવા તો જંગલમાં ફર્યા કરતા હોય, તેઓ પોતાના મનમાં સ્થાયી શાંતિ રાખી શકે, પરંતુ એ જ મહાપુરુષો શહેરના ધાંધલવાળા વાતાવરણમાં આવીને પોતાની માનસિક શાંતિ ખોઈ નાંખે તો તેઓ સાચા યોગી કે વ્યવહારુ વેદાંતી નથી. એમનામાં હજી આંતરિક આત્મિક શાંતિનો અભાવ છે... સાચો યોગી પુરુષ તો કોઈ પણ અવસ્થામાં પોતાના ચિત્તની વૃત્તિઓને શાંત રાખી શકે. આ જ ગીતાનો મુખ્ય બોધ અથવા ઉપદેશ છે.''

* * *

''આ પૃથ્વી પર મહાત્મા ગાંધી કરતાં કોઈ સાચો વ્યવહારુ વેદાન્તી નથી. જીવનની દરેક ક્ષણે વેદાન્તની ક્રિયાત્મકતાનો ઢોળ તેઓ ચડાવી રહ્યા છે. આકાશ સમાન વિશાળ, હિમાલય જેવા ઊંચા અને સમુદ્ર જેવા ગંભીર હૃદયમાં આખું વિશ્વ વ્યાપ્ત છે. આત્મ બલિદાન, સેવા, સત્ય, અહિંસા, એકતા અને પવિત્રતા એ જ એમના ધર્મ છે. પરંતુ, વિશ્વની આ મહાન વિભૂતિ ક્યારેય એમ જાહેર કરતી નથી કે હું બ્રહ્મ છું; અહં બ્રહ્માસ્મિ !''

આ શબ્દો મહાત્મા ગાંધી મૃત્યુ પામ્યા તેનાં આઠ વર્ષ પહેલાં લખાયા છે. કોઈ યોગી પુરુષે ગાંધીજીને આવી ભવ્ય અંજલિ નહીં આપી હોય કારણ કે ગાંધીજી વેદાન્તી કે યોગી તરીકે જાણીતા ન હતા. જે માણસ પંડિત નહેરુ, સરદાર, જીન્હા, મૌલાના આઝાદ અને ખાન અબ્દુલ ગફારખાન જેવાઓ સાથે અગત્યની વાતચીતમાંથી પણ સમય કાઢીને બકરીને ઘાસ ખવડાવવા કે રક્તપીત્તિયાની સેવા માટે જઈ શકે, તેને 'યોગી' કહેવાનો આપણે ત્યાં રિવાજ નથી. આ દેશમાં ભાગ્યે જ કોઈ યોગી ઉત્પાદક કર્મમાં સમય બગાડે, વાતો કર્મયોગની પરંતુ જીવનમાં અકર્મણ્યતા !

ઉપસ્થિત સહુને પોતાના પ્રતિભાવ માટે ખુલ્લો મંચ મૂકતાં ભૂમિપુત્ર અંગે સૂચનો કરવા જણાવ્યું. એ અનુસંધાને બાળકો માટે સ્પેસ રાખવા, તેમજ પાક્ષિક સમયસર મળી રહે તે માટે યોગ્ય પ્રયત્નો કરવા જેવાં સૂચનો આવ્યાં હતાં. શ્રી મહેશભાઈ ભટ્ટે પણ આત્મા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

કાર્યક્રમના અંતે પ્રાકૃતિક ખેતી જૂથ (મીઠી વીરડી વિસ્તાર)ના ભરતભાઈ જાંબુચાએ આભાર પ્રવચનમાં વાત કરતાં જણાવ્યું કે, વર્તમાન AI અને સોશ્યલ મીડિયાના સમયમાં પુસ્તક વાંચનની રુચિ ઓછી થતી જાય છે. ત્યારે ભૂમિપુત્ર ક્રાંતિકારી બદલાવની વાત અને તટસ્થતા સાથે અવિરત ચાલુ રહ્યું છે. એ જ એમની સાચી દિશાની ભૂમિકા અને સફળતાનું મોટું માપદંડ છે. અને એ અનુસંધાને જ કાર્યક્રમના વક્તાઓએ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન આપીને ભૂમિપુત્રની જ્યોત જલતી રાખવા પ્રયાસ કર્યો તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ સૌ અને દિવ્ય જીવનસંઘનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભૂમપુત્રના સહ સંપાદક શ્રી પારુલબહેન દાંડીકરે કર્યું હતું.

**– ભરતભાઈ જાંબુચા**



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# બાપુગીતિકાનાં સર્જક કલ્પનાબહેન

**ગાં**ધીને યાદ કરીએ એટલે મહાદેવભાઈ, સ્વામી આનંદ, કાકાસાહેબ કાલેલકર જેવા સાહિત્યસર્જકો પણ યાદ આવે જ. એમાં ઉમાશંકરભાઈ જોશીનું પણ ઉમેરણ અચૂક કરી શકાય. એમણે ''જીવનનો કલાધર''માં નોંધ્યું છે :

*''આવશે જ ગાંધીયુગ ભારતમાં-જગતમાં,*
*ખૂણેખૂણે વાત એક ગાંધીજીની ગાજશે.*

*દસ વર્ષે, વીસ વર્ષે, અથવા હજાર વર્ષે*
*સંભવ છે વર્ષ દસ હજારે વહી જશે.*

*વિશ્વયુદ્ધોમાં રોળાઈ આખડતી રખડતી*
*અપંગ માનવતાને વાત એ જ ભાવશે,*

*શાંતિનો ટૂંકામાં ટૂંકો માર્ગ લાધશે એ ત્યારે*
*નિશ્ચય આ વિશ્વ વિષે ગાંધીયુગ આવશે.''*

આ વાતને ચરિતાર્થ કરવાના પ્રયત્નો કેટલાકે પોત-પોતાની રીતે કર્યા છે. નારાયણભાઈએ ગાંધીકથા દ્વારા, તો કલ્પનાબહેન પાલખીવાળા જેવાએ 'બાપુગીતિકા' બનાવીને. એમણે પોતાના જીવનનાં ઉત્તમ વર્ષો અને મૂડી બધું જ આ કાર્યમાં હોમી દીધું.

બાપુગીતિકા પ્રોજેક્ટ પાછળનું વિચારબીજ અને ગાંધીવિચાર સાથેનું એમનું અનુસંધાન બહુ જ રોચક છે. બાપુના આશ્રમે જવા આવનાર એક ભાઈને રીક્ષાવાળો આશારામબાપૂના આશ્રમે લઈ ગયો. વળી એટનબરોની તસવીર જોનાર બાળક એને જ ગાંધી માનતો હતો. એણે અસલ ગાંધીનો ફોટો જોયો જ નહોતો. કેટલાય વિદેશી લોકોએ ગાંધીચીંધ્યા માર્ગે ચાલી પોતાના દેશને માટે પ્રશ્નો ઉકેલ્યા અને કંઈક અભૂતપૂર્વ હાંસલ કર્યું. જેમ કે નેલ્સન મંડેલા, માર્ટીન લ્યુથર કિંગ, દાનીલો દોલ્ચી, ઑંગ સાંગ સૂકી, મલાલા યુસૂફજાઈ વગેરે. આ બધું જોતાં કલ્પનાબહેનને લાગ્યું કે બાપુ આજે પણ સુસંગત છે, પ્રાસંગિક છે.

કામ શરૂ કરતાં પહેલાં એમના મનમાં ગાંધીવિચાર યુવાનો સમક્ષ કઈ રીતે મૂકવો તે અંગે સ્પષ્ટતા હતી. ગાંધીને ગુંજતા કરવા હતા પણ કયા સંદેશ સાથે જવું, એની સ્પષ્ટતા પણ જરૂરી હતી. બાપુને લોકો વચ્ચે પાછા લાવવા મતલબ કે એમનો સંદેશ આજે પુનઃસ્થાપિત કરવો. એ માટે નીચેના સંદેશાઓની પસંદગી કરી.

(૧) પરિશ્રમ અને સદાચાર રહિત ધન ઉપાર્જન (૨) વિવેક રહિત સુખ (૩) ચરિત્ર રહિત જ્ઞાન (૪) સદાચાર રહિત વેપાર (૫) સંવેદના રહિત વિજ્ઞાન (૬) વૈરાગ્ય વિહીન ઉપાસના (૭) સિદ્ધાંત રહિત રાજનીતિ - આ બધાં સમાજનાં દૂષણો છે, એ સંદેશ પહોંચાડવાનું નક્કી કર્યું. જો આજે ૧૦૦ બાળકોમાંથી એક બાળક - વિદ્યાર્થી આ સંદેશ આત્મસાત્ કરે તો જ્યારે એ મોટો થાય ત્યારે પરિવર્તક એજન્ટ બનશે. આવા સ્પાઈરલ ઓફ ચેન્જ એજન્ટ્સ (પરિવર્તન માટેના વાહકો) તૈયાર કરવાની કલ્પનાબહેનની ઇચ્છા છે. તે માટે ખૂબ જ જહેમત અને પોતાની મૂડી ખર્ચી છે. તેમણે આ માટે જુદી જુદી ૧૪ ભાષાઓની ૧૦૮ કવિતાઓ પસંદ કરી. જેમાં ટાગોર, સુભદ્રાકુમારી ચૌહાણ, સુબ્રમણ્યમ્ ભારતી, ગિરિજાકુમારી માથુર, મૈથિલીશરણ ગુપ્ત, તેલુગુના શ્રી-શ્રી કન્નડાના કુવેમ્પુ વગેરે વગેરે. આ માટે ૧૦૦ જેટલા ગાયકો અને અનેક સંગીત સાજિંદાઓને ભેગા કર્યા. કામ સરળ નહોતું. ભાષા શુદ્ધિ - જોડણી માટે ત્રણ તબક્કે ચકાસણી કરાવવા સાહિત્ય અકાદમીઓ, કૉલેજોના જે તે ભાષાના હેડ (મુખ્ય) એડીટરો પાસે પરવાનગી મેળવવા કેટલાંય શહેરો-સ્થળોની મુલાકાત કરી.

આમાં જુદી જુદી ૧૪ મ્યુઝીક પ્રણાલીઓ જાળવી છે. હિંદુસ્તાની અને કર્ણાટીક શાસ્ત્રીય સંગીત - લોક સંગીત - ભક્તિ સંગીત - બાઉલ સંગીત - રવીન્દ્ર સંગીત - પંજાબના સોહેલા, શૌર્ય ગીતો વગેરે. કેટલાક ગાયકો અને સાજિંદા જે તે રાજ્યમાંથી બોલાવ્યા જેથી ભાષાશુદ્ધિ, લહેજો, જે તે પ્રાંત-ધરતીની મહેક જળવાઈ રહે. ઘણાં વર્ષો સુધી રેડિયો અને સમાચાર માધ્યમોમાં કલ્પનાબહેને કામ કર્યું હોવાથી આ પ્રોજેક્ટ માટે કેટલાક અવાજો (ગાયકો) એમના મનમાં નક્કી હતા આમાં ૧૫ વર્ષથી - ૭૫ વર્ષની વ્યક્તિઓએ ભાગ લીધો છે. ગાયકો પ્રોફેશનલ (વ્યાવસાયિક) છે. સંગીતમાં બી.એ., એમ.એ. કર્યું છે. કલ્પનાબહેન પોતે સંશોધન કરનારાં છે. શાસ્ત્રીય સંગીત શીખ્યાં છે. આ સઘળું કરતાં એમને લગભગ ૨૦ વર્ષ લાગ્યાં. કવિઓના કોપીરાઈટ - માલિકોને શોધવા - સમય-મહેનત નાણાં ખૂબ ખર્ચાયાં. એવરેજ એક ગીત માટે દસેક લાખનો ખર્ચ થયો. તેમણે આખા જીવનની મૂડી આની પાછળ ખર્ચી કાઢી.

એના વિશે એક ભાવિ યોજના બનાવી છે. ગીતોની સીડી - પેનડ્રાઈવના માધ્યમથી લોકો સુધી - દેશ-વિદેશના ખૂણે ખૂણે પહોંચવું. આ માટે મ્યુઝિક કોન્સર્ટ કરવી. સ્કૂલ-કૉલેજો અને સંસ્થાઓમાં - ગાંધીવિચાર ધરાવતા લોકોની સાથે ચર્ચા કરવી. વ્યાખ્યાનો યોજવાં વગેરે.

આવાં કલ્પનાબહેનનો પરિચય પણ મેળવી લઈએ. ૨૦૧૧માં માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે કાર્યરત રહ્યાં. નિવૃત્ત થયા પછી લેખન, વાંચન, ચિત્રકામ, સ્લેટ પર કોતરણી, અનુવાદ, શાહીથી સ્કેચ કરવાનું, વગેરે પ્રવૃત્તિઓમાં રસ કેળવ્યો. આગળ જેની વાત કરી તે 'બાપુગીતિકા'ના પ્રોજેક્ટમાં ૨૦ વર્ષ સુધી ખંતપૂર્વકની મહેનત કરી. તેમાં બાપુના જીવનસંદેશને આવરી લેતું ૧૪ કલાક ૩૦ મિનિટનું સુમધુર સંગીત છે. ગાંધી દર્શન લોકોમાં હૃદય સોંસરવું ઊતરી જાય તે માટેનો ભગીરથ પ્રયત્ન કર્યો છે.

કલ્પનાબહેને ભારત સરકાર માટે ૩૩ વર્ષ કામ કર્યું. જેમાં બહુક્ષેત્રીય અને બહુસાંસ્કૃતિક ટીમો સાથે કામ કરવાનો અનુભવ મેળવ્યો. આકાશવાણીમાં ગુજરાતી સમાચાર વાચક તરીકે અમદાવાદ-દિલ્હી બે કેન્દ્રો પર કાર્ય કર્યું. પત્રવ્યવહાર વિભાગ - દશ્ય-શ્રાવ્યવિભાગ, પ્રદર્શન કેન્દ્ર તેમજ વિદેશ મંત્રાલયમાં ઇન્ડિયન એન્ડ ફોરેન મેગેઝિન રીવ્યુના મંત્રી તરીકે અને પ્રકાશન વિભાગ, પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો વગેરે દ્વારા પ્રસારણ - પ્રિન્ટેડ દુનિયા અને ઈલેક્ટ્રોનિક દુનિયાનું વિશાળ જ્ઞાન મેળવ્યું. પ્રકાશન વિભાગ થકી વ્યાપક વિષયો પર ૧૨૦ કરતાં વધુ પુસ્તકો તૈયાર કર્યાં. પ્રેસ ઇન્ફર્મેશન

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શિક્ષણનો દીપ પ્રગટાવનાર એક ગાંધીવાદી શિક્ષકને ચોથી પુણ્યતિથિ નિમિત્તે

# દીવો હજી બળે છે

**ચા**ર વર્ષ થયાં પૂ. ગોવિંદભાઈ રાવલ આપણી વચ્ચે નથી, અને છતાં આજે એ જ ગામમાં, એ જ શાળાના આંગણમાં લોકો ભેગા થશે. એ શાળા, જેની ઈંટ એમણે પોતાના હાથે અને પોતાનાં સપનાંથી ચણી હતી. ખૂબ દૂરથી હું આ શબ્દો મોકલું છું, અને મને ખબર છે કે શબ્દો હાજરીની જગ્યા લઈ શકતા નથી. પણ કેટલાક માણસો એવા હોય છે જેમની હાજરી ભૂગોળને ગણકારતી નથી. ભાઈ એવા હતા. જ્યાં જ્યાં સંસ્થાનું કોઈ બાળક પહેલી વાર પાટી પર અક્ષર પાડે છે, ત્યાં ત્યાં એ ઊભા છે.

જેઓ આજે ત્યાં બેઠા છે, તેમને મારી એક જ વિનંતી છે : થોડી ક્ષણ માટે આંખ મીંચો, અને આજના આ ગામને ભૂલી જાઓ. પાકા રસ્તા ભૂલો, વીજળીના થાંભલા ભૂલો, છાપરે લાગેલી ડિશ ભૂલો, ખિસ્સામાં પડેલો ફોન ભૂલો અને સિત્તેર વર્ષ પાછળ જાઓ. સ્વતંત્રતાની હમણાં જ સવાર પડી હતી એ વખતે.

દિલ્હીના કિલ્લા પર ધ્વજ ફરકી ચૂક્યો હતો, પણ ગુજરાતના આ ખૂણે તેનો પડઘો પહોંચતાં વાર લાગી હતી. આ ગામમાં ધૂળિયો રસ્તો હતો, જે ચોમાસામાં કાદવ થઈ જતો અને ગામને ચાર મહિના માટે દુનિયાથી કાપી નાખતો. રાત પડે ને દીવાની ધ્રૂજતી જ્યોત સિવાય કશું નહોતું. શાળા તો શું, દવાખાનું નહોતું. દુકાળ આવે ત્યારે માણસો ઢોર લઈને હિજરત કરતા. ચારે બાજુ ગરીબી હતી, અજ્ઞાન હતું, અને અજ્ઞાનની છાયામાં ઊછરેલી અંધશ્રદ્ધા હતી. મોટા ભાગનાં ઘરોમાં એક પણ માણસ એવો નહોતો જે પોતાનું નામ લખી શકે. કાગળ આવે તો ગામમાં કોઈ એકાદ ભણેલા માણસને શોધવો પડતો. અને એ વાંચી આપે તે સાચું માનવું પડતું. અંગૂઠો એ જ સહી હતી, અને અંગૂઠાની સાથે લાચારી પણ આવતી. દીકરીઓ માટે તો શાળા શબ્દ જ પરાયો હતો ! આઠ વર્ષની છોકરી પાણી ભરતી, ભાઈને તેડતી, અને પંદરમે વર્ષે સાસરે જતી. કોઈને એમાં અન્યાય દેખાતો નહોતો, કારણ કે બીજું કશું જોયું જ નહોતું.



એવા સમયે શાળા શરૂ કરવાની વાત આજે જેટલી સહેલી લાગે છે, એટલી ત્યારે નહોતી. ત્યાં પૈસા કરતાં વધારે વિશ્વાસની જરૂર હતી, ઈમારત કરતાં વધારે સંકલ્પની જરૂર હતી, અને સરકારી સહાય કરતાં વધારે લોકસહકારની જરૂર હતી. અને એ ત્રણેય ભેગાં કરવાં પડે એક ઘરથી બીજા ઘર સુધી ચાલીને, એક પછી એક માણસને સમજાવીને.




એ સમયે, એ જગ્યાએ, આ ગામના જ એક જુવાન માણસે નક્કી કર્યું કે અહીં નિશાળ થવી જોઈએ. ખાદીનો ઝભ્ભો, ખભે થેલો, અને મનમાં ગાંધીબાપુનો એક સાદો વિચાર કે સ્વરાજ કાયદાથી નહીં, કેળવણીથી ટકશે; અને ગ્રામસ્વરાજનું મૂળ ગામની નિશાળમાં છે. એમને માટે ગાંધીવિચાર એટલે માત્ર ખાદી પહેરવી કે ગાંધીજીનું નામ લેવું નહોતું. સત્ય, સાદગી, સેવા, સ્વાવલંબન, સમાનતા અને માનવપ્રેમ આ છ શબ્દો એમના જીવનમાં રોજ સવારે ઊઠીને પળાતા હતા. અને એ માનતા હતા કે શિક્ષણ એ નોકરી મેળવવાનું સાધન નથી; શિક્ષણ માણસને વિચારતો, સમજતો અને જવાબદાર નાગરિક બનાવે છે. પાસે મૂડી નહોતી, મકાન નહોતું, પગાર આપનાર કોઈ નહોતું. હતી માત્ર જીદ, જે સાચા ગાંધીજનની એકમાત્ર મિલકત હોય છે.

શરૂઆત વડના ઝાડ નીચે થઈ હોય કે ગામની ધર્મશાળામાં, પણ સૌથી અઘરું કામ વર્ગ ચલાવવાનું નહોતું - બાળકોને વર્ગ સુધી લાવવાનું હતું. એ કામ ખરેખર લોઢાના ચણા ચાવવા જેવું હતું. ગોવિંદભાઈ અને સુમતિબહેન ઘરે ઘરે ફર્યાં. જે માબાપ પોતે નિરક્ષર હતાં, જેમને માટે દીકરો એટલે ખેતરમાં એક વધારાનો હાથ, તેમને સમજાવવાનું હતું કે આ છોકરાને આજે ખેતરે નહીં, નિશાળે મોકલો. કેટલાયે ના પાડી હશે. કેટલાયે મોઢે કહ્યું હશે કે ભણીને શું કરશે, આપણું ભાગ્ય તો આ જ છે. ગોવિંદભાઈએ એક જ જવાબ વારંવાર આપ્યો હશે આજે ખેતરે જશે તો એક ટંકનો રોટલો મળશે, નિશાળે જશે તો સાત પેઢીની ભૂખ ભાંગશે. અને પછી, જે માણસ દલીલથી ન માને તેની સામે એ ચૂપચાપ પોતાનું જીવન મૂકી દેતાઃ પોતે ઓછું લીધું, ઓછું પહેર્યું, ને છોકરાઓ માટે પાટી-પેન ભેગી કરી.

એમની કેળવણી માત્ર ચોપડીની નહોતી. ગાંધીજીની નઈ તાલીમનો અર્થ એ સમજ્યા હતા અને જીવ્યા હતા - હાથ, હૃદય અને મસ્તક, ત્રણેયને સાથે કેળવવાં. એટલે વર્ગમાં ગણિત ભણાવ્યું, અને વર્ગની બહાર બાગકામ. પ્રાર્થના શીખવી, અને સાથે સફાઈનું ગૌરવ પણ. કોઈ છોકરો કઈ જ્ઞાતિનો છે એ પૂછવાનું એમની શાળામાં નહોતું; સૌ એક જ પંગતમાં બેસતા, અને એ વખતના ગામડામાં એ કેટલી મોટી ક્રાંતિ હતી તે આજની પેઢી કદાચ કલ્પી પણ નહીં શકે.

અને દીકરીઓ. મને લાગે છે કે એમનું સૌથી મોટું કામ એ હતું. જે ઘરમાં દીકરીને ભણાવવી એટલે નાહકનો ખર્ચ ગણાતો, ત્યાં જઈને એમણે માબાપને કહ્યું હશે કે એક દીકરી ભણશે તો બે કુટુંબ ભણશે. જે પહેલી છોકરી ડરતાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ડરતાં એ વર્ગમાં આવીને બેઠી હશે, તેને ખબર નહીં હોય કે તે ઇતિહાસ લખી રહી છે.

એટલે એમણે માત્ર એક શાળાની સ્થાપના નહોતી કરી, એમણે એક આખા આ પ્રદેશના ભવિષ્યની સ્થાપના કરી હતી.

હવે આંખ ખોલો, અને એ જ ગામને આજે જુઓ.

એ જ ધૂળિયો રસ્તો હવે ડામરનો છે. એ જ ઘરોમાં દીવાને બદલે વીજળી છે. જે માબાપ અંગૂઠો કરતાં હતાં તેમનાં પૌત્ર-પૌત્રીઓ કમ્પ્યુટર પર કામ કરે છે. ગામમાં શિક્ષકો છે, ડૉક્ટરો છે, ઇજનેરો છે, અમલદારો છે, વેપાર-ઉદ્યોગ ચલાવનારા છે અને એ બધાની પાછળ ક્યાંક ને ક્યાંક એક જ મૂળ છે : એક નિશાળ, જે ત્યારે શરૂ થઈ જ્યારે અહીં કશું નહોતું. સમૃદ્ધિ આકાશમાંથી નથી પડી. તે ભણતરમાંથી ઊગી છે. કોઈ યોજનાએ નહીં, કોઈ નેતાએ નહીં એક શિક્ષક દંપતીએ આ ગામ અને સમગ્ર પ્રદેશનું ભાગ્ય બદલ્યું, અને તે એટલી ધીરજથી બદલ્યું કે બદલાવ થતો હતો ત્યારે કોઈને ખબર પણ ન પડી.

એક આંકડો છે જે મને દર વખતે સ્તબ્ધ કરી દે છે. આ સંસ્થામાંથી આજ સુધીમાં સાત હજારથી વધુ પ્રાથમિક શિક્ષિકાઓ તૈયાર થઈ છે. અને એ સિલસિલો હજી ચાલુ છે. જરા ગણતરી કરો. એક શિક્ષક પોતાની ત્રીસ વર્ષની કારકિર્દીમાં ઓછામાં ઓછાં હજારેક બાળકોના હાથમાં અક્ષર મૂકે છે. સાત હજારને હજારે ગુણો. સિત્તેર લાખ. સિત્તેર લાખ બાળકો - ગુજરાતના ખૂણેખૂણાનાં ગામડાંમાં બેઠેલાં, જેમાંનાં મોટા ભાગનાંએ ભાઈ-બહેનનું નામ પણ સાંભળ્યું નહીં હોય, અને છતાં જેમની પાટી પર પડેલો પહેલો અક્ષર એ આ સંકલ્પમાંથી નીકળ્યો છે.

અને શિક્ષક માત્ર પાઠ્યપુસ્તકનો પાઠ ભણાવતો નથી. એ બાળકમાં આત્મવિશ્વાસ જગાડે છે, વિચારવાની શક્તિ કેળવે છે, સાચા-ખોટાનો ભેદ સમજાવે છે, અને એ રીતે આવતીકાલનો સમાજ ઘડે છે. એટલે સાત હજાર શિક્ષિકાઓ તૈયાર કરવી એ સાત હજાર નોકરીઓનું સર્જન નથી; એ ગુજરાતના હજારો વર્ગખંડોનું અને લાખો બાળકોના ભવિષ્યનું નિર્માણ છે. એક શિક્ષકે હજારો શિક્ષકો ઘડ્યા, અને એ હજારો શિક્ષકોએ લાખો જીવન ઉજાળ્યાં. આનાથી મોટી શ્રદ્ધાંજલિ બીજી કઈ હોઈ શકે?

ભાઈ-બહેને પોતે આ ગણતરી ક્યારેય કરી નહોતી. એ સ્વભાવે એવા હતા જ નહીં. જેમણે એમને જોયા છે તેઓ જાણે છે. સાદાં બે જોડ ખાદીનાં કપડાં અને એક પણ વધારાનો શબ્દ નહીં. જે માણસે હજારો શિક્ષકો ઘડ્યા તેણે પોતાના ઘરમાં કશું ભેગું ન કર્યું. અમારે ત્યાં શરૂઆતમાં પૈસા નહોતા, પણ પુસ્તકો હતાં; ઠાઠ નહોતો, પણ ટેક હતી. મને એ ક્યારેય ઉપદેશ આપતા સાંભળ્યાનું યાદ નથી. એ માત્ર જીવતા હતા, અને એ જીવન જ ઉપદેશ હતું. આજે એમની પુણ્યતિથિ પર જે માન એમને મળે છે તે એમણે માગ્યું નહોતું; ઊલટું, આટલા લોકો ભેગા થયા છે તે જાણીને એ સંકોચાઈ ગયા હોત, અને કહ્યું હોત કે આ બધો સમય કોઈ બાળકને ભણાવવામાં વાપર્યો હોત તો સારું.

મૃત્યુ પછી ચાર વર્ષે પણ એમની ખોટ ઓછી થઈ નથી. પણ ધીરે ધીરે એક વાત સમજાય છે : કેટલાક માણસો પૂરેપૂરા મરતા નથી. ભાઈ-બહેનનું સ્મારક પથ્થરનું નથી. એમનું સ્મારક રોજ સવારે વાગતા અનેરા-વૃંદાવનની શાળાઓના ઘંટ છે. એ પ્રાર્થનાના સૂરમાં છે, હાજરીપત્રકમાં પોકારાતાં નામોમાં છે, બ્લેકબોર્ડ પર રોજ લખાતા પહેલા અક્ષરમાં છે. જ્યાં સુધી આ ઘંટ વાગે છે, ત્યાં સુધી એ ગયા નથી.

અને એટલે જ આજનો પ્રસંગ કેવળ શોકનો નથી, જવાબદારીનો છે. આજે આપણે માત્ર એમને યાદ ન કરીએ; આપણી જાતને એક પ્રશ્ન પણ પૂછીએ. એમણે જે કામ શરૂ કર્યું હતું, તેને આગળ લઈ જવા માટે આપણે શું કરીશું? સમય બદલાયો છે. આજે ડિજિટલ ટેક્નોલોજી, ઇન્ટરનેટ અને AIનો યુગ છે. પણ કેળવણીનો મૂળ હેતુ આજે પણ એ જ છે - માણસને વધુ સારો, વધુ સંવેદનશીલ, વધુ જાગ્રત અને વધુ જવાબદાર બનાવવો. નવી પેઢીને આધુનિક જ્ઞાનની સાથે સેવા અને માનવતાનાં મૂલ્યો આપવાની જવાબદારી હવે આપણી છે. હજી પણ કેટલાંય બાળકો છે જેમના સુધી અક્ષર પહોંચ્યો નથી; ભણતરનું સ્વરૂપ બદલાયું છે, પણ ભણતરની ભૂખ એવી ને એવી છે. હું મારી રીતે, આપણી ભાષા અને ગુજરાતી સાહિત્યને નવી પેઢી સુધી પહોંચાડવાના કામમાં, એ જ દીવો હાથમાં લઈને ચાલું છું - બીજા દેશમાં, બીજાં સાધનોથી, પણ એ જ સંકલ્પથી.

આ પ્રસંગે આ જ ગામના એમના સાથીઓને પણ યાદ કરીએ જેમણે આ સંકલ્પ અને સંસ્થાના વિકાસમાં ભગીરથ ફાળો આપ્યો છે. સંસ્થાના સંચાલકો, આચાર્યશ્રીઓ, સૌ શિક્ષકગણ, સમગ્ર વિશ્વમંગલમ પરિવાર, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને આજે ઉપસ્થિત સૌનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. ભાઈ-બહેનની સ્મૃતિને જીવંત રાખવા માટે અને એમણે માંડેલા આ શિક્ષણયજ્ઞને અવિરત આગળ ધપાવવા માટે આપ સૌ અભિનંદનના અધિકારી છો. મારું આ કાગળ પરનું વંદન આપ સૌના ચરણોમાં પણ છે.

દીવો સોંપાય ત્યારે તેને પૂજવાનો નથી હોતો, આગળ લઈ જવાનો હોય છે. તો આજે એમની સ્મૃતિને વંદન કરતાં આપણે સૌ સાથે મળીને એક સંકલ્પ કરીએ : શિક્ષણનો આ દીપ ક્યારેય બુઝાવા દઈશું નહીં. જ્ઞાનની આ યાત્રા અટકવા દઈશું નહીં. અને છેવાડાના છેલ્લા બાળક સુધી અક્ષર પહોંચાડવાનું એમનું સ્વપ્ન અધૂરું રહેવા દઈશું નહીં.

ભાઈ, તમે જે ધૂળમાં પહેલું બી વાવ્યું હતું ત્યાં આજે વડ ઊભો છે. હું એની છાયામાં નથી બેઠો, પણ મને ખબર છે કે એ છાંયડો ક્યાં સુધી પહોંચ્યો છે. તમારો દીવો હજી બળે છે અને હવે એ એકલો નથી, સાત હજાર દીવા સાથે બળે છે.

પૂ. ભાઈ અને બહેનનાં ચરણોમાં કોટિ-કોટિ પ્રણામ. એમનો વિચાર-વારસો સદા અમર રહો.

(તા. ૨જી ઑગસ્ટ ગોવિંદભાઈ રાવલની ચોથી પુણ્યતિથિ નિમિત્તે એમના મૂળ વતન, જ્યાં શાળાની શરૂઆત થઈ હતી તે હાડિયોલ ગામમાં યોજાયેલ ગ્રામસભા માટે લખાયેલ વક્તવ્ય.) **- અતુલ રાવલ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભૂમિપુત્ર વર્ષ ૭૩ (૧૬-૯-૨૦૨૫ થી ૧-૯-૨૦૨૬)ની વિષયવાર સૂચિ


★ *વિનોબા વિચાર*

૧. મનને જાણીએ ૧-૧૯, ૨-૨૦, ૩-૨૧, ૪-૨૨,
૨. આત્માને જાણીએ ૧ થી ૧૯. ૫-૧, ૬-૧, ૭-૧, ૮-૧, ૯-૧, ૧૦-૧, ૧૧-૧, ૧૨-૧, ૧૩-૧, ૧૪-૧, ૧૫-૧, ૧૬-૧, ૧૮-૧, ૧૯-૧, ૨૦-૧, ૨૧-૧, ૨૨-૧, ૨૩-૧, ૨૪-૧
૩. ભૂદાનયજ્ઞનો તત્ત્વ વિચાર ૧૨-૯
૪. ભૂદાનયજ્ઞ : ગઈકાલ, આજ અને આવતીકાલ : ૧ ૧૪-૮
૫. ભૂદાનયજ્ઞ : ગઈકાલ, આજ અને આવતીકાલ : ૨ ૧૬-૮
૬. આંતરરાષ્ટ્રીય શાંતિસેના ૧૭-૧
૭. મુને ચાકર રાખોજી ૨૦-૪

★ *અધ્યાત્મ*

૧. જીવનકાવ્ય અને શાંત રસ ૩-૧૪
૨. અંતઃકરણો ૪-૮
૩. ફક્ત એક શબ્દ ૭-૨૦
૪. ડૉ. પંકજ જોશીની નજરે 'વિજ્ઞાન અને અધ્યાત્મ'-૧ ૧૯-૨૦
૫. ડૉ. પંકજ જોશીની નજરે 'વિજ્ઞાન અને અધ્યાત્મ'-૨ ૨૧-૪
૬. ડૉ. પંકજ જોશીની નજરે 'વિજ્ઞાન અને અધ્યાત્મ'-૩ ૨૩-૧૬

★ *ગાંધી વિચાર*

૧. ધર્મવિચાર અને ગાંધીજી ૨-૮
૨. રાષ્ટ્રપિતાનો વારસો એમના વંશજો જ નથી. ૨-૧૪
૩. મહાત્મા ગાંધી અને અરવિંદ ઘોષ ૪-૭
૪. ગાંધીજી અને શ્રી અરવિંદના વિકાસવાદી વિચાર-૨ ૫-૨
૫. ,, ,, ,, -૩ ૬-૮
૬. માનવીના સંબંધમાં બંને (ગાંધી-અરવિંદ)ના વિચાર - ૪ ૭-૪
૭. ગાંધીજી અને અરવિંદનો રાજ્યના સંબંધમાં આધ્યાત્મિક દૃષ્ટિકેણ (૫) ૮-૫
૮. સત્યના પ્રયોગો અથવા આત્મકથા ૮-૧૨
૯. સામાજિક અને રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર (૬) ૯-૫
૧૦. સામાજિક અને રાજનીતિક રૂપાંતરનાં સાધનો પર વિચાર (૭) ૧૦-૫
૧૧. લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન - ૮ ૧૧-૪
૧૨. લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન - ૯ ૧૨-૪
૧૩. ગાંધીજી : એક ચમત્કાર ! ૧૨-૧૭
૧૪. લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન - ૧૩-૪
૧૫. ગાંધીજી અને અરવિંદની ભાવિ સમાજ અંગેની અવધારણા ૧૪-૪
૧૬. ગાંધીજી અને ભારતની એકતા ૧૪-૧૦
૧૭. ગાંધીજી અને અરવિંદની ભાવિ સમાજ અંગેની અવધારણા-૨ ૧૫-૪
૧૮. નિષ્કર્ષ ૧૬-૪
૧૯. ૧૯૨૨ની સાલનો ગાંધી પરનો મુકદ્દમો ૧૯-૪
૨૦. સંવત્સરી અને ગાંધી ચિંતન ૧૯-૬
૨૧. મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ પુસ્તક લેખમાળા -૧૪ : નિષ્કર્ષ ૨૦-૪
૨૨. બાપુગીતિકાનાં સર્જક કલ્પનાબહેન ૨૪-૧૪

★ *સાંપ્રત*

૧. ભારતમાં યુવાનોને ભરખી જાય છે આત્મહત્યા! ૨-૧૧
૨. અશ્વિન કારીઆની નજરે : બાળકો અને ભક્તો દુર્ઘટનાનો શિકાર ૩-૧૫
૩. ગાઝામાં ઈઝરાયેલના નરસંહાર મુદ્દે હિંદુત્વ માનવતાની કસોટીમાં નિષ્ફળ રહ્યું છે. ૫-૮
૪. ત્યારે મારી આંખ રડે છે. ૫-૧૧
૫. અશ્વિન કારીઆની નજરે.. : સોનમ વાંગચૂક દેશદ્રોહી ? ૦ ભાંગફોડ દુર્ઘટનાઓમાં જીવ ગુમાવતા કમભાગી દેશવાસીઓ ૦ ચોંકાવનારો મૃત્યુ આંક ૫-૧૬, ૫-૧૭
૬. વિશેષ સઘન સુધારા (SIR) : લોકશાહીમાં તમારો અધિકાર અને જવાબદારી ! ૬-૧૨
૭. દેશમાં જાગતિક અવસ્થાનો પડઘો ૬-૨૨
૮. લોકશાહીનો ઝીણો પણ મધુર ધ્વનિ ૮-૧૧
૯. ૨૦૨૫ વિશ્વવિજેત્રી ખેલાડીઓનું વર્ષ ૮-૨૦
૧૦. એકવીસમી સદીની પ્રથમ પચ્ચીસીનું ગુજરાત ૧૦-૨૧
૧૧. ડિજીટલ લતની ઘાતક પકડ : ગાઝિયાબાદની ત્રણ બહેનોની મૌન ચેતવણી ૧૨-૨૧
૧૨. અમેરિકા સાથે વેપાર કરાર : આપણા મતથી ચૂંટાયેલી સરકાર તો ગુલામી આંગણે લાવી ! ૧૪-૧૫
૧૩. બસ્તરના આદિવાસીઓ જમીન જંગલ ગુમાવી રહ્યા છે ૧૫-૧૨
૧૪. ગેંગસ્ટર સામ્રાજ્યવાદ ૧૭-૧૮
૧૫. ધાર્મિક તહેવારોની ભીડ ઘાતક બની રહી છે. ૧૯-૮
૧૬. વસ્તી ગણતરીના ૩૪ સવાલોમાં ભારત દર્શન ૨૦-૨૧
૧૭. સમયની માંગ : ગામડાંની વહારે દોડવાનો સંકલ્પ કરીએ ૨૧-૧૨
૧૮. ગાંધી, લેનિન અને સામ્યવાદનાં ૧૦૦ વર્ષ ૨૧-૧૮
૧૯. રાજનીતિથી લોકનીતિ તરફ ૨૨-૧૨
૨૦. અમારા ગામમાં અમે સરકાર... વાત મેંઢા ગામની ૨૨-૧૪
૨૧. જાગ ઊઠી તરુણાઈ હૈ ૨૨-૨૨
૨૨. સોનમ વાંગચૂકને એક પત્ર ૨૨૨૩
૨૩. સમસ્યાઓથી ઘેરાયેલા દેશમાં જંતરમંતર - એક આશાનું કિરણ ૨૩-૧૨
૨૪. લોકશાહીના અંગારાને ફૂંક મારતી અદ્ભુત ઘટના ૨૪-૧૦
૨૫. અમેરિકાના ૨૫૦મા સ્વાતંત્ર્ય દિને વિશેષ : જાહેર લાઈબ્રેરીએ મને શું શીખવ્યું. ૨૪-૨૧

★ *સંસ્થા-પ્રવૃત્તિ સમાચાર*

૧. ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય (૨) ૩-૭
૨. કચ્છમાં ગાંધીનો ગુંજારવ ૩-૯
૩. શાંતિ માટેની એક પહેલ ૪-૬
૪. સફીના હુસૈનને મેગ્સેસે એવોર્ડ ૪-૧૪
૫. સિટિઝન્સ ફોર ડેમોક્રેસી - ગુજરાત સંમેલન ૫-૧૨
૬. ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય (૩) ૫-૧૪
૭. આર.ટી.આઈ.નાં ૨૦ વર્ષની સફર ૫-૧૮
૮. ઉમાશંકર જોષી ગુજરાત અધ્યયન કેન્દ્ર, ગંગોત્રી ટ્રસ્ટ, અમદાવાદ ૫-૨૩
૯. ગામડું બોલે છે ૬-૨૦
૧૦. ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય(૪) ૭-૮
૧૧. વિદ્યાર્થીઓને સર્જનશીલતા સાથે જોડનાર બાલ-મંદિરનાં શિક્ષિકા પ્રીતિબહેન ભટ્ટ ૭-૧૦
૧૨. જમનાલાલ બજાજ એવોર્ડ-૨૦૨૫ : અભિનંદન હસમુખભાઈ પટેલ ૯-૧૧
૧૩. મિત્ર-મિલન મહોત્સવ પવનાર ૯-૧૬





YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

૧૪. ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય (૫) ૯-૧૯
૧૫. 'કહત ગાંધી - સુનો સબ સિટિઝન' યાત્રા ૧૧-૨૧
૧૬. લોકનિકેતન - રતનપુર ખાતે યોજાયું આશાનું કિસાન સ્વરાજ સંમેલન ૧૨-૧૨
૧૭. શિક્ષણ અને આરોગ્ય દ્વારા જનસેવા ૧૨-૧૬
૧૮. ગાંધીમેળો - અમ વચ્ચે બાપુ અમર રહો ૧૩-૧૦
૧૯. સૂર્યકાન્ત પરીખ શતાબ્દી વંદના ૧૫-૧૭
૨૦. ધરતી કી બાની હેલીયોં કી જુબાની ૧૬-૧૭
૨૧. મુંબઈ સર્વોદય મંડળ-અહેવાલ ૨૦-૧૧
૨૨. મેંઢા ગામની વાત - પુસ્તક લોકાર્પણ ૨૨-૧૭

★ *વ્યક્તિ વિશેષ*

૧. ગ્રામમાતા ઇલાબહેનના જન્મદિવસે સ્મૃતિ વંદના ૩-૧૨
૨. ડેનિયલભાઈ : કર્તાબોજ મુક્ત વ્યક્તિત્વ ૩-૨૦
૩. શીતળ માનવ્યની ઘટાદાર છાયા : મૂળશંકરભાઈ ભટ્ટ ૪-૫
૪. ખુદાના નેક બંદા : ઈસ્માઈલ દાદા ૪-૨૨
૫. રમણભાઈ પટેલ : સદ્‌ગુણ સંપન્ન સેવક ૫-૧૯
૬. લક્ષ્મણભાઈએ કેળવી સાચી સમજ ! ૬-૯
૭. વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ ૯-૧૨
૮. ,, ,, ,, ૧૧-૧૮
૯. સર્વોદય પ્રેમી : પદ્માબહેન ૧૧-૨૦
૧૦. વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ - ૩ ૧૩-૮
૧૧. એક ઈજનેરનો વેદાભ્યાસ ૧૪-૨૨
૧૨. ફૂલ શા મૃદુ સરદાર ૧૫-૮
૧૩. ખાન અબ્દુલ ગફ્ફારખાન (બાદશાહ ખાન) : અહિંસા, એકતા અને માનવતાનો જીવનપ્રવાસ ૧૬-૨૨
૧૪. જયપ્રકાશ નારાયણ : જય જગતનો શંખનાદ ૧૭-૬
૧૫. ચારુમતી યોદ્ધા ૧૮-૨૩
૧૬. પસાર થતી ક્ષણને પૃષ્ઠ પર થિજાવી રાખનાર રઘુરાય ૧૯-૧૨
૧૭. નિખિલભાઈ : એક સેવાભાવી ડૉક્ટર ૧૯-૧૮
૧૮. ઇન્દિરા-સુરેશનો સેવાયજ્ઞ ૨૧-૬
૧૯. ગુજરાતના અનોખા લોકનેતા : ઇન્દુલાલ યાજ્ઞિક ૨૧-૭
૨૦. દેવર્ષિ રવીન્દ્રનાથ ટાગોર ૨૨-૭
૨૧. અમારો જ નહીં, અનેકોનો (નાનુભાઈ મજમુદાર) ૨૨-૧૦
૨૨. પડદા પર ઇતિહાસ બનાવનાર પોતે ઇતિહાસ બની ગયા (રિચાર્ડ એટનબરો) ૨૨-૨૦
૨૩. સરદાર વલ્લભભાઈ પટેલ : એક પ્રબુદ્ધ બૌદ્ધિક ૨૩-૮
૨૪. જોં ડ્રીઝ : લોકોની વચ્ચે ચાલતા અર્થશાસ્ત્રીને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર ૨૪-૯
૨૫. દીવો હજી બળે છે ૨૪-૨૫
૨. રેશનાલિઝમના માર્ગના સહપંથીઓ ૨૪-૨૩

★ *પુસ્તક પરિચય*

૧. અમેરિકામાં ગુલામોની વ્યથા કથા (પુસ્તક : પીડ પરાઈ) ૧-૧૮
૨. ભારતીય લોકશાહી : દશા અને દિશા ૨-૧૭
૩. શિવા - એક સામાન્ય છતાં અસામાન્ય નારી ૪-૨૧
૪. નવસ્થાનિકોનો ઉદય - ૧ ૬-૫
૫. ,, ,, - ૨ ૭-૧૮
૬. સ્વરમયી-૬ -૧૬
૭. સાહિત્ય સંપર્ક ૬-૨૩
૮. The Life Divine નો સમૂહ અભ્યાસ ૭-૧૧
૯. નવસ્થાનિકોનો ઉદય - ૩ ૮-૯
૧૦. જ્યોત સદા જલે ૮-૧૮
૧૧. બારીમાં આખ્ખું આકાશ ! ૧૦-૧૭
૧૨. ભલે આવ્યા, સાધુડા ! કચ્છમાં ગાંધીજી ૧૦-૧૯
૧૩. 'ભારેલો અગ્નિ'માં અહિંસા અને સંવાદિતાનો સંદર્ભ ૧૦-૨૨
૧૪. કળાનો આત્મીય ચહેરો ૧૪-૧૭
૧૫. સ્વેચ્છા ૧૬-૧૮
૧૬. કહેવાતા વિકાસનો વરવો ઇતિહાસ ૧૭-૧૭
૧૭. ચંદુભાઈ મહેરિયાના લેખનનું ગૌરવ ૧૮-૨૧
૧૮. સ્વસ્થ સમાજનું સૂચન કરતું પુસ્તક : નેક્સસ ૧૯-૧૧
૧૯. ગાંધી સાહિત્યનું ઘરેણું 'જીવનનું પરોઢ' હવે અંગ્રેજીમાં ૨૦-૧૪
૨૦. ગીરની જાગીર ૨૦-૧૯
૨૧. ઘોડિયાથી શરૂ થતું રાષ્ટ્ર ઘડતર : 'મા બાપોને' પુસ્તકની અવિનાશી ચેતના ૨૦-૨૨
૨૨. ગુજરાતીઓને અર્પણ : સંદર્ભ કથાઓ ૨૨-૧૧
૨૩. કિરણ કિરણ જમા કરેં હમ એક નયા સૂરજ બનાયેં હમ ૨૩-૧૮
૨૪. મેંઢા ગામની વિશેષતા ૨૪-૪

★ *શ્રદ્ધાંજલિ*

૧. નિષ્ઠા અને સરળતાનું બળ : પ્રવીણભાઈ મહેતા ૨-૨૦
૨. પ્રખર સમાજવાદી - ગાંધીવાદી જી.જી.પરીખને સ્મરણાંજલિ ૪-૧૯
૩. કામિનીબેન દવેની વસમી વિદાય ૪-૨૦
૪. ચિંપ લેડી ગૂડોલ : પ્રાણી અને પર્યાવરણપ્રેમી વ્યક્તિત્વનો વિલય ૫-૨૦
૫. પુરુષોત્તમભાઈ પંચાલ : સેવાતીર્થનો સેવક ૫-૨૩
૬. માધવ ગાડગીળ : પશ્ચિમ ઘાટના પ્રહરી પર્યાવરણવિદ્ ૧૦-૮
૭. રમીલાબેન ગાંધી : શિક્ષણ અને સેવા માટે સમર્પિત વ્યક્તિત્વ ૧૧-૧૫
૮. પથદર્શક : રમણ પટેલ ૧૨-૨૨
૯. સમાજને પ્રતિબદ્ધ અને સુધારાવાદી : જયન્ત જોષી ૧૩-૯
૧૦. માર્ક તુલી : પાદરીના સ્થાને પત્રકાર બન્યા ૧૪-૧૧
૧૧. વિનોબા દર્શનને સમર્પિત વ્યક્તિત્વ : બાલ વિજયભાઈ ૧૫-૧૮
૧૨. રઘુરાય : છબીઓ જેમનો શ્વાસ હતી ૧૮-૨૦
૧૩. પદ્માબેનનું સ્મૃતિપટ પરનું ચિત્ર ૨૩-૧૯

★ *યુદ્ધ અને તેના વિવિધ આયામો*

૧. ઈઝરાયલ - અમેરિકાએ જગતને ત્રીજા વિશ્વયુદ્ધના બારણે લાવી ઊભું કરી દીધું છે ૧-૮
૨. વૉર ઈકોનોમી : લોહીથી ખરડાયેલું અર્થતંત્ર ૧-૧૧
૩. જિંદગી અને મૉત : વાત ગાઝાની અને યુક્રેનની ૧-૧૨
૪. અમેરિકા, યુ.કે., અને યુરોપના શાસકો માટે યુદ્ધ, મૃત્યુ અને વિનાશ એ નફો મેળવવાના વ્યવસાયો છે. ૧-૧૪
૫. યુદ્ધોમાં માત્ર રાજ્યસત્તાઓ જ નહીં, બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો પણ સંડોવાયેલાં હોય છે. ૧-૧૬
૬. શસ્ત્રભંડારમાં અણુશસ્ત્રો વધારવાની આંધળી દોડ ૧-૨૦
૭. ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલ હુમલો અને પરમાણુ બૉમ્બ ૧-૨૧
૮. યુદ્ધ અને સ્ત્રીઓની સ્થિતિ ૧-૨૨
૯. તોપોના ધડાકા વચ્ચે બંસરી વાદન ! ૧૬-૧૦
૧૦. યુદ્ધ ક્યારેય વાજબી હોઈ શકે નહીં ૧૬-૧૫
૧૧. રક્ત પારકું હોય કે પોતાનું... ૧૬-૧૬
૧૨. યુદ્ધ : અસત્ય, હિંસા, હેવાનિયત અને વિનાશ ૧૭-૪
૧૩. યુદ્ધ : આધુનિક સભ્યતાનું એક અંગ ૧૭-૭
૧૪. ઓલ્ડ મેન સ્ટાર્ટ ધ વૉર્સ, યંગ મેન ફાઈટ એન્ડ ડાય ૧૭-૮
૧૫. યુદ્ધમાં દેખાય છે માણસનો એક વરવો ચહેરો ૧૭-૯
૧૬. અણુશસ્ત્રોના ઓળા : માણસ પોતાનો જ મિત્ર ને પોતાનો જ શત્રુ ૧૭-૧૧
૧૭. આ યુદ્ધ પૂરું થશે પછી અપાર પરિવર્તનો આવશે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૧૭-૧૯
૧૮. મધ્યપૂર્વ (ખાડી દેશો)માં ચાલતા યુદ્ધથી ગ્લોબલ વૉર્મિંગમાં વધારો થશે ૧૭-૨૦
૧૯. કોસ્ટ ઑફ વૉર ૧૭-૨૬

★ ***અહિંસા અને વિશ્વશાંતિ***

૧. જગત ઝંખે છે અહિંસાની ખોજ ૧-૪
૨. અહિંસક સંરક્ષણનું સોણલું ૧૭-૩
૩. એક ઝંખના : વિશ્વશાંતિની ૧૭-૧૪
૪. શસ્ત્રવિહોણો સૈનિક ૧૭-૨૭
૫. પૂર્વગ્રહ : વૈમનસ્યનું વિષબીજ ૨૦-૧૭
૬. શસ્ત્રો અને યુદ્ધનો થઈ રહેલો વિરોધ : વિશ્વભરના વિજ્ઞાનીઓ આજે થોડા-થોડા ગાંધી બની રહ્યા છે. ૨૩-૨૦

★ ***વિશ્લેષણાત્મક***

૧. મનુષ્યની સ્વતંત્રતાના મશાલચી ફ્રેન્ચ સાહિત્યકાર જ્યાં પોલ સાર્ત્ર ૩-૪
૨. દુર્ગાપૂજાના દિવસો શ્રી અરવિંદની સ્મૃતિને ઝકઝોરી ગયા ૩-૧૧
૩. રચનાત્મક કામોની મર્યાદાઓ ૧૬-૧૨
૪. આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ અને નેચરલ સ્ટુપીડીટીની દુનિયા ૧૮-૪
૫. લોકશાહી માટેની કેળવણી ૨૦-૮
૬. આપણે લોકશાહીની વ્યાખ્યા બદલી નાંખી છે ૨૦-૯

★ ***અભ્યાસ-અહેવાલ***

૧. ઇન્ડિયા જેન્ડર રિપોર્ટ ૮-૧૬

★ ***શિક્ષણ અને નઈ તાલીમ***

૧. શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ ૨-૫
૨. ગામનો ગુરુવાર ૨-૧૫
૩. ગુજરાતમાં શિક્ષણની દશા અને દિશા ૯-૮
૪. સ્વામી(આનંદ) દાદાએ અમને ભણાવ્યા ૧૪-૧૯
૫. શાંતિના વાવેતરને પાણી પાઈએ ૧૪-૨૦
૬. નઈ તાલીમની વિશેષતાઓ અને મર્યાદાઓ ૧૮-૧૫
૭. ભારતમાં ગરીબો શિક્ષણથી કેમ છેટાં થઈ રહ્યાં છે ? ૧૯-૧૨
૮. પઢો પોપટ ૨૦-૧૬
૯. જે. કૃષ્ણમૂર્તિનું શિક્ષણ ૨૧-૧૯
૧૦. શિક્ષણના બે પાયા ૨૨-૪
૧૧. શિક્ષણનું અધ્યાત્મ ૨૩-૪

★ ***પર્યાવરણ***

૧. પર્યાવરણની જાળવણીની જવાબદારી સરકારની કે નાગરિકોની ? ૩-૧૫
૨. વિશ્વ આબોહવા પરિવર્તન ૭-૧૭
૩. જે પોષતું તે મારતું ૮-૨૨
૪. અરવલ્લી વિવાદ : ખનન, પર્યાવરણ અને સુપ્રીમ કોર્ટ ૧૦-૧૨
૫. દેશની પર્યાવરણીય સ્થિતિ પર અધ્યયન લેખ-૧ ૧૩-૧૨
૬. દેશની પર્યાવરણીય સ્થિતિ પર અધ્યયન લેખ-૨ ૧૫-૧૫
૭. મહાત્મા ગાંધી અને પર્યાવરણ ૧૮-૮
૮. વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬ ૧૮-૧૧
૯. પર્યાવરણ મંથન ૧૮-૧૨
૧૦. ગ્રીસનો 'ઝીરો વેસ્ટ' ટાપુ ૧૯-૧૦
૧૧. દેશની પર્યાવરણીય સ્થિતિ પર અધ્યયન લેખ ૩ ૧૯-૧૪
૧૨. અણુ ઊર્જા : શ્રાપ કે આશીર્વાદ ? ૧૯-૧૬
૧૩. કલ્પસર સામે સાવધાનીના સૂર ૨૧-૧૪
૧૪. દેશની પર્યાવરણીય સ્થિતિ પર અધ્યયન લેખ ૪ ૨૧-૧૬
૧૫. ખાણની ધૂળમાં ગૂંગળાતી જિંદગીઓ ૨૨-૧૧
૧૬. દેશની પર્યાવરણીય સ્થિતિ પર અધ્યયન લેખ ૫ ૨૩-૧૪

★ ***કાયદાકીય બાબતો, વિશ્લેષણ***

૧. 'ધર્મ-નિરપેક્ષ' શબ્દ બંધારણમાંથી દૂર કરી શકાય ? ૧-૨૩
૨. ગુજરાત અંધશ્રદ્ધા નિર્મૂલન ધારો ૨-૨૩
૩. ન્યાયતંત્ર તરફના પૂરા સન્માન સાથે ૫-૧૭
૪. અરવિદા મનરેગા ? ૧૦-૧૫
૫. ન્યાયતંત્ર જ મહિલાઓના બંધારણીય હકનું રક્ષણ કરવામાં પાછું પડે છે... ૧૦-૨૦
૬. મનરેગાનો અંત : માત્ર કાયદો જ નહીં, નવી ચેતના પર કુઠારાઘાત ૧૨-૧૯
૭. અશ્વિન કારિઆની નજરે : લગ્ન વિષયક કાયદો, એસિડ એટેકની વ્યક્તિઓને ન્યાય ક્યારે ? મનરેગા કાનૂન નાબૂદ-ગ્રામ રોજગારીને ફટકો ૧૫-૧૪
૮. સમાન નાગરિક સંહિતા ઘડવા માટેનો સમય ૧૬-૨૩
૯. ધર્માંતર : ધર્મ નિરપેક્ષતાને પડકાર ૧૯-૮
૧૦. વિરોધનો અધિકાર અને કાયદાનું નિયંત્રણ ૨૪-૨૦

★ ***આર્થિક બાબતો***

૧. આર્થિક સર્વેમાં બીમારીનું નિદાન : બજેટમાં તેની ઉપેક્ષા ૧૩-૧૫
૨. અમેરિકા-ભારત વેપાર કરાર ૧૩-૧૬
૩. ડેરી ઉત્પાદનો પર વર્તમાન કોમર્શિયલ ટેરિફનો પ્રભાવ ૧૫-૨૨
૪. ગ્રામીણ અર્થતંત્ર પર મદાર : એક અવલોકન ૨૧-૮
૫. ગામડાઓમાં ખેતી સિવાયના રોજગાર પણ એટલા જ જરૂરી ૨૧-૯

★ ***ભૂમિપુત્ર-૭૫***

૧. સુરતમાં ભૂમિપુત્ર વાચક મિલન અને પુસ્તક વિમોચન ૩-૧૬
૨. ભૂમિપુત્ર-૭૫ અમૃત મહોત્સવ ઉજવણી આયોજન મિટિંગ ૧૨-૮
૩. ભૂમિપુત્ર'૭૫ અમૃત મહોત્સવ અપડેટ ૧૩-૨૨
૪. ભૂમિપુત્રની ડિઝીટાઈઝ્ડ સર્ચેબલ આર્કાઈવનું વિમોચન ૨૨-૧૬
૫. ભાવનગરમાં યોજાયેલ અમૃત મહોત્સવ અને વાચક મિલન ૨૪-૧૨

★ ***આંદોલન સમાચાર***

૧. એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા-૫ અને ૬ ૨-૧૮, ૪-૧૬
૨. સરકારનો ખેલ, સોનમને જેલ - હવે તો હદ થાય છે ! ૪-૧૦
૩. ગ્લોબલ સુમુદ ફ્લોટીલા : આ જનસંહાર બંધ કરો ! ૪-૧૨
૪. અરવલ્લી સંરક્ષણ પદયાત્રાનું દિલ્હીમાં સમાપન ૧૪-૧૮
૫. હિમાચલ પ્રદેશના સીરમૌરમાં સૌ પ્રથમ વાર વન અધિકાર કાયદા હેઠળ જમીન મળી ૧૪-૨૩

★ ***આરોગ્ય***

૧. ઊંઘ અને ઈમ્યુનીટી ૬-૧૮
૨. કુપોષિત અને મેદસ્વી બાળકોનું સહિયારું ભારત ૮-૨૩
૩. માતાના દૂધમાં યુરેનીયમ ૯-૧૪
૪. આધુનિક ચિકિત્સા પદ્ધતિની ખામીઓ અને મર્યાદાઓ ૧૪-૧૨
૫. ભારતમાં એંજિનિયર્ડ સ્ટોનનું ઉત્પાદન : સીલીકોસીસના જોખમનું નવું સરનામું ૧૬-૨૦

★ ***સામાજિક પ્રશ્નો***

૧. ક્યારે આઘા કરશું આવા અંધ રીતિ રિવાજોને ? ૨-૧૨
૨. નિરાશા ત્યજીને વિકલાંગો સફળતા માટે પ્રયાસ કરે ૬-૧૭
૩. સમાજમાં ફૂલતો-ફાલતો વ્યક્તિવાદ ૧૨-૨૦
૪. ભારતનો રાષ્ટ્રીય રોગ અહિંસા નહીં, અસામાજિકતા છે ૨૨-૬

★ ***ખેતી, ખેડૂત, ખોરાક***

૧. ખેડૂતો - ખેતમજૂરોની અત્યંત કફોડી હાલત ૨૧-૧૧


(જુઓ પાન નં. ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વિરોધનો અધિકાર અને કાયદાનું નિયંત્રણ

**નીટ**ની પરીક્ષાનાં પેપર ફૂટી જવાના પ્રશ્ને શિક્ષણપ્રધાનનું રાજીનામું મેળવવા માટે કોંકરોચ જનતા પાર્ટીએ સંસદ તરફ કૂચ લઈ જવાના આહ્‌વાનના પગલે દિલ્હીમાં એકત્ર થયેલા લાખો લોકો, ખાસ કરીને યુવાનોને રોકવા દિલ્હી પોલીસે હેવી બેરિકેડ અવરોધો મૂક્યા હતા. ઉપરાંત ખીલી જડેલ લાઠીઓ અને અશ્રુવાયુ શેલનો છૂટથી - બેશરમીથી - ઉપયોગ કરાયો. તેથી પોલીસ સામે જનતાનો આક્રોશ વધી રહ્યો છે. પોલીસની સખત નાકાબંધી છતાં, દેશના ખૂણેખૂણેથી લોકો વિરોધ પ્રદર્શનમાં જોડાઈ રહ્યા હતા. પોલીસની બર્બરતાપૂર્વકની મારપીટ અને અસંવેદનશીલતાથી દેશભરમાં સખત આક્રોશ વ્યાપ્યો છે.

## વિરોધનો અધિકાર અને કાયદાનું નિયંત્રણ

વિરોધ પ્રદર્શન કાર્યક્રમે અનેક લોકોના મનમાં આ સવાલ પેદા કરેલ છે; જેમ કે શું-નાગરિકોને વિરોધનો અધિકાર નથી ? શું આ માટે વેળાસર પોલીસ પરવાનગીની જરૂર છે ? આપણે એ જાણવું જોઈએ કે વિરોધ કરવાના નાગરિકના અધિકારને બંધારણ અનુચ્છેદ ૧૯(ક)(એ) અને અનુચ્છેદ ૧૯(૧)(બી) હેઠળ રક્ષણ પ્રાપ્ત થાય છે. અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય તેમ જ અનુચ્છેદ ૧૯(૧)(બી) હેઠળ નાગરિકને શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના એકઠા થવાના સ્વાતંત્ર્યની ખાતરી અપાયેલી છે.

સાથોસાથ અનુચ્છેદ ૧૯(૨) અને અનુચ્છેદ ૧૯(૩) હેઠળ રાજ્યની સલામતી, એકતા, સાર્વભૌમત્વ, જાહેર વ્યવસ્થા, વિદેશી રાજ્યો સાથે મૈત્રી સંબંધો, શિષ્ટતાના રક્ષણાર્થે વિરોધ પ્રદર્શનના અધિકાર પર વાજબી નિયંત્રણો મૂકવા રાજ્યને સત્તા અપાયેલી છે. આમ નાગરિકો વિરોધ પ્રદર્શન કરવા મુક્ત છે : રાજ્ય તેનું Regulation (નિયમન) કરવા અધિકૃત છે. એટલે કે વિરોધ પ્રદર્શન ક્યાં કરવું, કેટલા સમય માટે અથવા કઈ શરતોએ થઈ શકે તે બાબતે નિયંત્રણ રાજ્ય મૂકી શકે.

રાજ્ય વિરોધ માટે કેટલાંક સ્થળો નિયત કરી શકે, જેમ કે દિલ્હીમાં જંતર મંતર અને મુંબઈમાં આઝાદ મેદાન વિરોધ પ્રદર્શન માટે નિર્ધારિત કરાયેલ સ્થળો છે. આ માટે રાજ્યને અત્યાર સુધી ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૪૪ અને તેના સ્થાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩, કલમ ૧૬૩ (Prohibitory Order) હેઠળ મેજિસ્ટ્રેટને કોઈ માનવજીવન પર ભય, અવરોધ, જોખમ, જાહેર શાંતિમાં ખલેલ, હુલ્લડ કે બખેડો થતો અટકાવવા તાત્કાલિક ઉપાય તરીકે પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવાની સત્તા છે. તાત્કાલિક પગલાં તરીકે આ જોગવાઈ દાખલ કરાયેલ છે. સામાન્ય રીતે તેની મુદત બે માસ સુધીની હોય છે. આ મુદત કાયદાકીય પ્રક્રિયા અનુસાર લંબાવી શકાય છે.

ભારતે સતત અને સાતત્યપૂર્ણ રીતે આ અધિકારનું સમર્થન કરેલ છે. ૨૦૨૧માં જીનીવા ખાતે માનવ અધિકાર પરિષદમાં ભારતના પ્રતિનિધિઓએ સંબોધન કરતાં કહ્યું કે શાંતિપૂર્વકની સભા નાગરિકનો મૂળભૂત બંધારણીય અધિકાર છે. સાથેસાથે સરકારે આ અધિકારનું નાગરિકના જીવન, જાહેર વ્યવસ્થા જાળવવાની જવાબદારી સાથે સમાયોજન કરવું રહ્યું. દિલ્હીમાં જાન્યુ. ૨૦૨૧થી ૨૦૨૨ સુધીના સમય દરમ્યાન જૂની કલમ ૧૪૪ હેઠળ ૫૪૦૦ પ્રતિબંધાત્ક હુકમોનો વૃંદ ભંડારી, અભિનવ સેખરી, નતાશા મહેશ્વરી અને અર્શ માધવન અગ્રવાલ નામના વકીલોએ અભ્યાસ કર્યો હતો. ૨૦૨૩માં પ્રગટ થયેલ તેમના અહેવાલમાં જણાવાયેલ છે કે માત્ર ૧.૫% પ્રતિબંધાત્મક હુકમો જ જરૂરી હતા. દિલ્હીમાં ૧૮ પોલીસ જિલ્લાઓ છે, તે પૈકીના ૫ જિલ્લાઓમાં ઉક્ત સમય દરમ્યાન કોઈ પ્રતિબંધાત્મક હુકમ પ્રગટ કરેલ ન હતો. અહેવાલમાં નોંધવામાં આવેલ કે તાત્કાલિક ઉપાય તરીકેની આ જોગવાઈનો ઉપયોગ તંત્ર માટે સાવ સામાન્ય બની ગયો હતો. અહેવાલમાં એ પણ નોંધ લેવામાં આવે છે કે આવા હુકમની બે માસની મુદત પૂરી થયે તરત જ ફરીથી પ્રતિબંધાત્મક હુકમો લાદવામાં આવતા હતા. કાયદો અને વ્યવસ્થા નિયંત્રણમાં લાવવા માટેનો અવસર ક્યારનોયે વીતી ગયો હતો છતાં આ પ્રતિબંધાત્મક હુકમોનો આશરો લેવામાં આવતો હતો.

## સર્વોચ્ચ અદાલતે શું કહ્યું છે ?

સર્વોચ્ચ અદાલતે અનેક કેસોમાં ઠરાવેલ છે કે સરકાર જાહેર વ્યવસ્થા જાળવવા માટે શાંતિપૂર્ણ દેખાવ/પ્રદર્શનનું નિયમન કરી શકે, પરંતુ નાગરિકના આ બંધારણીય અધિકાર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી શકે નહીં. હિંમતલાલ કે. શાહ વિ. કમિશ્નર ઓફ પોલીસ કેસમાં ઠરાવાયેલ છે કે સરકાર જાહેર રસ્તા પર દેખાવો કરવા પર નિયંત્રણ મૂકી શકે તે એવું મનસ્વી હોવું ન જોઈએ કે જેનાથી નાગરિકો પોતાના આ અધિકારથી વંચિત રહે. સભા-સ્વાતંત્ર્ય વિના સ્વાતંત્ર્ય કશા કામનું નથી. સભાસ્વાતંત્ર્ય હોય તો જ લોકો આમને સામને મળી પોતાના કે સાર્વજનિક, રાષ્ટ્રીય, ધાર્મિક કે સામાજિક પ્રશ્નોનાં મંતવ્યોની આપલે કરી શકે.

'મજદૂર કિસાન શક્તિ સંગઠન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા કેસ' (૨૦૧૮)માં સરકાર દ્વારા વારંવાર પ્રગટ કરાતા પ્રતિબંધાત્મક હુકમો પડકારવામાં આવ્યા હતા. આ હુકમોથી જંતર મંતર અને આસપાસના વિસ્તારોમાં સભા, દેખાવ, ધરણાં, પ્રદર્શન પર પ્રતિબંધ મુકાયેલ. સર્વોચ્ચ અદાલતે જૂની કલમ ૧૪૪ કાયદેસર ઠરાવી પરંતુ ભારપૂર્વક કહ્યું કે પ્રતિબંધ કાયમ બની રહેવો ન જોઈએ. પ્રતિબંધના નામે દેખાવ-પ્રદર્શનનો કાયમ માટે ઈન્કાર કરી શકાય નહિ. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે જંતરમંતર પર દેખાવ-પ્રદર્શન પર મૂકેલ સંપૂર્ણ પ્રતિબંધ સર્વોચ્ચ અદાલતે રદ કરેલ હતો. સર્વોચ્ચ અદાલતે સરકારને પ્રદર્શન માટે માર્ગદર્શિકા જાહેર કરવા આદેશ કરેલ હતો. સર્વોચ્ચ અદાલતના આ નિણયથી દિલ્હીમાં વિરોધ પ્રદર્શન માટે જંતર મંતર રોજિંદું સ્થાન બન્યું છે. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું કે નિયમન એ સંપૂર્ણ પ્રતિબંધ બનવો ન જોઈએ.

અમિત સાહની વિ. કમિશ્નર ઓફ પોલીસ કેસ (૨૦૨૦)માં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે વિરોધ પ્રદર્શન નક્કી સ્થળે થવું જોઈએ અને તેનાથી ટ્રાફિક અવરોધાઈ શકાય નહીં. તે જ રીતે, અનિશ્ચિત સમય સુધી વિરોધ પ્રદર્શન કરી શકાય નહીં, વિરોધ પ્રદર્શનથી સામાન્ય લોકોને અસુવિધા થવી જોઈએ નહીં.

**– અશ્વિન ન. કારીઆ**

(માહિતી સ્રોત : Indian Expressમાં પ્રગટ થયેલ લેખ)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અમેરિકાના ૨૫૦મા સ્વાતંત્ર્ય દિને વિશેષ : જાહેર લાઈબ્રેરીએ મને શું શીખવ્યું

**ના**નપણથી જ જાહેર લાઈબ્રેરી એટલે જાણે મારું ઘર, એવી પ્રતીતિ મને થતી. અમારું કુટુંબ વારંવાર સ્થળાંતર કરતું હોવાથી શાળાઓ બદલવી પડતી, જે મારા માટે સરળ નહોતું. પરંતુ દરેક નવી લાઈબ્રેરીમાં હું ખૂબ જ ઝડપથી ભળી જતી. થોડી મોટી થતાં જ મેં બાળકોને સમર રીડિંગ કાર્યક્રમમાં નોંધાવા માટેના સ્વયંસેવક તરીકે કામ કરવાનું શરૂ કર્યું અને હું પુસ્તકોની દુનિયામાં વધુ ને વધુ ડૂબતી ગઈ.

મારા બાળપણમાં સતત જોડાયેલી બીજી એક મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિ ગર્લ સ્કાઉટ્સ હતી. સિવિક્સ બેજ મેળવવા માટે મેં અમારા શહેરની કાઉન્સિલને પત્ર લખીને શાળા જવાના રસ્તા પર આવેલા એક વ્યસ્ત ચોકમાં 'વોક/ડોન્ટ વોક' સિગ્નલ લગાવવાની માંગ કરી, મને બેજ તો મળ્યો જ, સાથે જ તે ચોક પર પદયાત્રીઓ માટે બટનવાળું ટ્રાફિક સિગ્નલ પણ સ્થાપિત કરવામાં આવ્યું. જે, તે સમયની નવીન વ્યવસ્થા હતી. એક સામાન્ય વિદ્યાર્થિનીએ ઉઠાવેલ પ્રશ્ન આખા સમુદાય માટે કાયમી ઉકેલ બની ગયો. તે સમયે મને સમજાયું કે સામાન્ય લોકો પોતાનો અવાજ ઉઠાવે તો સરકાર પણ પ્રતિસાદ આપે છે.

કિશોરાવસ્થામાં મેં લાઈબ્રેરીમાં 'લાઈબ્રેરી પેજ' તરીકે નોકરી શરૂ કરી. પુસ્તકો ગોઠવતાં ગોઠવતાં હું લાઈબ્રેરિયનોની વાતચીત પણ સાંભળતી. એક દિવસ સવારે મેં તેમને રડતા જોયા. મારા માટે તો લાઈબ્રેરિયન બાળપણથી જ સુપરહીરો જેવા હતા, તેથી આ દૃશ્ય મને અચંબામાં મૂકી ગયું.

તેમની સાથે વાત કરતાં મને ખબર પડી કે લાઈબ્રેરીમાં વહીવટી ગેરવ્યવસ્થાની ગંભીર સમસ્યાઓ હતી અને જે કોઈ પણ તેની સામે અવાજ ઉઠાવતા તેને બદલી કે નીચા હોદ્દા પર તબદીલ થવાનો ભય રહેતો. હું સૌથી નીચલા હોદ્દા પર હતી, કલાક દીઠ ૩.૩૫ ડોલરનું લઘુતમ વેતન મેળવતી હતી અને થોડા મહિનામાં ફરી અભ્યાસ માટે જવાની હતી. તેથી મને લાગ્યું કે મારે શું ગુમાવવાનું હતું ?

મેં કાઉન્ટીના એક્ઝિક્યુટિવ સાથે મુલાકાતનો સમય મેળવ્યો. આજે પાછળ વળીને જોઉં તો એક કિશોરી માટે આવી મુલાકાત મેળવવી અસામાન્ય લાગે, પરંતુ તે સમયે મને વિશ્વાસ હતો કે હું કરી શકીશ. લાઈબ્રેરીનાં પુસ્તકોમાં વાંચેલાં પાત્રોએ મને આત્મવિશ્વાસ આપ્યો હતો. મેં તેમને દિલથી મારી વાત કહી અને જે જાણ્યું હતું તે બધું સમજાવ્યું. આજે ૩૮ વર્ષ પછી પણ તેમના શબ્દો મને બરાબર યાદ છે. તેમણે કહ્યું હતું કે, ''આ સમસ્યાની અમને વર્ષોથી જાણ છે, પરંતુ મારા કાર્યાલયમાં આવીને આ મુદ્દો રજૂ કરનાર તમે પ્રથમ વ્યક્તિ છો. જો છ લોકો આવીને આ જ વાત કરે, તો હું કહી શકું કે આખી કાઉન્ટીમાં આ મુદ્દે લોકોમાં ભારે ચિંતા છે.''

ત્યારબાદ મને વિચાર આવ્યો કે હું લોકો સુધી આ વાત કેવી રીતે પહોંચાડું ? શું સામાન્ય લોકો ખરેખર લાઈબ્રેરીના સ્ટાફ ટ્રાન્સફર અને બજેટ જેવી બાબતો માટે અવાજ ઉઠાવશે ? શું તેઓ સમજી શકશે કે આવી ગેરવ્યવસ્થાનો સીધો પ્રભાવ લાઈબ્રેરી સેવાઓ અને તેમના પરિવાર પર પડે છે ? મેં સ્થાનિક સાપ્તાહિક અખબારમાં 'લેટર ટૂ ધ એડિટર' લખ્યો. તે અખબાર દર ગુરુવારે પ્રકાશિત થતું હતું. એ દિવસે જ્યારે હું કામ પર પહોંચી ત્યારે બધા લાઈબ્રેરિયનોના ચહેરા પર ખુશી હતી. સામાન્ય રીતે ગંભીર સ્વભાવ માટે જાણીતી એક લાઈબ્રેરિયને તો મને બંને હાથથી ફ્લાઇંગ કિસ કરીને પોતાની ખુશી વ્યક્ત કરી.

તેના એક અઠવાડિયામાં જ લાઈબ્રેરીના બોર્ડ ઓફ ટ્રસ્ટીઝે વિશેષ જાહેર બેઠક બોલાવી અને લાઈબ્રેરીના ડિરેક્ટરને પદ પરથી હટાવવાનો નિર્ણય લીધો. ત્યારબાદ નિયુક્ત થયેલા ફિલ પ્લેસને સંસ્થામાં ફરી સ્થિરતા લાવવા માટે શ્રેય આપવામાં આવ્યું. તે સમયની એક કાઉન્સિલ સભ્યએ લાઈબ્રેરીની સ્થિતિને 'અરાજકતા' ગણાવી હતી, જ્યારે એક ટ્રસ્ટીએ ફિલ પ્લેસની સરખામણી વોટરગેટ કૌભાંડ પછી લોકોનો વિશ્વાસ પુનસ્થાપિત કરનાર જિમી કાર્ટર સાથે કરી હતી.

આ સમગ્ર ઘટનાએ મને સમજાવ્યું કે વર્ષોથી ચાલતી ગંભીર સમસ્યા હોવા છતાં, જાહેર સમર્થન મળ્યા પછી જ સત્તાધીશો અસરકારક પગલાં ભરી શક્યા. મારા માટે સૌથી મોટો પાઠ એ હતો કે માત્ર એક જવાબદાર નાગરિક તરીકે, હોદ્દો કે સત્તા વગર પણ હું એવી સમસ્યાનો ઉકેલ લાવવામાં યોગદાન આપી શકી, જેને અનુભવી અધિકારીઓ અને પ્રશાસન વર્ષો સુધી ઉકેલી શક્યા નહોતા. આમ, મેરીલેન્ડમાં એક વિદ્યાર્થી તરીકે મેં પોતાના અવાજમાં રહેલી શક્તિનો અનુભવ કર્યો. જવાબદાર નાગરિક અને પારદર્શક જાહેર સેવાઓ એ લોકશાહી અને સમાનતાવાળા સમાજનો આધારસ્તંભ છે. આ અનુભવ મારા જીવનની અમૂલ્ય સ્મૃતિ બની ગયો અને પછીના વધુ મુશ્કેલ સંઘર્ષોમાં પણ મને અડગ રહેવાની પ્રેરણા આપતો ગયો.

ભારત અને અમેરિકા બંને દેશમાં અધિકારો અને સ્વતંત્રતા અનેક લોકોના ત્યાગ અને બલિદાનથી પ્રાપ્ત થયાં છે. આ સંઘર્ષ આજે પણ ચાલુ છે. ક્યારેક પ્રગતિ થાય છે તો ક્યારેક પાછળ ધકેલાઈ જવાય છે અને ફરીથી લડવું પડે છે.

જેમ તે સમયે હું લાઈબ્રેરિયનોની પીડા સામે મૌન રહી શકી નહોતી, તેમ આજે પણ નાગરિક સ્વતંત્રતાના હ્રાસ, જાહેર સેવાઓનો છેદ ઊડવો, વિદેશમાં થઈ રહેલા જનસંહારને મળતા નાણાંકીય સમર્થન અથવા ઇમિગ્રેશન, અમલીકરણ એજન્સી આઈ.સી.ઈ. દ્વારા સમુદાયોમાં ફેલાવવામાં આવતા ભય સામે મૌન રહેવું યોગ્ય નથી. (સંદર્ભ : યુ.એસ.એ.)

યુવાનીમાં નિર્ભયતાથી પોતાનો અવાજ ઉઠાવવાની જે હિંમત મારામાં હતી તેની આજે પહેલાં કરતાં પણ વધુ જરૂર છે –અહીં અમેરિકામાં અને ભારત બંને દેશોમાં.

**– અરવિંદા પિલ્લાલમરી**
(યુ.એસ.એ.)

(હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ અને એઈડ ઇન્ડિયાનાં સભ્ય અરવિંદા પિલ્લામરીને અમેરિકા પાસેથી મળેલા જીવનના પાઠ અંગેની નોંધ પરથી)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# દિવાસ્વપ્નથી વાસ્તવિકતા સુધી : શિક્ષણમાં ક્રાંતિનું ગિજુભાઈનું સ્વપ્ન



શિક્ષણનો હેતુ શો છે? માત્ર પરીક્ષામાં ગુણ મેળવવા, પાઠ્યપુસ્તકો ગોખી લેવા અને નોકરી મેળવવા સુધી જ શિક્ષણની વ્યાખ્યા સીમિત છે? કે પછી શિક્ષણનો સાચો અર્થ બાળકની અંદર રહેલી સર્જનાત્મકતા, જિજ્ઞાસા અને માનવતાને ખીલવવામાં છે? આ પ્રશ્નો આજે જેટલા પ્રાસંગિક છે, એટલા જ લગભગ એક સદી પહેલાં પણ હતા. ત્યારે ગુજરાતના મહાન શિક્ષણવિદ્ ગિજુભાઈ બધેકાએ પોતાના અમર ગ્રંથ ''દિવાસ્વપ્ન'' દ્વારા શિક્ષણજગત સામે એક એવું સ્વપ્ન મૂક્યું હતું, જે માત્ર કલ્પના નહોતી, પરંતુ પ્રયોગ અને પરિણામોથી સાબિત થયેલું સત્ય હતું.

''દિવાસ્વપ્ન'' કોઈ કાલ્પનિક નવલકથા નથી. તે એક શિક્ષકના સંઘર્ષ, સાહસ અને વિશ્વાસની સત્યકથા છે. એક એવો શિક્ષક, જે પરંપરાગત શિક્ષણપદ્ધતિથી અસંતોષ અનુભવે છે અને ચોથા ધોરણના વિદ્યાર્થીઓ સાથે એક નવી શૈક્ષણિક ક્રાંતિનો પ્રયોગ શરૂ કરે છે.

## ભયમુક્ત શિક્ષણનું સ્વપ્ન

લાંબા સમય સુધી આપણા શિક્ષણતંત્રમાં શિસ્તનો અર્થ ભય અને શિક્ષણનો અર્થ ગોખણપટ્ટી માનવામાં આવ્યો હતો. બાળકનું મૌન તેની આજ્ઞાકારિતા અને પરીક્ષાના ગુણ તેની બુદ્ધિનું પ્રમાણપત્ર ગણાતાં હતાં.

ગિજુભાઈએ આ માન્યતાને મૂળમાંથી પડકારી. તેમને સમજાયું કે બાળકનું મન કોઈ ખાલી પાત્ર નથી કે જેમાં માહિતી ભરી દેવામાં આવે; તે તો એક જીવંત ઝરણું છે, જેને વહેવા માટે સ્વતંત્રતા અને પ્રોત્સાહનની જરૂર હોય છે. તેથી તેમણે વર્ગખંડને ભયના વાતાવરણમાંથી બહાર કાઢીને આનંદના કેન્દ્રમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ કર્યો. વાર્તાઓ દ્વારા ભાષા અને ઇતિહાસ, રમતો દ્વારા વ્યાકરણ અને ભૂગોળ, નાટકો દ્વારા અભિવ્યક્તિ અને પ્રવાસો દ્વારા અનુભૂતિ- આ બધું તે સમય માટે અસાધારણ હતું.

## પાઠ્યપુસ્તકથી આગળનું શિક્ષણ

''દિવાસ્વપ્ન''નો સૌથી મોટો સંદેશ એ છે કે શિક્ષણ માત્ર પુસ્તક સુધી મર્યાદિત ન હોવું જોઈએ.

આજે જ્યારે ડિજિટલ યુગમાં માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ છે, ત્યારે માત્ર માહિતી આપવી, એ શિક્ષકનું કાર્ય રહી શકે નહીં. બાળકને વિચારતા, પ્રશ્ન પૂછતા અને અનુભવોમાંથી શીખતા બનાવવું એ શિક્ષણનું સાચું લક્ષ્ય છે. ગિજુભાઈએ પુસ્તકાલય શરૂ કર્યું, ગીતો ગવડાવ્યાં, ચિત્રકામ કરાવ્યું, નાટકો કરાવ્યાં અને વિદ્યાર્થીઓને આસપાસની દુનિયા સાથે જોડ્યા. તેમણે શીખવ્યું કે શિક્ષણ જીવનથી અલગ નથી; શિક્ષણ પોતે જીવન છે. આ વિચાર આજની નવી શિક્ષણ નીતિ અને અનુભવ આધારિત શિક્ષણના સિદ્ધાંતો સાથે પણ અદ્ભુત રીતે મેળ ખાય છે.

## પરિવર્તન સામેનો વિરોધ

દરેક નવી વિચારધારા સાથે વિરોધ જન્મે છે. ''દિવાસ્વપ્ન''માં પણ એવું જ બન્યું. હેડમાસ્ટર, સહ-શિક્ષકો, વાલીઓ અને અધિકારીઓ- ઘણા લોકોને આ પ્રયોગ અસંગત અને જોખમી લાગ્યો. કારણ કે પરિવર્તન હંમેશાં સ્થાપિત માન્યતાઓને પડકારે છે. પરંતુ ગિજુભાઈએ સાબિત કર્યું કે સાચો શિક્ષક માત્ર પાઠ ભણાવતો નથી; તે સમાજની જૂની માનસિકતાઓ સામે પણ લડે છે. તેમની ધીરજ, આત્મવિશ્વાસ અને બાળકો પ્રત્યેનો પ્રેમ આખરે સફળ સાબિત થયો. વર્ષના અંતે એ જ બાળકો વધુ ઉત્સાહી, સ્વસ્થ, જિજ્ઞાસુ અને શિક્ષણ પ્રત્યે પ્રેમ ધરાવતાં બન્યાં. આ પરિણામોએ વિરોધીઓને પણ વિચારવા મજબૂર કરી દીધા.

## આજના સમયમાં 'દિવાસ્વપ્ન'ની પ્રાસંગિકતા

આજે શિક્ષણ ક્ષેત્રે અનેક પડકારો છે - પરીક્ષાકેન્દ્રિત અભિગમ, બાળકો પર વધતું જતું માનસિક દબાણ, ટ્યુશન સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનો અભાવ. બાળકો પાસે માહિતીનો ભંડાર છે, પરંતુ જે રીતે આપણે શિક્ષણ આપીએ છીએ તેને લીધે તેમનામાં આનંદ અને કલ્પનાશક્તિનો અભાવ જોવા મળે છે. આવા સમયમાં ''દિવાસ્વપ્ન'' માત્ર એક પુસ્તક નથી, પરંતુ શિક્ષણને માનવકેન્દ્રિત બનાવવાનો માર્ગદર્શક ગ્રંથ છે. તે આપણને યાદ અપાવે છે કે બાળકને માત્ર સફળ નહીં, પરંતુ સંવેદનશીલ, સર્જનાત્મક અને જવાબદાર નાગરિક બનાવવું, એ શિક્ષણનો મૂળ હેતુ છે.

ગિજુભાઈ બધેકાએ જે ''દિવાસ્વપ્ન'' જોયું હતું, તે માત્ર એક શિક્ષકનું સ્વપ્ન નહોતું; તે સમગ્ર સમાજ માટેનું દિશાદર્શન હતું. જ્યાં વર્ગખંડમાં ડર નહીં પરંતુ આનંદ હોય, જ્યાં શિક્ષક હુકમ નહીં પરંતુ પ્રેરણા આપે, જ્યાં બાળકને ગોખવાની નહીં પરંતુ વિચારવાની તક મળે - ત્યાં જ સાચું શિક્ષણ જન્મે છે. આજે જ્યારે આપણે શિક્ષણમાં ગુણવત્તા, નવીનતા અને માનવતા વિશે ચર્ચા કરીએ છીએ, ત્યારે ''દિવાસ્વપ્ન'' ફરીથી વાંચવાની જરૂર છે. કારણ કે ગિજુભાઈનો સંદેશ આજે પણ એટલો જ જીવંત છેઃ

''બાળકને ભણાવશો નહીં, બાળકને ખીલવા દો.''

અને જ્યારે બાળક ખીલશે, ત્યારે જ સમાજ ખીલશે, રાષ્ટ્ર ખીલશે અને ભવિષ્ય ઉજ્જ્વળ બનશે.

**- હિદાયત પરમાર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## રેશનાલિઝમના માર્ગના સહપંથીઓ

**તા**જેતરમાં કચ્છના રાપર ખાતે ગાંધીવિચાર મુજબ સમાજકાર્યો કરનાર મણિભાઈ સંઘવી વિશેનું દળદાર પુસ્તક 'ગ્રામસ્વરાજના સમર્પિત યાત્રી' પ્રગટ થયું છે. સંપાદકો છે મણિભાઈનાં સંતાનો – રમેશ સંઘવી, મુક્તા ભાવસાર અને કમલ ખીમાણી.

પુસ્તકમાં એક યાદગાર ઘટના છે, જે નોંધવા જેવી છે :

લગભગ અડધી સદી પહેલાંની વાત. ખાદી કાર્યાલયમાં એક વિકરાળ પહેલવાન બાવો આવ્યો ને ચીપિયો ખખડાવી ત્રિશૂળ ઘુમાવી ટહેલ નાખી. કાર્યાલયમાં બેઠેલા ગાંધીજને રોકડું પરખાવ્યું કે એમને ત્યાં મહેનત મજૂરી કરનારને જ મજૂરીના પૈસા મળે છે, બીજાને ન આપી શકાય. બાવો ખિજાયો, લાલ આંખ કરી એણે ત્રાગું કર્યું. પોતાના માથા પર ચીપિયો પછાડી લોહી કાઢ્યું અને એમાં સિક્કો બોળી કાર્યાલયના છાપરે ફેંકી શાપ વરસાવતો ચાલ્યો ગયો. એકઠા થયેલા લોકો ગભરાયા અને બાવાને નારાજ ન કરવાની સલાહ આપી ત્યારે સ્વસ્થચિત્ત ગાંધીજને એમને ડર અને અંધશ્રદ્ધાથી દૂર રહેવા સલાહ આપી.

ભૂતકાળમાં આવી ડરાવનારી અને કંપાવનારી ઘટનાઓ બનતી હતી. હવે એકવીસમી સદીના ભારતમાં એ નથી બનતી એવું ખાતરીબંધ કહી શકાય તેમ નથી. આજે પણ સૌરાષ્ટ્રમાં અને અન્યત્ર આવી ઘટનાઓ બને છે, લોકો ડરે છે, તાબે થાય છે અને માંડ તેમાંથી છૂટે છે. બધા એટલા નીડર હોતા નથી. અંધશ્રદ્ધાથી મુક્ત હોતા નથી. જ્યાં લોકો ગરીબી અને મજબૂરીમાં જીવે છે, જ્યાં લોકોને પૂરતાં શિક્ષણ અને રોજગારી પ્રાપ્ત નથી એવા વિસ્તારોમાં મોટેભાગે આવી ઘટનાઓ અવારનવાર બને છે.

અંધશ્રદ્ધાના અને ડરપોક્પણાના અસંખ્ય દાખલાઓ આપી શકાય તેમ છે. કહેવાયું છે કે જે ડરે છે તેને સૌ ડરાવે છે. એટલે પહેલી વાત તો નીડર બનવાની જ છે. ગ્રામજનો અને ખાસ કરીને મહિલાવર્ગ એનો વધુ ભોગ બને છે. પડકાર ફેંકવો અને પડકાર ઝીલવો એ બધું કંઈ એમના મનમાં બહુ ઊંડે ઊતર્યું હોતું નથી.

આ કિસ્સો એ અર્થમાં અપવાદરૂપ છે કે મોટેભાગે ગાંધીજનો આ બાબતે આટલા મક્કમ જોવા મળતા નથી. પરદેશી સત્તા સામે લડ્યા હોય, અન્યાય સામે ઝૂક્યા ન હોય પણ તંત્ર-મંત્ર-ત્રાગાં સામે લડવા માટે કંઈક જુદી શક્તિ જરૂરી બનતી હોય છે. મોટે ભાગે લોકોએ માની લીધું હોય છે કે આવી શક્તિઓ ધરાવતા બાવાઓ સામે ન પડવું. એમાં આપણે જ ભોગવવાનું આવે વગેરે વગેરે. પછી બાવાઓને પણ ફાવતું મળી જતું હોય છે ને એમનું પેટ ભરાતું રહેતું હોય છે !

મણિભાઈ સંઘવી જેવા ગાંધીજન ગભરાયા નહિ અને ડગ્યા નહિ. બાવાથી તો ન ડર્યા પણ બાવાને નામે ડરાવનાર લોકોથી પણ ન ડર્યા. એ અર્થમાં જે ''સ્વસ્થચિત્ત'' એવું વિશેષણ વપરાયું છે તે અર્થપૂર્ણ બની રહે છે. ભગવદ્ગીતા તો ઘણા વાંચે છે. તેમાં ચિત્ત સ્વસ્થ રાખવાની વાત થઈ છે. ગીતામાં પ્રયોજાયેલો શબ્દ તો સ્થિતપ્રજ્ઞ છે એટલે કે બુદ્ધિને, પ્રજ્ઞાને સ્થિર રાખવાની છે. અસ્થિર મનના કે અસ્થિર બુદ્ધિના થવાનું નથી.

આપણે વહેમ-અંધશ્રદ્ધા નિવારણના અને ચમત્કારોના પર્દાફાસના કાર્યક્રમો લોકોની વચ્ચે જઈને કરીએ છીએ. એ અંગેનું સાહિત્ય પ્રગટ કરીને વહેંચીએ પણ છીએ. આવી નિરાધાર વાતો પુરવાર કરી આપે તે માટે પડકાર ફેંકીએ છીએ. તે માટે ઈનામ પણ જાહેર કરીએ છીએ. અન્ય કોઈ નાગરિક આવા કાર્યક્રમો યોજવા માંગતો હોય તો એને તાલીમ આપી સાધન સામગ્રી અને જરૂરી રસાયણો પણ પૂરાં પાડીએ છીએ. આ બધું યોગ્ય છે અને જરૂરી પણ છે.

આ ઉપરાંત કરવા જેવું કામ હોય તો એ કે, જે લોકોએ આવી અંધશ્રદ્ધાનો સફળતાપૂર્વક સામનો કર્યો હોય એવા કિસ્સાઓ એકઠા કરીને પ્રગટ કરવા. માણસ માત્ર પ્રયોગો જોઈને શીખતો નથી. એ પ્રયોગો મુજબ સમાજમાં રહીને જીવન જીવનારા પણ છે તેઓ ભલે રેશનાલિસ્ટ તરીકે જાણીતા ન હોય, પણ એ બધા રેશનાલિઝમના માર્ગે ચાલનારા સહપ્રવાસીઓ જ છે. ભલભલા ડગી જતા હોય ત્યારે આવા લોકો પોતાના આત્મબળથી અડગ રહેતા હોય છે. આ બાબતે તેમના મનમાં કોઈ અવઢવ હોતી નથી. માઠાં પરિણામો મળવાનાં જ નથી. પણ કદાચને આવી પડે તો તેને અલૌકિક શક્તિ ગણવાને બદલે સામનો કરવા તૈયાર હોય છે. ચાલો, આપણે રેશનાલિઝમના માર્ગને આગળ વિસ્તારીએ.

**– ડંકેશ ઓઝા**

બાપુગીતિકાનાં સર્જક.... (પાન ૧૪નું ચાલુ)

બ્યુરોમાં તેમના ૩૦૦ કરતાં વધુ લેખો પ્રકાશિત થયા છે. તેમના કેટલાક લેખો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલોમાં પણ પ્રગટ થયા છે.

અનુવાદ ક્ષેત્રે પણ 'કર્મયોગ અને મોક્ષ' – ભગવદ્ગીતા પરનાં પ્રવચનો, 'ગાંધીજી'સ લોસ્ટ જ્વેલ હરીલાલ ગાંધી, 'જળ એ જ જીવન', 'ગાયત્રી મંત્ર' વગેરે છે. આ ઉપરાંત ચિલ્ડ્રન્સ બૂક ટ્રસ્ટ, નેશનલ બૂક ટ્રસ્ટ તેમજ અન્ય સંસ્થા માટે ૪૦૦થી વધુ પુસ્તકોનું ભાષાંતર કલ્પનાબહેને કર્યું છે.

ઑલ ઇન્ડિયા રેડિયો-વિદેશ પ્રસારણ વિભાગ દ્વારા વાર્તાલાપ કર્યા છે. ઓડિયો અને વિડીયો (દ્રશ્ય-શ્રાવ્ય) પ્રોડક્શનમાં ૫૦૦૦ કરતાં પણ વધુ રેડિયો કાર્યક્રમ તૈયાર કર્યાં છે. આવું બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતાં કલ્પનાબહેનને અભિનંદન. ''બાપુગીતિકા''ને આપણે વધાવીએ અને ગાંધી વિચાર-પ્રસાર માટેના એમના પ્રયાસને વધાવીએ.

**– ભદ્રા સવાઈ**

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં૰ મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ '**યજ્ઞ પ્રકાશન સમિતિ**'ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# પતંગ અને દોરી

**અ**જયે ઑફિસેથી આવીને હજી તો બૂટ પણ કાઢ્યા નહોતા ને એણે અરુણાને પૂછ્યું, ''રીંકી દેખાતી નથી! ક્યાં છે એ?''

''સવારે કહીને ગઈ છે કે, કૉલેજથી આવતાં આઠ-સાડા આઠ થઈ જશે.''

''અત્યાર સુધી કઈ કૉલેજ ચાલુ હોય? એણે કહ્યું ને તેં માની લીધું?''

''આટલા બધા અકળાવ છો શા માટે? પહેલાં પાણી પીને શાંત થાવ. આવી જશે હમણાં. કોઈ વાર વહેલું-મોડુંય થાય!''

અડધાએક કલાક પછી આવીને રીંકીએ અરુણા તરફ નજર કરીને કહ્યું, ''હું ફ્રેંડ્સ સાથે હોટેલમાં જમીને આવી છું.''

અરુણા કશું બોલી નહીં. રસોડાનું કામ આટોપીને એ બેડરૂમમાં ગઈ ત્યારે અજય ગુસ્સામાં આંટા મારી રહ્યો હતો. પત્નીને જોતાં જ એનો આક્રોશ બહાર આવ્યો.

''જોયું ને તેં? જાણે મને ઓળખતી જ નથી એમ રીંકી એના રૂમમાં ઘૂસી ગઈ. હું કારણ વિના ગરમ નથી થતો અરુણા, મેં એને બે-ત્રણ વખત એક ટપોરી જેવા છોકરાને ચીપકીને એની બાઈક પર બેઠેલી જોઈ છે.''

''આજ-કાલ તો બોયફ્રેંડ-ગર્લફ્રેંડનો જમાનો છે. વખત આવ્યે ઘીનાં ઠામમાં ઘી પડી રહેશે.'' બને ત્યાં સુધી આ બાપ-દીકરીની વાતમાં બોલવાનું અરુણા ટાળતી, પણ બીજે દિવસે નાસ્તો કરતી વખતે અજયે રીંકીને સીધું જ પૂછ્યું, ''મેં ગઈકાલે તને એક છોકરા સાથે બાઈક પર બેઠેલી જોઈ હતી. કોણ છે એ?'' ''મારો ફ્રેંડ છે. એનું નામ રિતેશ છે અને...''

''અને એ કરોડપતિ બાપનો દીકરો છે. રોજ ઊઠીને નવી નવી છોકરીઓને ફેરવે છે અને ઐયાશી કરે છે. આજ પછી એને મળવાનું બંધ નહીં કરે ત્યાં સુધી તારે ઘરમાંથી નીકળવાનું નથી.''

''પપ્પા, ધીસ ઇઝ નોટ ધ વે.''

''તારે મને વે બતાવવાની જરૂર નથી. મેં કહ્યું એ ફાઈનલ.''

એ બંનેની બોલાચાલી ચાલતી હતી ત્યારે અરુણાના હાથ-પગ પાણી પાણી થઈ રહ્યા હતા. એને સમજાતું નહોતું કે, આ પ્રકરણમાં એની ભૂમિકા શું હતી! ઑફિસે જતાં પહેલાં વળી પાછી અજયે સૂચના આપી, ''ગમે તેટલા ધમપછાડા કરે પણ એને ઘરમાંથી નીકળવા ન દેતી.''

અરુણાને માથે ધર્મસંકટ આવી પડ્યું એ વિચારી રહી,'આ ઘરમાં આવ્યાને મને તેર વર્ષ થયાં. પગ મૂક્યો ત્યારથી રીંકી મને મમ્મી કહીને બોલાવે, મારી નજીક આવે એ માટે મેં પ્રેમ અને નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા હતા અને અજયે મારી ભાવનાને પ્રમાણીયે હતી પણ મને મમ્મી કહેવાની વાત તો દૂર રહી, રીંકીએ કદી મારી આંખમાં આંખ નાખીને જોયું પણ નહોતું. અરે! કોઈ જાતનું સંબોધન પણ નહોતું કર્યું. બહુ જરૂર પડે ત્યારે સામે નજર કર્યા વિના કહેતી, ''કાલે લંચ બોક્સમાં આલુ પરાઠા બનાવી શકાય તો સારું.'' ''ગઈકાલે મારો ડ્રેસ ઈસ્ત્રીમાં આપ્યો હતો એ મળતો નથી.''

આમ એક છત નીચે રહેવા છતાં બંને વચ્ચે કોઈ સંબંધ પ્રસ્થાપિત નહોતો થયો, એમાં વળી આ કપરી જવાબદારી જરૂર મને વધુ અળખામણી બનાવશે.' એકાએક એનું ધ્યાન ગયું કે, રીંકી ક્યાંય દેખાતી નથી. એના પેટમાં ફાળ પડી. આવેશમાં આવીને કંઈ ઊંધું-ચત્તું તો નહીં કરી બેઠી હોય ને? શ્વાસભેર એ અગાશીમાં પહોંચી. પાળી પાસે ઊભી રહીને આકાશ તરફ તાકી રહેલી રીંકીને જોઈ એને હાશ થઈ. નજીક જઈને એણે પૂછ્યું, ''રીંકી, શું જોઈ રહી છે?''

''પતંગ.'' ટૂંકો જવાબ મળ્યો.

''તને ગમે છે ને પતંગ? મને પણ બહુ ગમે. ઘણી વાર વિચાર આવે કે, પહેલવહેલી કોને કલ્પના આવી હશે પતંગ બનાવવાની?''

''હશે કોઈ મારા જેવું, જેની પાંખો ફફડાવવા પર બંધન મૂકવામાં આવ્યું હશે ને એણે આકાશમાં ઊડવાની ઇચ્છા સાકાર કરવા પતંગની કલ્પના કરી હશે.''

આજે પહેલી વખત રીંકી એની સાથે આટલું લાંબું વાક્ય બોલી હતી.

''તારી પાંખો ફફડાવવા પર કોઈએ પ્રતિબંધ નથી મૂક્યો. ઊલટા તારા પપ્પા તો ઇચ્છે છે કે તું ખૂબ ઊંચી ઉડાન ભરે, ફક્ત એની દિશા સાચી હોવી જોઈએ, બસ.''

''દિશા સાચી છે કે નહીં એ કોણ નક્કી કરે?''

''એ તો દોરી જ નક્કી કરે. એની નજર સતત પતંગ પર જ રહે છે. તારા પપ્પા એ તારે માટે દોરી સમાન છે. તું ભલે એને બંધન માનતી હોય પણ ખરેખર તો માતા-પિતા સંતાનનું સુરક્ષા કવચ હોય છે. તેઓ પોતાનાં સંતાન પર એક ઉઝરડોય નથી પડવા દેતાં.''

અચાનક રીંકીનું ધ્યાન પીળી પતંગ પર ગયું. એ બોલી ઊઠી, ''આ પતંગની દોર કપાઈ ગઈ લાગે છે. એ હવામાં ફંગોળાઈ રહી છે. હવે એનું શું થશે?''

''કોઈ ઝાડની ડાળી પર અટકીને પછી પવનથી ફાટીને લીરેલીરા થઈ જશે કાં તો નીચે પડશે ને કોઈ લૂટારો એને લૂંટી લેશે.''

''તમે એવી રીતે બોલો છો જાણે આ બધું તમે અનુભવ્યું હોય!''

અરુણાએ નજીક જઈને રીંકીના ખભા પર હાથ મૂક્યો ને કહ્યું, ''હા, હું પણ જુવાનીના નશામાં દોરીની કિંમત નહોતી સમજી શકી. ઉપરછલ્લા આકર્ષણમાં ઘેલી થઈ ગઈ હતી. જે જીવનભર સાથ નિભાવશે એમ સમજતી હતી એની પાછળ પાગલ થઈને એક્કી ઝાટકે બધાં સગાં-સ્નેહીઓની દોર તોડીને દોડી ગઈ હતી. જ્યારે ભાન આવ્યું કે, મારી સાથે દગો થયો છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું.''

''ઓહ, હવે સમજાયું કે, તમે તમારાથી દસ વર્ષ મોટા અને બે છોકરાઓના બાપ એવા પપ્પા સાથે લગ્ન કેમ કર્યાં? માફ કરો, હું તમને સમજી ન શકી ને તમને ઘણું દુઃખ પહોંચાડ્યું.''

''કશો વાંધો નહીં. તને મારા જેવી ભૂલ કરતાં રોકવા માટે આજે મેં તારી સામે મારી જાતને ખુલ્લી મૂકી દીધી છે. હવે શું નક્કી કરવું એ તારા હાથમાં છે, પણ એક વાત સમજી લે કે, બધી અરુણાના નસીબમાં અજય જેવી સમજદાર વ્યક્તિ નથી હોતી એટલે એણે પછી નછૂટકે...''

''બસ, મમ્મી, હવે આગળ કશું ન બોલશો. તમને વચન આપું છું કે, આજથી મારી દોરને હું મજબૂતાઈથી પકડી રાખીશ.'' આંખોમાં આંસુ અને ચહેરા પર સ્મિત સાથે બેઉ એકબીજાને આલિંગી રહ્યાં.

(લતા અગ્રવાલની હિંદી વાર્તાને આધારે) **– આશા વીરેન્દ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦

Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara

Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org